પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

સુવિચાર

યુધ્ધ ભલે મેદાનનું હોય કે મનનું... ઘવાયા વિના માણસ ઘડાતો નથી...

# અબતક®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૧-૩-૨૦૨૬, બુધવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૩

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

ચણાદાલ... ચણાદાલ... ચણાદાલ
શોર્ટેક્સ - વિણાટ એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
☏ 98242 00970
અપ્પુ

### આર્થિક વોરમાં ભારતની સર્વોપરિતા સાબિત થઈ

# અમેરિકાના ૫૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર ૩૦૦ બિલિયન ડોલરનું રોકાણ કરશે રિલાયન્સઃ ટ્રમ્પ

## આ પ્રોજેક્ટ ટેક્સાસના બ્રાઉન્સવિલે પોર્ટ પર આકાર લેશે, જે અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું રોકાણ હશે




**અબતક, નવી દિલ્હી**

અત્યારના યુદ્ધ એ આર્થિક મોરચે લડવામાં આવી રહ્યા છે. દુશ્મન દેશ બીજા દેશમાં લોકોને મારવા યુદ્ધ લડતો નથી. તે તેના અર્થતંત્રને નુકસાન પહોંચાડવા યુદ્ધ લડે છે. આવી સ્થિતિમાં ભારતે પોતાની સર્વોપરિતા સાબિત કરી છે. ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અમેરિકામાં ૫૦ વર્ષ બાદ બનવા જઈ રહેલી પ્રથમ નવી ઓઈલ રિફાઈનરીમાં ભાગીદાર બનશે. આ ૩૦૦ બીલીયન ડોલરનો એક વિશાળ પ્રોજેક્ટ છે, જે અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં આવેલા બ્રાઉન્સવિલે પોર્ટ પર આકાર લેશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ અંગેની સત્તાવાર માહિતી આપી હતી અને તેને અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું રોકાણ ગણાવ્યું હતું.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટ શેર કરીને આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ નવી રિફાઈનરી 'અમેરિકા ફર્સ્ટ રિફાઈનિંગ' દ્વારા વિકસાવવામાં આવશે, જેમાં ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તરફથી રોકાણનો સહયોગ પ્રાપ્ત થશે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં ભારતના ભાગીદારો અને રિલાયન્સનો આ જંગી રોકાણ માટે વિશેષ આભાર માન્યો હતો. જોકે, આ અંગે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ અને વૈશ્વિક ઉર્જા સંકટ વચ્ચે આ ૩૦૦ બીલીયન ડોલરનું રોકાણ ઘણું મહત્વ ધરાવે છે. આ રિફાઈનરી બ્રાઉન્સવિલે પોર્ટ પર બનશે, જે ગલ્ફ કોસ્ટનું એક મુખ્ય શિપિંગ હબ છે. ડોનાલ્ડ ટ્રમ્પના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ અમેરિકાના સ્થાનિક બજારોને ઈંધણ પૂરું પાડશે અને સાથે જ વૈશ્વિક બજારમાં અમેરિકાની ઉર્જા નિકાસને પણ વેગ આપશે. તેનાથી

(અનુ. આઠમા પાને)

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ફસાયેલા ૩૮ ભારતીય જહાજોની સુરક્ષા માટે નેવી તૈનાત કરવા ભારતની વિચારણા

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારત સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થતા પોતાના કોમર્શિયલ જહાજોની સુરક્ષા માટે નૌકાદળના જહાજો (એસ્કોર્ટ) મોકલવા પર વિચાર કરી રહ્યું છે. મેરીટાઈમ ઓથોરિટીના વરિષ્ઠ અધિકારી પી.સી. મીનાના જણાવ્યા અનુસાર, ભારતીય શિપમાલિકોની સુરક્ષા અંગેની માંગણી બાદ આ પગલાંની સમીક્ષા થઈ રહી છે. સુરક્ષાના જોખમોને કારણે હાલમાં ૧,૧૦૦થી વધુ ખલાસીઓ સાથેના અંદાજે ૩૮ ભારતીય જહાજો પર્શિયન ગલ્ફ અને ઓમાનના અખાતમાં ફસાયેલા છે. ભારત તેની જરૂરિયાતનું ૫૫ ટકા ક્રૂડ ઓઈલ અને ૮૦ ટકા જેટલો એલપીજી અખાતી દેશોમાંથી આયાત કરે છે, જેનો સીધો આધાર આ જળમાર્ગ પર છે. આ ગંભીર પરિસ્થિતિને પગલે કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલે અધિકારીઓને ભારતીય ખલાસીઓ અને દરિયાઈ સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા સત્વરે નિર્દેશ આપ્યા છે. નોંધનીય છે કે, પાકિસ્તાને પોતાના કોમર્શિયલ જહાજોના સુરક્ષિત પરિવહન માટે નૌકાદળની સુરક્ષા વ્યવસ્થા શરૂ પણ કરી દીધી છે.

### છેલ્લા ૫૦ વર્ષમાં અમેરિકામાં કોઈ નવી રિફાઈનરી બની નથી

અમેરિકામાં છેલ્લા ૫૦ વર્ષથી કોઈ નવી ઓઈલ રિફાઈનરી બની ન હતી. 'અમેરિકા ફર્સ્ટ રિફાઈનિંગ' અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી બનનારી આ રિફાઈનરી અમેરિકાના ઉર્જા ક્ષેત્રે એક ઐતિહાસિક કદમ માનવામાં આવે છે.

### ૩૦૦ બિલિયન ડોલરનો ઐતિહાસિક પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટમાં ૩૦૦ બીલીયન ડોલરનું માતબર રોકાણ કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે તેને અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું રોકાણ ગણાવ્યું છે, જે દક્ષિણ ટેક્સાસ સહિત સમગ્ર અમેરિકાના અર્થતંત્રને નવી દિશા આપવાનો છે.

### વિશ્વની સૌથી સ્વચ્છ રિફાઈનરી હશે

પર્યાવરણના મુદ્દાને ધ્યાનમાં રાખીને આ રિફાઈનરીને અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે આ સુવિધાને 'વિશ્વની સૌથી સ્વચ્છ રિફાઈનરી' ગણાવીને પર્યાવરણને નુકસાન ન થાય તેવો દાવો કર્યો છે.

### દેણું કરીને ઘી પીવાય?

# સોનાના બોન્ડનું ચુકવણું આવતા સરકાર રૂ.૨.૯.લાખ કરોડ રિઝર્વ બેન્ક પાસેથી ઉપાડશે

## ગોલ્ડ બોન્ડની જવાબદારી અને સબસિડીનું ભારણ વધતા સરકારે વધારાના ખર્ચ માટે સંસદમાં પ્રસ્તાવ મૂકીને મંજૂરી માંગી

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે મંગળવારે સંસદમાં ૨.૮ લાખ કરોડ રૂપિયાથી વધુના વધારાના ખર્ચ માટે મંજૂરી માંગી છે. આ કુલ રકમમાંથી વાસ્તવિક રોકડ જાવક ૨ લાખ કરોડ રૂપિયાથી થોડી વધુ રહેશે. આ વધારાના ખર્ચનો મોટો હિસ્સો ગોલ્ડ સોવરિન બોન્ડની જવાબદારી પૂરી કરવા અને વધતા જતા ખાદ્ય તેમજ ખાતર સબસિડીના બિલને પહોંચી વળવા માટે ફાળવવામાં આવશે.

આ પ્રસ્તાવમાં સૌથી મોટી રકમ ૫૯,૦૦૦ કરોડ રૂપિયા ગોલ્ડ રિઝર્વ ફંડ તરફથી સોવરિન ગોલ્ડ બોન્ડ માટે ફાળવવામાં આવી છે. નાણાં મંત્રાલયે આ ખર્ચના ચોક્કસ કારણો અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી, પરંતુ બજારમાં સોનાના ભાવમાં થયેલા તીવ્ર વધારાને આ પાછળનું મુખ્ય કારણ માનવામાં આવે છે. આ ઉપરાંત અન્ય મહત્વના ખર્ચાઓ પણ આ પ્રસ્તાવમાં સામેલ કરવામાં આવ્યા છે.

સરકાર દ્વારા અન્ય ૩૦,૦૦૦ કરોડ રૂપિયા નગરપાલિકાઓ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ટ્રાન્સફર કરવા માટે અલગ રાખવામાં આવશે. આ સાથે જ ખાદ્ય અને ખાતર સબસિડી પેટે ૪૨,૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ સૂચવવામાં આવ્યો છે. આમ,



વિવિધ ક્ષેત્રોમાં સરકારની આર્થિક જવાબદારીઓ વધી રહી હોવાનું સ્પષ્ટ થાય છે.

આ બીજી પૂરક માંગણીઓ હેઠળ ચોખ્ખી રોકડ જાવક ૨ લાખ કરોડ રૂપિયા જેટલી મોટી હોવા છતાં, સરકારના વિવિધ મંત્રાલયોમાં થયેલી બચત દ્વારા તેને મોટાભાગે સરભર કરવામાં આવે તેવી શક્યતા છે. ઉદાહરણ તરીકે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના સુધારેલા અંદાજોને પહોંચી વળવા માટે ભારત સરકારના મહેસૂલી ખર્ચમાં ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ દરમિયાન ૩૦% નો નોંધપાત્ર વધારો કરવો પડશે, જેના માટે ૨.૩ લાખ કરોડ રૂપિયાની વધારાની રકમની જરૂર પડશે.

ઈકરાના પ્રિન્સિપાલ ઈકોનોમિસ્ટ અદિતિ નાયરે જણાવ્યું છે કે આ કારણોસર કોઈ મોટી નાણાકીય ખાધ ઉભી થવાની અપેક્ષા નથી. અગાઉ ગયા ડિસેમ્બરમાં, કેન્દ્ર સરકારે ૧.૩ લાખ કરોડ રૂપિયાના કુલ વધારાના ખર્ચ અને ૪૧,૪૫૫ કરોડ રૂપિયાના ચોખ્ખા વધારાના ખર્ચ માટે સંસદની મંજૂરી માંગતી પ્રથમ પૂરક માંગણીઓ રજૂ કરી હતી.

### મુખ્ય ખર્ચની વિગતો

- ગોલ્ડ સોવરિન બોન્ડઃ ૫૯,૦૦૦ કરોડ રૂપિયા
- ખાદ્ય અને ખાતર સબસિડીઃ ૪૨,૦૦૦ કરોડ રૂપિયા
- નગરપાલિકાઓને ફાળવણીઃ ૩૦,૦૦૦ કરોડ રૂપિયા

# ગરમીનો અસહ્ય ઉછાળો ચોમાસાને વીંખી નાંખશેઃ ડબલ્યુએમઓ

## અલનીનો સામાન્ય રીતે ભારતના દક્ષિણ-પશ્ચિમ મોન્સૂનને નબળો પાડે છે, મે થી જુલાઈ માસ દરમિયાન અલનીનો અસર ૪૦ ટકા સુધી વધશે તેવી આગાહી

**અબતક, રાજકોટ**

આ વર્ષે ચોમાસા દરમિયાન અલ-નિનોના ઉભરવાની સંભાવનાએ હવામાન વૈજ્ઞાનિકોની ચિંતા વધારી દીધી છે. શરૂઆતના પૂર્વાનુમાનો અનુસાર જુલાઈ-ઓગસ્ટ-સપ્ટેમ્બર દરમિયાન અલ-નિનોની સ્થિતિ સર્જાઈ શકે છે. જેની સીધી અસર ભારતના મોન્સૂન, તાપમાન અને કૃષિ પર પડી શકે છે. અમેરિકાની નેશનલ ઓશિયાનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન ઈશ્યુ કરેલા અલ-નિનો સદર્ન ઓસ્સીલેશનમાં કહેવામાં આવ્યું છે કે મોન્સૂનના બીજા ભાગમાં અલ નિનો બનવાની ૪૮ ટકા સંભાવના નથી. તેમજ-ન્યુટ્રલ સ્થિતિની ૪૫ ટકા સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, જ્યારે લા-નીનાની સંભાવના ૧૦ ટકાથી પણ ઓછી વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વૈજ્ઞાનિકોના પૂર્વાનુમાન પર વિશ્વાસ કરી શકાય કે આ વર્ષે ચોમાસુ નબળું રહી શકે છે. બીજી તરફ ઉનાળામાં પણ તાપમાન વધી રહેવાની આશા છે, ત્યારે દેશના વિવિધ ભાગોમાં પાણીની કમી રહી શકે છે. તેમજ અકાળ પડવા જેવી સંભાવનાઓ પણ લાગી રહી છે.ત્યારે ગરમીનો અસહ્ય ઉછાળો ચોમાસાને વીંખી નાંખશે?ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે જૂન-જુલાઈ-ઓગસ્ટ દરમિયાન અલ-નિનો ઉભરવાની આશંકા વધુ છે. મહાનિદેશક એમ. મોહોપાત્રાએ કહ્યું કે, “એવું કહેવું હાલ ઉતાવળ હશે કે અલ-નિનો કયા મહિનામાં સંપૂર્ણ રીતે વિકસિત હશે. આ ખૂબ જ શરૂઆતી અનુમાન છે અને આવનારા મહિનાઓમાં તસ્વીર વધુ સ્પષ્ટ થશે.જોકે, એ સંભાવનાએ પણ ચિંતા વધારી છે, કારણ કે અલ-નિનો વર્ષોમાં ભારતમાં સામાન્ય રીતે નબળું ચોમાસુ અને વધુ પડતી ગરમી જોવા મળે છે. ચોમાસા દરમિયાન અલ નિનોનું ઉભરવું એટલા માટે ચિંતાજનક છે કે ભારતીય ઈકોનોમી માટે ચોમાસુ જીવનરેખા સમાન છે. દેશની લગભગ ૫૧ ટકા કૃષિ ભૂમિ વરસાદ પર નિર્ભર છે, કે કુલ કૃષિ ઉત્પાદનના લગભગ ૪૦ ટકા જેટલું ઉત્પાદન આપે છે. આ ઉપરાંત દેશની ૪૭ ટકા વસ્તીની આજીવિકા સીધી રીતે કૃષિ સાથે સંબંધિત છે.

પાછલા અલ-નિનો અનુભવ પણ ચેતવણી આપે છે. ૨૦૨૩-૨૪નું અલ-નિનો ગ્લોબલ લેવલે રેકોર્ડ હાઈ ગરમીનું કારણ બન્યું હતું. યુરોપિયન સંઘની કોપર્નિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ અનુસાર, જુલાઈ ૨૦૨૩થી જૂન ૨૦૨૪ વચ્ચે ગ્લોબલ એવરેજ ટેમ્પરેચર ૧૯૯૧-૨૦૨૦ની એવરેજથી ૦.૭૬ ડિગ્રી સેલ્સિયસ અને ઈન્ડસ્ટ્રીયલ યુગથી પહેલાં (૧૮૫૦-૧૯૦૦)ના સ્તરથી ૧.૬૪ ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું હતું, જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. ૨૦૨૩માં અલ-નિનો જુલાઈ-ઓગસ્ટ દરમિયાન ઝડપથી વિકસ્યું હતું અને સપ્ટેમ્બર સુધીમાં મધ્યમ સ્તર સુધી પહોંચ્યું હતું. નવેમ્બર ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૪ વચ્ચે તે પોતાના પીક પર હતું. જો વર્ષ ૨૦૨૬માં ફરીથી અલ-નિનો ઉભરે છે, તો તેનાથી તાપમાનના નવા રેકોર્ડ બનવાની આશંકા છે, કારણ કે તે માનવ જનિત જળવાયુ પરિવર્તનથી થઈ રહેલી વૈશ્વિક ગરમીને વધારે છે. વર્લ્ડ મેટરોલોજીકલ ઓર્ગેનાઈઝેશનએ પણ ચેતવણી આપી છે કે અલ-નિનો અને લા-નીના જેવા પ્રાકૃતિક જળવાયુ ઘટનાક્રમ હવે માનવ ગતિવિધિઓથી પેદા થઈ રહેલા ક્લાઈમેટ ચેન્જના પરિવર્તનના વ્યાપક સંદર્ભમાં થઈ રહ્યા છે. જેનાથી પીક એટમોસ્ફિયર, તાપમાન અને ચોમાસાની પેટર્ન પર ઊંડી અસર થઈ રહી છે.

### ચોમાસાને કેવી રીતે અસર કરે છે અલનીનો અને લાનીનો?

**૧. અલનીનોઃ**

છેલ્લા કેટલાક સમયથી ઋતુઓમાં ભારે ગરબડ ગોટાળા ચાલી રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગના કારણે કમોસમી વરસાદ, હિમવર્ષા અને અસહ્ય ગરમી. જો તકેદારી નહીં રાખવામાં આવે તો માઠાં પરિણામો ભોગવવાં પડશે તેના પડઘા પડવાની શરૂઆત થઈ ચૂકી છે. આ બધી ઘટના પાછળ અલ નીનો નામનું પરિબળ જવાબદાર છે. અલ નીનોનાં સારાં અને ખરાબ પરિણામો તો ગુજરાતની સાથે સમગ્ર ભારત અને સમગ્ર વિશ્વ ભોગવતું આવ્યું છે. જો કે વિજ્ઞાને કરેલી પ્રગતિ એને શોધોને કારણે અલ નીનો વિશે મહિતી મેળવવાનું શક્ય બન્યું છે. અલ નીનો એ એક વૈજ્ઞાનિક ઘટના કે પ્રક્રિયા છે. જે સમુદ્રમાં આકાર લે છે. સમુદ્રના તાપમાનમાં થતો ફેરફાર એ અલ નીનોને અસર કરે છે. પેસિફિક મહાસાગર એ અલ નીનોનું જન્મસ્થાન છે. સમુદ્રના તાપમાનમાં જે ફેરફાર થાય છે તેની અસર વાતાવરણ પર પડે છે અને વાતાવરણમાં બદલાવની અસર પર્યાવરણ પર પડે છે અને અલ નીનોની ભૌગોલિક અસર સમગ્ર વિશ્વ પર પડે છે. એક રીતે અલ નીનોને કુદરતી આફત ગણવામાં આવે છે. અલ નીનો ડિસેમ્બર મહિનાથી એપ્રિલ મહિનાની વચ્ચે આકાર લે છે. નૈઋત્યમાંથી વાતા મોસમી પવનો જ્યારે પેસિફિક સમુદ્ર પરથી પસાર થાય છે ત્યારે સમુદ્રની સપાટી પર એક પ્રકારનું દબાણ ઉત્પન્ન થાય છે જેને કારણે હિંદ મહાસાગરની સપાટી પરનું દબાણ નીચું જતું રહે છે અને આ દબાણ હવામાન પર અસર કરે છે જેની અસર મોસમ અને ઋતુઓમાં બદલાવ સ્વરૂપે જોવા મળે છે. અલ નીનોને કારણે ક્યારેક અતિવૃષ્ટિ તો ક્યારેક અનાવૃષ્ટિનો પણ સામનો કરવો પડતો હોય છે.

**૨. લા નીનોઃ** જ્યારે પૂર્વીય પ્રશાંત મહાસાગર ક્ષેત્રની સપાટી પર હવાનું દબાણ ઓછું હોય છે, ત્યારે એક પરિસ્થિતિનું નિર્માણ થાય છે જેને લા નીના કહેવામાં આવે છે. જ્યારે આ પરિસ્થિતિ થાય છે, ત્યારે દરિયાની સપાટીનું તાપમાન નોંધપાત્ર રીતે ઘટે છે. જે વિશ્વભરના તાપમાનને અસર કરે છે. આ વર્ષે લા નીનાની અસર ભારતમાં જૂનથી જ જોવા મળશે. લા નીનાને કારણે વધુ વરસાદ અને સરેરાશ કરતાં વધુ ઠંડીની શક્યતા પણ વધી જાય છે. લા નીના નવ મહિનાથી એક વર્ષ સુધી ટકી શકે છે.



# ઈંધણની તંગી ઘટાડવા ૧૮ કરોડ બેરલ ક્રૂડ આંતરરાષ્ટ્રીય ઈંધણ એજન્સી છૂટું મૂકશે

## બજારમાં સ્થિરતા લાવવા માટે એજન્સીના વિકસિત સભ્ય દેશોની સંગઠિત કાર્યવાહી

**અબતક, નવી દિલ્હી**

વૈશ્વિક બજારમાં કાચા તેલના વધતા ભાવ અને ઈંધણની સંભવિત તંગીને પહોંચી વળવા માટે આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીએ એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. એજન્સીએ જાહેરાત કરી છે કે તે બજારમાં તેલનો પુરવઠો જાળવી રાખવા અને કિંમતોને અંકુશમાં લેવા માટે તેના વ્યૂહાત્મક અનામત ભંડારમાંથી ૧૮ કરોડ બેરલ ક્રૂડ ઓઈલ છૂટું મૂકશે.

વર્તમાન આંતરરાષ્ટ્રીય તણાવ, ખાસ કરીને મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના




સંઘર્ષને કારણે વૈશ્વિક તેલ પુરવઠા શૃંખલા ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. આ ભયના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે, જેની સીધી અસર સામાન્ય જનતાના ખિસ્સા પર પડી રહી છે.


એજન્સી દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય અત્યાર સુધીનો સૌથી મોટો 'ઈમરજન્સી ઓઈલ રિલીઝ' માનવામાં આવે છે. આ અગાઉ ૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન પણ આટલો જ મોટો જથ્થો તબક્કાવાર મુક્ત કરવામાં આવ્યો હતો. આ વખતે ૧૮ કરોડ બેરલ તેલ બજારમાં આવવાથી સપ્લાય અને ડિમાન્ડ વચ્ચેનું અંતર ઘટશે, જેનાથી સામાન્ય નાગરિકોને મોંઘા પેટ્રોલ-ડીઝલમાંથી રાહત મળવાની આશા છે.

એનર્જી એક્સપર્ટ્સના મતે, જો આ તેલ રિલીઝ કરવામાં ન આવે તો વૈશ્વિક અર્થતંત્રમાં ફુગાવો બેકાબૂ બની શકે છે. આંતરરાષ્ટ્રીય ઈંધણ એજન્સીના સભ્ય દેશો સંમત થયા છે કે ઉર્જા સુરક્ષા જાળવવા માટે આ વ્યૂહાત્મક ભંડારનો ઉપયોગ કરવો અત્યંત જરૂરી છે. આગામી દિવસોમાં આ નિર્ણયની અસર આંતરરાષ્ટ્રીય સ્ટોક માર્કેટ અને રિટેલ ઈંધણના ભાવ પર જોવા મળી શકે છે.

### દેશમાં ઈંધણની કોઈ અછત નહીં પડેઃ સરકારની ધરપત

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ઉર્જા સંકટની આશંકા વચ્ચે કેન્દ્ર સરકારે દેશવાસીઓને મોટી રાહત આપી છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ભારતમાં ઇંધણની કોઈ જ અછત નથી અને સરકાર સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. પુરવઠો જાળવી રાખવા માટે સરકારે 'આવશ્યક ચીજવસ્તુ ધારો' લાગુ કરીને રિફાઇનરીઓને રાંધણ ગેસ (LPG) નું ઉત્પાદન વધારવા આદેશ આપ્યો છે.

નવી વ્યવસ્થા હેઠળ, ઘરેલું ગ્રાહકોને પ્રાથમિકતા આપી ડગ્ત્રદ્દ અને ઈગ્ત્રદ્દ નો ૧૦૦ ટકા પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે, જ્યારે ઉદ્યોગો માટેના સપ્લાયમાં આંશિક કાપ મૂકી સ્થિતિને સંતુલિત કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પરના અવરોધોને જોતા સરકાર ઇંધણ આયાત માટે વૈકલ્પિક માર્ગો પર પણ કામ કરી રહી છે, જેથી દેશમાં ઇંધણનો સપ્લાય અવિરત ચાલુ રહે.



સપનાથી શરૂ થાય છે દરેક મહાન સફર

# સપના જોનારાઓ જ દુનિયાને નવી દિશા આપે: તમારા સપના, તમારી દુનિયા


## દરેક માનવી રોજ રાત્રે લગભગ બે કલાક સપના જોવામાં વિતાવે, એક વ્યક્તિને ચારથી છ સપના જ આવે છે: આપણને સપનું બહુ લાંબુ લાગે પણ, તે પાંચથી વીસ મિનિટનાં જ હોય છે

સપના છબીઓ, વિચારો, લાગણીઓ અને સંવેદનાઓની શ્રેણી છે. આધુનિક વિશ્વ એક એવી જગ્યા છે, જ્યાં દરેક માનવીના સપના ખરેખર સાચા પડે છે, શરત માત્ર એટલી કે તેને સાકર કરવા સતત પુરુષાર્થ કરતા રહેવું પડે છે. આપણને આપણા જ સપનાઓ બહુ યાદ પણ રહેતા નથી. પ્રાચિન સંસ્કૃતિમાં સપનાઓને દેવતાનો સંદેશો કહેવાતો હતો. સપના મેરા ટુટ ગયા આ ફિલ્મ ગીતની જેમ આપણા જીવનમાં સપનાઓ તૂટતા જોવા મળે છે. સામાન્ય રીતે આપણી આઠ કલાકની ઉંઘના ચાર તબકકામાં આંખોનું હલનચલન, અર્ધનિદ્રા, ગાઢ અવસ્થા સાથે નોન-રેપિડ આઈમુવમેન્ટને સ્લીપ કહેવામાઆવે છે, સપના જોવાનું કારણ આપણુ સુખ-દુઃખ અને સારા નરસા પ્રસંગોના અનુભવો છે. આપણા માનસપટ પર રમતી ઈચ્છાઓ કે સવારથી જ સાંજની દિન ચર્યા ના પ્રસંગો સાથે સતત વિચારને કારણે લગભગ દરેકને સ્વપન આવતા હોય છે.

આજે રાષ્ટ્રીય ડ્રીમ ડે છે, ત્યારે સદીઓથી તેની દુનિયા એક રહસ્ય જેવી છે. દરેકના જીવન સાથે સપનાઓને ઉંડો સંબંધ હોય છે. જયોતિષશાસ્ત્રમાં તેને ભવિષ્ય અને ભૂતકાળ સાથે જોડવામાં આવે છે. એક લોકવાયકા મુજબ ભવિષ્યમા બનનારી ઘટના આપણને પહેલા સપનામાં આવતી હોવાનું મનાય છે. આપણા પરિવારજનોમાં જેની સાથે લાગણી વધુ બંધાઈ હોય તેના મૃત્યુબાદ તેના સપના વિશેષ આવતા હોય છે. આપણી હિન્દી ફિલ્મોમાં પણ સપના કે ખ્વાબ શબ્દોથી ઘણા જાણીતા ગીતો જોવા મળે છે.

મૃગજળના અનુભવો સાથે સપનાના અનુભવની સરખામણી કરવામ આવે છે. કોઈ વાત કે વિચારનું સતત રટણ તેની આસપાસની વિગતોને લઈને સપનાઓ બવધુ આવે છે. સપનાએ કુદરતી અને જટીલ ઘટના છે. આજ સુધી તેનો કોઈ ચોકકસ હેતુ આધુનિક વિજ્ઞાન શોધી શકયો નથી. રાત્રે સુતી વખતે શરીરના મગજ સીવાય બધા અંગોને આરામ મળતો હોય ત્યારે, સતત વિચારો ચાલવાની પ્રક્રિયાને કારણે માણસ જે ઝંખતો હોય તે વિષયક સપનાઓ આવે છે. સપનાઓ સારાઅને ખરાબ બંને આવતા હોવાથી ઘણીવાર તે આપણી ઉંઘ પણ ઉડાડી દે છે. સપનાઓ આપણને રોમાંચિત પણ કરી દે છે, તે હંમેશા અલગ અલગ આવતા હોય છે. સપનાઓ આપણા આત્માને અભિવ્યકત કરે છે. તે આપણાં વ્યવહારો વિશે પણ ઘણીવાર વાતો કહી જાય છે. ઘણાની ઈચ્છાઓ અધુરી રહેવાથી તે તમારી પાસે સપનાના માધ્યમ વડે મદદ માંગે છે, એવું પણ મનાય છે. સપનાઓ આવે તે કોઈ ચિંતાની વાત જ નથી. ઘણા સપનાઓ શુભ-અશુભ પણ માનવામાં આવે છે. આપણું સપના ઉપર કોઈ નિંયંત્રણ ન હોવાથી તે ગમે તેવા આવી શકે છે, એક વાત છેકે તેને આપણાં વિચારો સાથે સંબંધ છે. ઘણા લોકોને ભગવાનના સપના આવતા હોય છે. તો નદી-તળાવ, જંગલો, પ્રાણીઓ વિગેરેના સપનાઓ આવે છે. એક વાયકા મુજબ ફુલના સપનાઓ આવે તો ભવિષ્યમાં સંપતિ મળવાનો શુભસંકેત આપે છે. ગમે તે સપનાઓ હોય તેનો તમારા ભૂતકાળ સાથે સીધો સંબંધ જોવા મળે છે. સપના હંમેશા રાત્રે ઉંઘમાંજ આવે છે, અને વહેલી સવારે આવેલા સપનાઓ સાચા પડે તેવું પણ માનવામાં આવે છે. ઘણીવાર એવા સપનાઓ પણ આવે છે કે જેનો આપણા જીવન સાથે કોઈ સંબંધ હોતો નથી. આપણી પરંપરાઓમાં તેને શુભ અશુભ સાથે જોડીને ઘણી લોકવાયકા છે, જેમાં દરિયાના પાણીના સપનાને અશુભ ગણાય છે. મોટાભાગના લોકો પોતાના સપનાઓ બીજા સાથે શેર કરતા નથી, પણ જયારે કોઈ ઘટના નિર્માણ થાય તો તે વ્યકિત તેની વાત કરતી હોય છે. સપનાઓની ઉંચાઈ વ્યકિત તરીકે અને સામુહિક તરીકે આગલા સ્તર સુધી લઈ જવા ધ્યાન કેન્દ્રીત કરે છે. આજના દિવસે દરેકને સકારાત્મક સપનાઓ જોવા અનુરોધ કરાયો છે. વિશ્વના વિખ્યાત ફિલ્મ નિર્માતા જેમ્સ કેમરોન બીમાર પડતા તેને આરામ કરવો પડયો, જેમાં તેને સતત વિચારો આવતા તેથી ફિલ્મ ધ ટર્મિનેટર બનાવી હતી. સપનાઓને સાચા પાડવા હોય તો તેને અનુસરવાની હિંમત કેળવવી પડે છે. બાળથી મોટેરા બધાએ સપનાતો આવે છે. આ દિવસની સ્થાપના ૨૦૧૨માં શિક્ષક અને પરિવર્તનશીલ વ્યૂહરચના એઝીઓમાં એગ્વુનવુ દ્વારા કરવામા આવી હતી. દરેક સ્વપનની શરૂઆત સ્વપન દ્રષ્ટાથી થાય છે. દરેક વ્યકિતમાં દુનિયાને બદલવાની તાકાત ધૈર્ય, જુસ્સો આપેલો છે. તેથી સપના જોવાનો તમામને હકક છે. ગરીબ હોય કે શ્રીમંત દુનિયામાં દરેકમા કોમન વાત એ છે કે દરેકને સપનાઓ આવે છે. દરરોજ રાત્રે વિશ્વનિંદ્રામાં હોય ત્યારે એક અતિ વાસ્તવ વિશ્વ આપણા મગજમાં પ્રગટ થાય છે. ભેદી રાત્રીના પ્રદર્શનની વાત, વિચારો સદીઓથી માનવને આકર્ષે છે. સાવ નાનાકડું બાળક ભર ઉંઘમાં પણ કયારેક તમને હસતુ જોવા મળે છે, ત્યારે આપણને અચરજ થાય છે, પણ તે પણ વિચારતું હોવાથી આ ઘટના નિર્માણ થાય છે. સપનાની દુનિયાને જાણવા સમજવા ઉંડાણનું અધ્યયન જરૂરી છે. આપણા મનને તે પ્રતિબિંબત કરે છે, લાગણીઓ અને ડર ને પ્રગટ કરે છે. ઉંઘની ગુણવતા સપનાને યાદ અને ભાવનાત્મક સુખાકારીને અસર કરે છે. સપનાઓ આપણા માનસીક અનુભવો છે, જે ઉંઘ દરમ્યાન જ થાય છે. જયારે આપણે સપના જોતા હોઈએ ત્યારે આપણું મગજ અત્યંત સક્રિય હોય છે. બંધ આંખોએ જોવાતા સપનાઓની મીઠાસ પણ કંઈક ઔર રોમાચ પેદા કરે છે. આપણા અજાગૃત વિચારો અને લાગણીઓને કારણે તે પ્રભાવિત થાય છે. સપનાઓનું અર્થઘટન દરેક વ્યકિતએ અલગજોવા મળે છે. સપનાઓ આપણા મનનો અરીસો છે. આપણી લાગણી અને માનસીક સ્વાસ્થ્ય તેની સાથે ગુંથાયેલું જોવા મળે છે. ઘણીવાર આપણો તણાવ ચિંતા અને વણઉકેલાઈ લાગણીઓ સ્વપન સ્વરૂપે પ્રગટ થાય છે. તમારા સપનાને અધુરા રહેવા દેવા માટે જીવન ખુબ નાનું છે, તેને સાકાર કરવા પ્રારંભ કરવા કયારેયમોડુ ન કરશો. આપણા બધાની સારી આવતીકાલ માટે આકાંક્ષાઓ અનેલક્ષ્યો છે. સપના સાકાર કરવા ઘણી બધી અડચણોનો સામનો કરવો પડે છે.આ ગ્રહ પર રહેતો કોઈપણ માનવી સ્વપનથી બાકાત નથી દરેક સ્વપનમાં રહેલા ભવિષ્ય એક આશા છે. દરેક સ્વપન દ્રષ્ટાની અંદર રહેલી સંભવિત સંપત્તિ છે.સપનાઓ માનવ ક્ષમતાને બહાર લાવવાનો પ્રયાસ કરે છે. એક નાનકડા સપના કે વિચારમાં દુનિયાને બદલી નાંખવાની તાકાત હોય છે. સપનામાં તમે આ ગ્રહ ઉપર ગમે ત્યાં વગર ખર્ચે જઈ શકો છો.






નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

**આધુનિક મનોવૈજ્ઞાનિકના મતે સુતી વખતે થતા ચેતનાના અનુભવને સ્વપન કહે છે: સ્વપનાની દુનિયા વિશે હંમેશા રહસ્ય રહ્યું છે, પણ આપના જીવન સાથે તેનો ઊંડો સંબંધ છે**

**વિશ્વના મુખ્ય ધર્મમાં સપનાને સ્થાન અપાયું છે : માંડુક્ય ઉપનિષદમાં, ભારતીય હિન્દુ ધર્મના વેદ ગ્રંથોના ભાગમાં સપનાને ત્રણ અવસ્થા ગણાવી છે: સપના એ માત્ર આંતરિક ઈચ્છાઓની અભિવ્યક્તિ, આત્મા તેના જીવનકાળ દરમિયાન અનુભવે, તે જાગવાની અવસ્થા અને ઊંઘની અવસ્થા જેવા સપનાના ત્રણ ભાગ પડે છે**


વિદ્યાર્થીઓને હવે મળશે શુદ્ધ અને પૌષ્ટિક ભોજન

# ગોંડલની ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિશ્વવિખ્યાત ‘સોડેક્સો’ કિચન અને ડાઈનિંગ સુવિધાનો પ્રારંભ

## ભુવનેશ્વરી પીઠના આચાર્ય ઘનશ્યામજી મહારાજના હસ્તે ઉદઘાટન

**અબતક હરેશ ગણોદિયા ગોંડલ**

શિક્ષણ ક્ષેત્રે અગ્રણી ગોંડલની ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓના આરોગ્ય અને સુવિધામાં વધારો કરતા એક મહત્વપૂર્ણ સોપાન સર કરવામાં આવ્યું છે. વિશ્વપ્રસિદ્ધ ’સોડેક્સો’ (Sodexo) સંસ્થાના સહયોગથી તૈયાર કરાયેલા અદ્યતન કિચન અને ડાઈનિંગ હોલનું ભુવનેશ્વરી મંદિરના આચાર્ય શ્રી ઘનશ્યામજી મહારાજના હસ્તે મંત્રોચ્ચાર અને રિબન કટિંગ સાથે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આખું સંકુલ ઉત્સવમય બની ગયું હતું. હોસ્ટેલની વિદ્યાર્થિનીઓએ પારંપરિક રીતે રંગોળી અને તોરણોથી ડાઈનિંગ એરિયાને શણગાર્યો હતો અને સોડેક્સોની ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. કેક કટિંગ અને હર્ષોલ્લાસ સાથે શરૂ થયેલી આ નવી પહેલથી વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સુવિધા દ્વારા હવે સ્કૂલના બાળકોને આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબનું સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ભોજન ઉપલબ્ધ થશે.



ટીમનું કુમકુમ તિલકથી સ્વાગત કર્યું હતું. ઉદઘાટન નિમિત્તે વિદ્યાર્થીઓ માટે ખાસ ‘‘રોક ઓન મેનુ‘‘ અંતર્ગત મોકટેઈલ, સ્ટાર્ટર્સ અને વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવામાં આવી હતી.

સ્કૂલના ફાઉન્ડર અને ચેરમેન સંદીપ છોટાળાએ આ સુવિધાને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય ગણાવી સોડેક્સોની

# ભાયાવદરમાં સ્વદેશી મેળાનો પ્રારંભ

**અબતક, હાર્દિક રાવલ, ભાયાવદર**

સ્થાનિક વેપારીઓ અને આયોજકોના સહકારથી યોજાયેલા આ મેળાનો હેતુ સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો અને સ્થાનિક ઉદ્યોગોને વિકાસ તરફ આગળ ધપાવવા નો છે.

મેળામાં હસ્તકલા ઘરગથ્થુ ઉપયોગી સામગ્રી અને કપડાં સહિત વિવિધ સ્વદેશી ઉત્પાદનોના સ્ટોલ મુકવામાં આવ્યા છે. નગરજનોમાં મેળા પ્રત્યે ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં લોકોએ મુલાકાત લીધી હતી. ભાયાવદર નગરપાલિકા દ્વારા નગરજનોને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અપીલ કરવામાં આવી છે. તે કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો નગરપાલિકાના પ્રમુખ રેખાબેન સીણોજીયા ઉપપ્રમુખ સંજયભાઈ પરમાર ચીફ ઓફિસર દેવાભાઈ કંડોરીયા તથા નગરપાલિકાના અન્ય સમીતીના ચેરમેન શહેર ભાજપ સંગઠન ના હોદેદારો નગરપાલિકાના કર્મચારીઓ અને ભાયાવદર શહેરના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# આજના સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રે આગળ અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા

## અમરેલીમાં મહિલા દિને સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનાર મહિલાઓ અને સમરસ ગ્રામ પંચાયતના મહિલા સરપંચોનું સન્માન

**અબતક**
**પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહિલા સંમેલન-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનાર મહિલાઓ તથા વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ હાંસલ કરનાર દીકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને સહાય આપવામાં આવી હતી.

મહિલા સંમેલન દરમિયાન વ્હાલી દીકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજનાના મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાના ચેક, દીકરી વધામણા કીટ, હાઈજીન કીટ તેમજ અનાથ દીકરીઓને સહાયરૂપ કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં મહિલા નેતૃત્વ મજબૂત બને તે હેતુસર કાર્યક્રમમાં જિલ્લાના સમરસ મહિલા ગ્રામ પંચાયતના સરપંચો અને મહિલા ઉદ્યમીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ પણ જણાવ્યું હતું કે આજના સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં નેતૃત્વ સાથે આગળ વધી રહી છે.




## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૧-૦૩-૨૦૨૬ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ વડાપાઉં)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૨-૦૩-૨૦૨૬ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૨-૩-૨૦૨૬ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ નોમ
**નક્ષત્ર** મૂળ
**યોગ** સિધ્ધિ **કરણ:** તૈનિલ
**સુર્યોદય** ૭.૦૧ **સુર્યાસ્ત:** ૬.૫૪
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩.૦૦
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૮ | ૧ | | | | | |
| ૯ | ૧ | | | | ૪ | ૩ | | ૭ |
| | ૨ | ૬ | | | | ૯ | | ૮ |
| | ૬ | | ૪ | ૩ | | ૧ | | ૫ |
| ૫ | | ૯ | | ૧ | ૭ | | ૬ | |
| | | | | | | | | |
| | ૪ | | | | ૧ | | | |
| | | ૩ | ૭ | ૬ | ૯ | | ૮ | |
| | ૯ | | | | | | ૭ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૪ | ૩ |
| ૪ | ૭ | ૧ | ૬ | ૮ | ૩ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૩ | ૬ | ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૭ |
| ૨ | ૫ | ૮ | ૭ | ૪ | ૧ | ૩ | ૬ | ૯ |
| ૩ | ૪ | ૯ | ૨ | ૬ | ૫ | ૧ | ૭ | ૮ |
| ૬ | ૧ | ૭ | ૩ | ૯ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૮ | ૬ | ૩ | ૧ | ૭ | ૪ | ૯ | ૨ | ૫ |
| ૧ | ૯ | ૪ | ૮ | ૫ | ૨ | ૭ | ૩ | ૬ |
| ૭ | ૨ | ૫ | ૯ | ૩ | ૬ | ૪ | ૮ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૨.૩.૨૦૨૬ ગુરુવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ નોમ, મૂળ નક્ષત્ર, સિદ્ધિ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.
**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.
**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**કર્ક (ડ,હ) :** શત્રુઓથી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે.
**સિંહ (મ,ટ) :** સંતાન અંગે સારું રહે, અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.
**તુલા (ર,ત) :** નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્યમાં લાભ મેળવી શકો.
**વૃશ્ચિક (ન,ય) :** આર્થિક બાબતોમાં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.
**મકર (ખ,જ) :** ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું, વધુ વિશ્વાસે ના ચાલવું.
**કુંભ (ગ,સ,શ ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.
**મીન (દ,ચ,ઝ,થ) :** નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# શુભનો સ્વીકાર ભારતનો અધ્યાત્મનું ઉજળું અંગ: પૂ. મોરારિબાપુ

## બગસરામાં માનસ મેઘાણી રામકથામાં આધ્યાત્મીકતાનું મહત્વ સમજાવ્યું



**અબતક, સમીર વિરાણી, બગસરા**

મહાત્મા ગાંધીજીએ જેમને રાષ્ટ્રીય શાયરના ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલા છે તેવા સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની ઝવેરચંદ મેઘાણીની પુણ્યસ્મૃતિમાં એમના વડવાઓના વતન બગસરા ખાતે મોરારીબાપુના શ્રીમુખેથી માનસ મેઘાણી રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે.

માનસ મેઘાણી કથામાં બગસરાની ઔતિહાસિક ભૂમિને વંદન કરીને કથા પ્રારંભ થયો હતો. બાપુએ કહ્યું હતું કે સૂર્ય પૂર્વમાં નથી ઊગતો જે જગ્યાએ સૂર્ય ઊગે છે તે પૂર્વ છે.

મેઘાણીજીની પ્રતિભાને કેન્દ્રમાં રાખીએ કહ્યું હતું કે સર્જકને આંગણે ઊગતો સૂર્ય નોખો હોય છે.જ્યાં સૂર્ય ઊગે છે ત્યાં પૂર્વના સંસ્કાર પણ જાગે છે. વધુમાં કહ્યુ હતું કે જ્યાં સૂર્ય ઊગ્યો ત્યાં ઈસ્ટ બાકી બધું વેસ્ટ. કથામાં એ.આઈ. વિશે વાત કરતાં કહ્યું હતું કે એ.આઈ. દ્વારા કામ તો થશે યંત્ર આવશે મંત્ર ક્યાંથી આવશે? બહુ તો એવું બનશે પૂતળા બોલશે અને સામે પૂતળા સાંભળશે આપણે ધાર્યું કામ પણ કરાવશુ પણ સંવેદના ક્યાંથી લાવશું? કથામાં ગંગા સતીના ભજન 'શીલવંત સાધુને વારેવારે નમીએ'પદનો ઉલ્લેખ કરતા બાપુએ કહ્યું હતું કે બાધકને ભવિષ્ય કાળ હોય છે, સાધકને ભૂતકાળ હોય છે, જ્યારે સાધુને તો હંમેશા વર્તમાન હોય છે આજની કથામાં બાપુએ ભારતના અધ્યાત્મ વિશે બહુ જ નોંધપાત્ર બાબત કરી હતી બાપુએ કહ્યું હતું કે શુભનો સ્વીકાર એ ભારતનો અધ્યાત્મનું ઉજળું અંગ છે કથામાં મેઘાણીજીએ સંપાદિત કરેલા સંતોનું ચરિત્ર અને ભજન વાણીનો ખાસ ઉલ્લેખ કર્યો હતો, તો મેઘાણીની કથાઓમાં આવતા બહારવટીયાઓના ચરિત્રો વિશે પણ વાત કરી હતી અને જોગીદાસ ખુમાણ અને રામવાળા સહિત બારવટીયાઓના જીવનમાં રહેલા ઉદ્દાત સંસ્કારોની વાત કથાના નિમિત્તે પ્રસ્તુત કરી હતી મેઘાણીની ત્રાજવા કવિતાનો સંદર્ભ લઈને પૂજ્ય બાપુએ કહ્યું હતું આપણે હાથમા ત્રાજવું તો ફાવીએ છીએ ત્યારે બીજો હાથ આપોઆપ તેની સાથે જોડાઈ જાય છે અને બંનેની વચ્ચે બેલેન્સ કે સંતુલન આવી જાય છે અને એ રીતે કર્મમાં સંતુલન આવે છે,ક્રિયામાં સંતુલન આવે છે અને સમાજમાં સંતુલન આવે છે. આજની કથામા પણ મોટી સંખ્યામાં કથાપ્રેમી અને મેઘાણી પ્રેમી ઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પૂ.મોરારિબાપુના હસ્તે મેઘાણી ગાથા સચિત્ર પ્રદર્શનનું ઉદ્‌ઘાટન



ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી દ્વારા પરિકલ્પિત-આલેખિત ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્યને નિરૂપતું રસપ્રદ, માહિતીસભર, અધિકૃત સચિત્ર પ્રદર્શન મેઘાણીગાથાનું મોરારિબાપુના વરદ-હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું. મોરારિબાપુએ પ્રદર્શનને રસપૂર્વક નિહાળીને, રાજીપો વ્યકત કરીને, પિનાકી મેઘાણીને આશીર્વાદ આપ્યા હતા.

ઝવેરચંદ મેઘાણીના પરિવારમાંથી પુત્ર અશોકભાઈ મેઘાણી (અમેરિકા), પૌત્રી મંજરીબેન મેઘાણી (અમદાવાદ) અને પ્રપૌત્ર યશભાઈ મેઘાણી (ભાવનગર) ઉપરાંત ભારત સરકારના ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, રાજકોટ લોકસભા સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે. વી. કાકડીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ સહિતના વિશેષ ઉપસ્થિત રહી હતી. ગુર્જર સાહિત્ય પ્રકાશન (અમદાવાદ) દ્વારા સમગ્ર મેઘાણી-સાહિત્યનું પ્રદર્શન તથા ૨૫% વિશેષ વળતરે વેચાણની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# શહેરોમાં હવા અને તળાવોની ગુણવતા સુધારવા 'લેક એન્ડ એરવોચ' સિસ્ટમ

## ૧૭ મહાપાલિકા અને ૧૫૨ નગરપાલિકા વિસ્તારોમાં એર ક્વોલિટી મોનિટરિંગ અને તળાવોના મોનિટરિંગ માટે સિસ્ટમ અમલમાં મૂકાશે

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા તળાવો અને હવાની ગુણવત્તાનું રિયલ-ટાઈમ મોનિટરિંગ સુનિશ્ચિત કરવા લેક એન્ડ એર વોચ પહેલ શરૂ કરવામાં આવશે.

ઝડપથી વધી રહેલા શહેરીકરણના કારણે તળાવોનું પ્રદૂષણ, પાણીની ગુણવત્તામાં ઘટાડો, ભૂગર્ભ જળના કુદરતી રિચાર્જમાં ઘટાડો અને ગીચ વિસ્તારોમાં હવાની ગુણવત્તા પર અસર થઈ રહી છે. આ પડકારોને ધ્યાનમાં રાખીને 'લેક એન્ડ એર વોચ' પહેલ અંતર્ગત વિવિધ વિભાગોમાં કાર્યરત મોનિટરિંગ વ્યવસ્થાઓને એકીકૃત કરવામાં આવશે જેથી સમયસર કાર્યવાહી સુનિશ્ચિત થાય.

આગામી સમયમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા એક સંકલિત, ડિજિટલ અને રિયલ-ટાઈમ માહિતી આપતું પ્લેટફોર્મ વિકસાવવામાં આવશે, જેના માધ્યમથી રાજ્યના શહેરોમાં તળાવો તથા હવાની ગુણવત્તા પર દેખરેખ રાખી શકાશે અને સમયસર ચેતવણી મળ્યા બાદ કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાશે.

હાલ શહેરોમાં આવેલા તળાવોમાં પ્રદૂષણ, કાંપ ભરાવ અને પાણીની ગુણવત્તામાં ઘટાડો જેવી સમસ્યાઓ જોવા મળે છે. લેક એન્ડ એર વોચ પહેલ અંતર્ગત સેટેલાઈટ ટેકનોલોજી દ્વારા તળાવોના વિસ્તાર, ગંદકીના સંકેતો અને શેવાળ જેવા પરિબળોનું વિશ્લેષણ કરી સમયસર ચેતવણી આપવામાં આવશે, જેથી તળાવોના સંરક્ષણ માટે સમયસર કાર્યવાહી શક્ય બનશે.

આ ઉપરાંત, રાજ્યની ૧૭ મહાનગરપાલિકા અને ૧૫૨ નગરપાલિકા વિસ્તારોમાં એર ક્વોલિટી મોનિટરિંગ પોઈન્ટ્સ સ્થાપિત કરવામાં આવશે. આ ઉપકરણો દ્વારા રિયલ-ટાઈમ હવાની ગુણવત્તા અંગેની માહિતી ઉપલબ્ધ થશે. એકયુઆઈમાં વધારો થવા પર આપમેળે એલર્ટ જનરેટ થશે, જેના આધારે સંબંધિત વિભાગો તાત્કાલિક પગલાં લઈ શકશે. આ પહેલ શહેરી સ્તરના જીવન માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

શહેરોના તળાવો અને હવાની ગુણવત્તાનું મૂલ્યાંકન કર્યા બાદ તેની માહિતી રાજ્ય કક્ષાએ એકત્ર કરવામાં આવશે. આ ડેશબોર્ડમાં મેપ્સ, ટ્રેન્ડ્સ, એલર્ટ અને કામગીરીની સ્થિતિ અંગેની માહિતી ઉપલબ્ધ થશે. પરિણામે, વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધશે અને સમયસર કામગીરી સુનિશ્ચિત થશે. નાગરિકોને પણ પારદર્શક રીતે માહિતી ઉપલબ્ધ બનશે, જેના કારણે જનજાગૃતિમાં વધારો થશે.

લેક એન્ડ એર વોચ પહેલ રાજ્યમાં આબોહવા પરિવર્તન સામે શહેરોના ટકાઉ વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

# જૂનાગઢના નવનિયુક્ત રેન્જ આઈ.જી રાજેન્દ્રસિંહ ચુડાસમાએ સોમનાથ મહાદેવના દર્શન કરી કાર્યનો પ્રારંભ કર્યો

## મહાદેવના દર્શન બાદ આઈ.જી આર.વી. ચુડાસમાએ કહ્યું – ગુજરાત પોલીસ હંમેશા પ્રજાની સેવા અને સુરક્ષા માટે પ્રતિબદ્ધ



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ ખાતે જૂનાગઢ રેન્જના નવા આઈજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમાએ દર્શન કરી પોતાની નવી જવાબદારીનો પ્રારંભ કર્યો હતો. ચાર્જ સંભાળતા પૂર્વે તેમણે ભગવાન સોમનાથના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આઈજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમા સોમનાથ પહોંચતા પ્રથમ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ખાતે એસ.પી. જયદીપસિંહ જાડેજા અને ડીવાયએસપી વી.આર. ખેંગાર દ્વારા પુષ્પગુચ્છથી તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. પોલીસ સ્ટાફ દ્વારા તેમને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ સોમનાથ મહાદેવના દર્શનાર્થે પહોંચ્યા હતા, જ્યાં મંદિર ટ્રસ્ટ વતી સુરુભા જાડેજા અને ઉમેદસિંહ જાડેજાએ તેમનું સ્વાગત કર્યું હતું. આર.વી. ચુડાસમાએ સોમનાથ મહાદેવને જળાભિષેક સાથે પૂજા-અર્ચના કરી શીશ ઝુકાવ્યું હતું. સોમનાથ મંદિરમાં દર્શન કર્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં આઈજીપી ચુડાસમાએ જણાવ્યું હતું કે સોમનાથ સાથે તેમનો ભાવનાત્મક સંબંધ રહ્યો છે. તેમની પોલીસ કારકિર્દી દરમિયાન ડીવાયએસપી અને એસપી તરીકેના મહત્વના પોસ્ટિંગ સોમનાથ વિસ્તારમાં રહ્યા હતા, જેના કારણે તેઓ આ વિસ્તાર અને અહીંની પ્રજાની ભાવનાઓથી નજીકથી પરિચિત છે. તેમણે વધુમાં જણાવ્યું કે ગુજરાત પોલીસ હંમેશા પ્રજાની સેવા અને સુરક્ષા માટે પ્રતિબદ્ધ રહી છે. આ તકે અખીલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતી ગીરસોમનાથ જીલ્લા પત્રકાર સંઘના પ્રમુખ મિતેષ પરમાર દ્વારા ફૂલહાર તેમજ સાલ ઓઢાડી આઈજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમાનુ સન્માન કરાયુ હતુ જેમા પત્રકાર મિત્રો સાથે જોડાયા હતા .

# ભાવનગરથી દિલ્હી વચ્ચે ટ્રેન સેવા શરૂ કરવા સાંસદ શક્તિસિંહ ગોહિલની માંગ

## એરપોર્ટ સંપૂર્ણ બંધ હાલતમાં હોય દિલ્હી સુધીની ટ્રેન આપવા કરી રજુઆત



**અબતક, રાજકોટ**

ભાવનગરથી દિલ્હી માટે સીધી ટ્રેન સેવા શરુ કરવાનો મુદ્દો રાજયસભામાં શક્તિસિંહ ગોહિલે ઉઠાવ્યો કે, ભાવનગર વેસ્ટર્ન રેલ્વેનું ડિવિઝન છે અને ગુજરાતના સૌરાષ્ટ્રનું મુખ્ય શહેર પણ છે. એશિયાનું સૌથી મોટું શીપબ્રેકીંગ યાર્ડ અને જૈન ધર્મના અનુયાયીઓનું અત્યંત પવિત્ર શાશ્વત તીર્થધામ પાલીતાણા એ ભાવનગર જીલ્લામાં આવેલું છે. ભાવનગરથી દિલ્હી માટેની એક પણ સીધી ટ્રેન ઉપલબ્ધ નથી. ભાવનગરનું એરપોર્ટ પણ સંપૂર્ણપણે બંધ હાલતમાં છે અને કોઈ પણ વિમાન સેવા કાર્યરત નથી. જેથી ભાવનગરથી દિલ્હી જવા માંગતા યાત્રિકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ભાવનગરથી અયોધ્યા અને અયોધ્યાથી ભાવનગર ટ્રેન નંબર ૧૯૨૦૧ અને ૧૯૨૦૨ સાપ્તાહિક એક્સપ્રેસ ચલાવવામાં આવી રહી છે.

આ ટ્રેનની પૂરી રેક અઠવાડિયાના ચાર દિવસ કોઈ પણ કામ વગર સંપૂર્ણપણે ભાવનગરમાં પડી રહે છે, આ રેકને ભાવનગરથી દિલ્હી માટે સપ્તાહમાં એક દિવસ માટે સરળતાથી ચલાવી શકાય તેમ છે. આ સુવિધા ચાલુ કરવા માટે કોઈ વધારાની ટ્રેન રેકની જરૂરત છે કે ના કોઈ બીજી સુવિધાની. આથી ભાવનગરથી દિલ્હી માટેની સીધી ટ્રેનની સુવિધા તાત્કાલિક શરુ કરવામાં આવે તેવી તેઓએ માંગ કરી હતી.

# આધુનિક જીવનશૈલીમાં મહિલાઓએ માનસીક સ્વચ્છતા પ્રત્યે સજાગ રહેવું જોઈએ

## જૂનાગઢ નરસિંહ મહેતા યુની. દ્વારા મહિલા માર્ગદર્શન સેમીનાર યોજાશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની નરસિંહ મહેતા યુનિ. દ્વારા મહિલાઓને માર્ગદર્શિત કરતા સપ્તાહભરનાં કાર્યક્રમોનો સમાપન સમારોહ યોજાયો ગયો, આ તકે સાપ્તાહિક કાર્યક્રમ દરમ્યાન આયોજીત સ્પર્ધાઓમાં ઉતિર્ણ સ્પર્ધકોને પ્રશસ્તિપત્ર એનાયત કરાયા હતા.

ભકતકવિ નરસિંહ મહેતા યુનિનાં વિમેન્સ ડેવલપમેન્ટ સેલ દ્વારા તા. ૨ થી ૯ માર્ચ સુધી મહિલા ઉત્કર્ષ અને માર્ગદર્શક સપ્તાહની ઉજવણીના સમાપન સમારોહ પ્રસંગે ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.ના અંગ્રેજી વિભાગના સહાયક પ્રોફેસર ડો. રૂપા બી. ડાંગર દ્વારા માર્ગદર્શનાત્મક વ્યાખ્યાન યોજાયું હતું. વ્યાખ્યાનમાં મહિલાઓના આત્મસન્માન, માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સુખાકારીના મહત્વ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. યુનિ.નાં કૂલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે, આધુનિક જીવનની વ્યસ્તતા અને વિવિધ જવાબદારીઓ વચ્ચે ઘણીવાર મહિલાઓ પોતાનું સ્વાસ્થ્ય અને લાગણીઓ અવગણે છે. આ કાર્યક્રમ મહિલાઓને આત્મસન્માન, સકારાત્મક વિચારો અને સ્વ-સંભાળ (જ્યહર-ભફયિ), જીવનમાં ખુશી અને સંતુલન માટે કેટલા મહત્વપૂર્ણ છે તે સમજાવે છે. જ્યારે ભકતકવિ નરસિંહ મહેતા વિમેન્સ ડેવલોપમેન્ટ સેલનાં કો-ઓર્ડીનેટર ડો. અનિતાબા ગોહિલે દૈનિક જીવનમાં તણાવને કેવી રીતે સંભાળવો, આત્મવિશ્વાસ કેવી રીતે વધારવો અને સ્વ-પ્રેમ (જ્યહર-હજ્ઞદય) કેવી રીતે વિકસાવવો તે અંગે ચર્ચા કરવા સહિતની બાબતો પર છણાવટ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા નિરવ કરડાણીએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સુચારૂ સંચાલન શોધસ્કોલર્સ સંજના બાખલકીયા અને મિરાલી સોલંકીએ સંભાળ્યુ હતુ.

## સોમનાથથી નાથદ્વારા, હરીદ્વાર દ્વારકા માટે નવી ટ્રેન સુવિધા આપવા સતી કુંવર ટ્રસ્ટની માંગ

**અબતક,જયેશ પરમાર,સોમનાથ:** વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મહાદેવ મંદિર દર્શન માટે આવતા હજારો લાખો ભાવિકો સીનીયર સીટીઝન પરિવારો માટે શ્રેષ્ઠ ટ્રેન ની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ અધ્યક્ષ અને કૌસ્તુભ ડીફેન્સ ટ્રેનીંગ સેન્ટર પ્રમુખ મીના બા જાદવ દ્વારા પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા ભારતીય જનતા પાર્ટીના અધીક્ષક અને મુખ્યમંત્રી સહીત રેલવે સમિતિ ભાવનગર અને મુંબઈ સહિત ને પત્ર પાઠવી રાજકોટ નાથદ્વારા ટ્રેન તેમજ રાજકોટ હરીદ્વાર ટ્રેન વેરાવળ સોમનાથ સુધી લંબાવવામાં આવે તેમજ વેરાવળ રાજકોટ સટલ ટ્રેન અને સોમનાથ દ્વારકા ઓખા ટ્રેન વેરાવળ દિવસે પણ ચાલુ થાય તો હજારો લાખો ભાવિકો માટે શ્રદ્ધાના પ્રતીક સોમનાથ મહાદેવ મંદિર અવર જવર માટે શ્રેષ્ઠ ટ્રેન વ્યવહાર ની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી વેરાવળ સોમનાથ પાટણ સનાતન હિન્દુ સેવા સમાજ ના પ્રમુખ શ્રી જીતુભાઈ કુહાડા દ્વારા પણ બાબત યોગ્ય રજૂઆત કરી સમર્થન આપ્યું હતું.


### નામ બદલાવેલ છે

હું નીચે સહી કરનાર **કુલદીપ હરેશભાઈ પીપળીયા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **કુલદીપ હરેશકુમાર પીપળીયા** હતું અને મેં મારું નવું નામ **કુલદીપ હરેશભાઈ પીપળીયા** રાખ્યું છે. હવેથી મને **કુલદીપ હરેશભાઈ પીપળીયા** તરીકે ઓળખવામાં આવશે.

**સરનામું: કુલદીપ હરેશભાઈ પીપળીયા શ્રીજી કૃપા, શેરી નં. ૧, રાધાનગર, ફિલ્ડ માર્શલ વાડી, નાના મવા મેઈન રોડ, રાજકોટ**



### :: જાહેર નોટીસ ::

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.૪૦/૨૦૨૬

શ્રી હસનભાઈ મામદભાઈ ચોટીયારા,
રહે.હડમતીયા, તા.તાલાલા, જિ.ગીર સોમનાથ
મો.નં. ૯૯૦૪૧૪૪૮૦૩ ..........અરજદાર

વિરૂધ્ધ

જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,
જાવંત્રી તા. તાલાલા, જિ.ગીર સોમનાથ ..........સામાવાળા

**વિષયઃ- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળ જન્મ-મરણ નોંધ કરવા બાબત.**

આથી, લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ / મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી. અરજદારશ્રી હસનભાઈ મામદભાઈ ચોટીયારાનો જન્મ તા.૧૨/૦૫/૧૯૭૫ ના રોજ તાલાલા તાલુકાના મોજેઃ જાવંત્રી મુકામે થયેલ હોય. જેની જન્મની નોંધણી ગ્રામ પંચાયત કચેરી, જાવંત્રીના જન્મ-મરણ રજીસ્ટરમાં શરતચૂકથી કરવાની રહી ગયેલ હોય. જન્મ નોંધણી કરાવવા અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં રજૂઆત કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચઢાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો, તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારકત અત્રેની કોર્ટમાં મુદત તા.૨/૪/૨૦૨૬ ના રોજ સમય ૧૨ કલાકે વાંધા / તકરાર તથા આધાર-પરાવા સાથે હાજર રહેવું.

મથાળે લખ્યા અરજદારશ્રીએ મુદતે સદરહુ જાહેર નોટીસ સમાચાર પત્રમાં પ્રસિદ્ધ કરી. સમાચાર પત્ર રજૂ કરવું. જે રજુ કરવામાં અરજદારશ્રી નિષ્ફળ ગયેથી તેમની અરજી અન્વયે ધોરણસરનો હુકમ કરવામાં આવશે.

અરજદારશ્રીએ સદરહુ જાહેર નોટીસ સમાચાર પત્રમાં પ્રસિદ્ધ કર્યાથી સદરહુ બાબતે કોઈને પણ કોઈપણ પ્રકારના વાંધા / તકરાર હોય તો, પ્રસિદ્ધિની તારીખથી દિન-30 માં અત્રેને લેખિતમાં જરૂરી આધારો સાથે રજૂ કરી શકશે. જેની પણ લાગતા વળગતાઓએ નોંધ લેવી. આજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરીને નોટીસ ઈસ્યુ કરવામાં આવી.

કોર્ટનો સીકકો

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
તાલાલા


# પીર યોગી ત્રિલોકનાથજી બાપુની ૩૪મી પુણ્યતિથિ નિમિતે ભક્તિમય કાર્યક્રમો યોજાશે

**અબતક, રાજકોટ**

યોગાચાર્ય સિદ્ધસમ્રાટ ગુરુ ગોરખાનાથજીની તપસ્થસલી જૂનાગઢ નજીક ગિરનારની ગોદમાં આવેલ શ્રી ગોરક્ષનાથ આશ્રમ ખાતે ગુરુ પીર યોગી પરમ પૂજ્ય ગુરુ મહારાજ પીર યોગી શ્રી ત્રિલોકનાથજી બાપુની ૩૪મી પુણ્યતિથિ નિમિત્તે આજે અને આવતીકાલે ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે તા.૧૨ ના વહેલી સવારે સમાધિ પૂજન સવારે ૬30 કલાકે યોજાશે તેમજ બપોરે ૧030 કલાકે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તો અને શ્રદ્ધાળુઓ માટે આધ્યાત્મિક વાતાવરણમાં સેવા અને સત્સંગનો લાભ મળશે.

પુણ્યતિથિ નિમિત્તે બે દિવસીય ભવ્ય સંતવાણી કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.આજે બુધવારની રાત્રે બીરજુ બારોટ, જયદિપ સોની, મયુર દવે અને રાજ ગઢવી દ્વારા સંતવાણી રજૂ કરવામાં આવશે. ત્યારબાદ કાલે ગુરુવારના દિવસે સુરેન્દ્ર રાવળ અને રામદાસ દૂધરેજીયા દ્વારા ભજન અને સંતવાણીનો કાર્યક્રમ યોજાશે. તેમજ તા. ૧૨ માર્ચની રાત્રે પરશોતમપરિબાપુ, શૈલેષ મહારાજ, બીરજુ બારોટ અને પિયુષ મિસ્ત્રી સહિતના કલાકારો દ્વારા ભક્તિમય સંતવાણી રજૂ થશે.

આ સમગ્ર કાર્યક્રમ શ્રી ગોરક્ષનાથજી આશ્રમ, ભવનાથ તળેટી, જૂનાગઢ ખાતે યોજાશે. આ પાવન અવસરે મહંત પીરયોગી શ્રી શેરનાથજી, ગુરુશ્રી ત્રિલોકનાથજી તથા આશ્રમ પરિવાર દ્વારા સર્વ ભકતજનોને ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શિવરાજગઢમાં ઉપસરપંચ સહિત ચાર સભ્યોના રાજીનામાથી ખળભળાટ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ તાલુકાના શિવરાજગઢ સમરસ ગ્રામ પંચાયતમાં ઉપ સરપંચ સહિતના ચાર સભ્યોના કામ ન થતાં હોવાનાં પગલે રાજીનામા આપતાં ચકચાર મચી જવા પામી છે.

સમરસ થયેલી શિવરાજગઢ ગ્રામ પંચાયતના ઉપસરપંચ કિરીટભાઈ ભનુભાઈ વોરા સભ્ય જયદીપભાઈ નારણભાઈ ગોંડલીયા અંકિતાબેન મિતુલભાઈ લુણાગરિયા રશ્મીતાબેન કિરીટભાઈ સાકરીયા ભાવનાબેન ધર્મેન્દ્રભાઈ વોરા સહિતનાએ તલાટી મંત્રી અને સરપંચને સ્વૈરિછક રાજીનામા આપતાં સરપંચે રાજીનામા સ્વિકારી લેતાં ચકચાર મચી જવા પામી છે.


### પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર સૂચના નં. 48 વર્ષ 2025-26 તારીખ 09.03.2026**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-96 | રાજકોટ મંડળ - સિનિયર DEN (પૂર્વ) આરજેટીના અધિકારક્ષેત્ર હેઠળ રીલીઝડ સ્લીપર બાઉન્ડ્રી મટ્ટમ પૂરું પાડવું (5000 નંગ) | ₹. 13061471.61 | ₹. 215300.00 |
| 2 | DRM-RJT-2025-26-E-97 | રાજકોટ મંડળ:- SSE(W)MVI હેઠળ MVI ખાતે TWS નું બેલેન્સ કાર્ય | ₹. 6283936.61 | ₹. 125700.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 31/03/2026 @ 15.00 કલાકે **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ),પશ્ચિમ રેલવે,કોઠી કમ્પાઉન્ડ,રાજકોટ,ગુજરાત - 360001 **વેબસાઈટ: www.ireps.gov.in** RJT 210

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



### -: જાહેર નોટીસ :-

જન્મ-મરણ કેસ નં.૨૯/૨૦૨૬

શ્રી સલીમભાઈ તૈયબભાઈ પતાણી ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, હડમતાળા, તા.ગોંડલ. જી.રાજકોટ ..........સામાવાળા

**વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના દાદી-સ્વ.ખતીજાબેન મુસાભાઈ પતાણીનું તા.૧૧/૦૫/૨૦૧૨ ના રોજ હડમતાળા મુકામે અવસાન થયેલ છે. તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના રજીસ્ટરે અવસાન નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૯/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, ''તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)



### ગોંડલ નગરપાલિકા

નગર સેવા સદન, સ્ટેશન પ્લોટ, ગોંડલ

બીજો પ્રયત્ન

આથી રસ ધરાવતા તમામ ટ્રસ્ટ/સંસ્થા/એજન્સીને જાણ કારવામાં આવે છે કે ગોંડલ **NULM** શાખા દ્વારા કાયમી નાઈટ શેલ્ટરરનું સંચાલન કરાવવાની જરૂરિયાત હોઈ, જે અન્વયે રસ ધરાવતા ટ્રસ્ટ/સંસ્થા/એજન્સીઓ પાસેથી સંસ્થાનું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર સાથે ભાવો મંગાવવામાં આવે છે.

ઉક્ત કામના ભાવો જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૫ માં (રજાના દિવસો સિવાય) રજીસ્ટર પોસ્ટ એડી. (બંધ કવર) દ્વારા મોકલાવી આપવાના રહેશે. અધૂરી વિગતો કે છેકછાક વાળા કે શરતી ભાવો રદ્દ ગણવામાં આવશે. આવેલ ભાવો માન્ય રાખવા કે ફરી મંગાવવા તેની નગરપાલિકા અબાધિત સત્તા ધરાવે છે.

(એ.જે.વ્યાસ) ચીફ ઓફિસર ગોંડલ નગરપાલિકા

(અશ્વિનભાઈ એમ રૈયાણી) પ્રમુખ ગોંડલ નગરપાલિકા

માહિતી -રાજ-૧૯૩૯-૨૫-૨૬

તંત્રી લેખ

# ટ્રમ્પનું એક એલાન અને અસર વિશ્વભરમાં

છેલ્લા ઘણા સમયથી મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને યુધ્ધની પરિસ્થિતિએ આખી દુનિયાને ચિંતામાં મૂકી દીધી હતી. પરંતુ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કેટલીકવાર માત્ર એક નિવેદન સમગ્ર ચિત્ર બદલી નાખવાની તાકાત ધરાવતું હોય છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી એક જાહેરાતે વિશ્વભરના રાજકીય અને આર્થિક સમીકરણો રાતોરાત બદલી નાખ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જાહેરાત કરી છે કે ઈરાન સાથેનું યુધ્ધ હવે બહુ જલ્દી સમાપ્ત થવા જઈ રહ્યું છે. આ સાથે જ તેમણે તેહરાનને કડક ચેતવણી પણ આપી છે કે તેઓ કોઈપણ પ્રકારની નવી ચાલાકી કે અટકચાળો કરવાનો પ્રયાસ ન કરે. ટ્રમ્પની આ સીધી અને સ્પષ્ટ ચેતવણીએ ઈરાનના આક્રમક વલણ પર લગામ કસવાનું કામ કર્યું છે અને વિશ્વને એક મોટો સંદેશ આપ્યો છે.

મધ્ય પૂર્વમાં જ્યારે પણ તણાવ વધે છે, ત્યારે વિશ્વભરના દેશોમાં તેની સીધી અસર જોવા મળે છે. ઈરાન અને અન્ય દેશો વચ્ચેના ઘર્ષણથી વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જવાનો મોટો ડર રહેલો હતો. પરંતુ ટ્રમ્પના આ એક એલાનથી યુધ્ધના કાળાં વાદળો વિખેરાવા લાગ્યા છે અને વૈશ્વિક સ્તરે શાંતિની એક નવી આશા જન્મી છે.

આ ભૌગોલિક રાજકીય શાંતિની સૌથી મોટી અને સીધી અસર આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલ માર્કેટ પર જોવા મળી છે. યુધ્ધની આશંકાઓને પગલે ક્રૂડ ઓઈલના ભાવમાં જે સટ્ટાકીય ઉછાળો જોવા મળી રહ્યો હતો, તે ટ્રમ્પના નિવેદન બાદ અચાનક શાંત પડી ગયો છે. ક્રૂડ માર્કેટમાંથી ભયનું વાતાવરણ દૂર થતાં જ ભાવોમાં મોટો ઘટાડો નોંધાયો છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલો આ ઘટાડો ભારત જેવા વિકાસશીલ અને ક્રૂડની આયાત પર નિર્ભર દેશો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. ક્રૂડ સસ્તું થવાથી મોંઘવારી પર કાબુ મેળવવો સરળ બને છે અને દેશના અર્થતંત્રને મોટી રાહત મળે છે. આમ, અમેરિકાથી આવેલું એક નિવેદન દુનિયાભરના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર સકારાત્મક અસર કરી રહ્યું છે.

ક્રૂડના ભાવ તૂટવાની અને યુધ્ધનો ખતરો ટળવાની સીધી પોઝિટિવ અસર વૈશ્વિક શેરબજારો પર જોવા મળી છે. અમેરિકન બજારોથી લઈને એશિયન અને યુરોપિયન શેરબજારોમાં રોકાણકારોનો ઉત્સાહ વધ્યો છે અને બજારમાં ભારે લેવાલી નીકળતા તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. રોકાણકારોમાં ફરી એકવાર વિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે.

શેરબજારમાં ખાસ કરીને મેન્યુફેક્ચરિંગ, ઓટોમોબાઈલ અને એફએમસીજી જેવા સેક્ટર્સમાં જબરદસ્ત ઉછાળો નોંધાયો છે. કારણ કે ક્રૂડ સસ્તું થવાથી આ તમામ ઉદ્યોગોનો ઉત્પાદન અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટે છે. આમ, એક તરફ યુધ્ધનો ડર દૂર થયો છે અને બીજી તરફ અર્થતંત્રના પૈડાં વધુ ઝડપથી ફરવા લાગ્યા છે.

નિષ્કર્ષમાં કહીએ તો, ડોનાલ્ડ ટ્રમ્પની નિર્ણયશક્તિ અને સ્પષ્ટ વલણ વિશ્વ મંચ પર કેટલો મોટો પ્રભાવ પાડી શકે છે તે આ ઘટના પરથી સાબિત થાય છે. માત્ર એક એલાન અને ઈરાનને આપેલી એક કડક ચેતવણીએ વૈશ્વિક અર્થતંત્રમાં પ્રાણ ફૂંકી દીધા છે. આ દર્શાવે છે કે મજબૂત નેતૃત્વ અને સમયસર લેવાયેલા નિર્ણયો માત્ર એક દેશ પૂરતા સીમિત ન રહેતા, સમગ્ર વિશ્વની દિશા અને દશા બદલી શકે છે.

સેવા પરમો ધર્મ

# ધારીમાં ભારત વિકાસ પરિષદ દ્વારા દિવ્યાંગોને કરાયું સાધન સહાયનું વિતરણ

## ૫૦થી વધુ દિવ્યાંગોને વ્હીલચેર-કૃત્રિમપગ કેલીપર્સ વોકર આપી બનાવાયા આત્મનિર્ભર








**અબતક,ચલાલા**

માનવતાનો મહાકુંભ ધારીમાં ભારત વિકાસ પરિષદ દ્વારા દિવ્યાંગોને સાધન સહાયનું વિતરણ કરી ૫૦થી વધુ દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવાનો પ્રેરણાદાયી કાર્ય કરવામાં આવ્યું હતુ.

ધારી યોગીજી મહારાજની પવિત્રભૂમિ પર ભારત વિકાસ પરિષદ-બાપુનગર શાખા અને ભારત વિકાસ પરિષદ વિકલાંગ કેન્દ્ર-પાલડીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું. આ નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાય કેમ્પમાં માનવતાની મહેક પ્રસરી હતી, જ્યાં ૫૦થી વધુ જરૂરિયાતમંદ લાભાર્થીઓને વ્હીલ ચેર, ઘોડી, કૃત્રિમ પગ અને કેલિપર્સ,વોકર, સ્ટ્રીક, જેવાં સાધનોનું વિતરણ કરી તેમને સ્વનિર્ભર બનવાની નવી આશા પૂરી પાડવામાં આવી હતી.

આ પ્રસંગે આધ્યાત્મિકતા અને સેવાનો સુમેળ જોવા મળ્યો હતો. સાવરકુંડલા માનવ મંદિરનાપૂજ્ય ભકિતરામ બાપુ, અને ધારી સ્વામિનારાયણ મંદીર ના બ્રહ્મભૂસન સ્વામી, ધર્મ મનન સ્વામી, સહિતના સંતો મહંતોના આશીર્વચનથી સમગ્ર વાતાવરણ પવિત્ર બની ગયું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાત પ્રાંતના પ્રમુખ અને જાણીતા એડવોકેટ શ્રી પ્રકાશભાઈ કસવાળાએ સંસ્થાની રાષ્ટ્રનિર્માણની પ્રવૃત્તિઓ પર પ્રકાશ ફેંક્યો હતો. આ સેવાયજ્ઞને સફળ બનાવવા માટે બાપુનગર શાખાના પ્રમુખ કમલેશભાઈ કકાણી, મંત્રી નરેશભાઈ ગોંડલીયા તેમજ ટ્રસ્ટી ધીરુભાઈ કાનાણી, રમેશભાઈ વડાલીયા, સહીત પટાટભાઈ ભારે જહેમત ઉઠાવી હતી. કલ્પેશભાઈ, નવનીતભાઈ અને મનોજભાઈ જેવા અગ્રણીઓની હાજરીએ કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ ભગીરથ કાર્યને મૂર્ત સ્વરૂપ આપવામાં સ્થાનિક માર્ગદર્શક કેતનભાઈ ધકાણ (બાબુભાઈ જ્વેલર્સ) ચિરાગભાઈ પરમાર, અશ્વિનભાઈ કુંજડિયા, મુર્ગેશભાઈ કોટડીયા, સુરેશ ગમારા , પરેશભાઈ પટ્ટણી અને પ્રકાશભાઈ કારીયાનો સહયોગ અભૂતપૂર્વ રહ્યો હતો. મહાનુભાવોના હસ્તે જયારે દિવ્યાંગોને સાધનો અર્પણ કરવામાં આવ્યા, ત્યારે લાભાર્થીઓના ચહેરા પરની મુસ્કાન અને આંખોમાં જોવા મળેલી કૃતજ્ઞતાએ ઉપસ્થિત સૌના હૃદયને સ્પર્શી લીધા હતા.

# સુત્રાપાડામાં જૂનાગઢ જિલ્લા સહકારી બેંક બોર્ડની બેઠકમાં ખેડૂતલક્ષી મુદ્દાઓ પર ચર્ચા: હોદ્દેદારોનું સન્માન

## કિરીટભાઈ પટેલ અને દિલીપભાઈ બારડને પ્રદેશ ભાજપમાં નવી જવાબદારી મળતા ડાયરેક્ટરો દ્વારા અભિનંદન



**અબ તક રામસિંગ મોરી સુત્રાપાડા**

સુત્રાપાડા ખાતે જૂનાગઢ જિલ્લા સહકારી બેંક ની બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મહત્વપૂર્ણ બેઠક સુત્રાપાડા નગરપાલિકાના મીટિંગ હોલમાં ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લાના ખેડૂતોના હિત, ખેતી ધિરાણ તથા સહકારી પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેંકના વહીવટી તંત્ર દ્વારા ખેડૂતોને પડતી સમસ્યાઓના નિવારણ માટે સકારાત્મક નિર્ણયો લેવામાં આવ્યા હોવાનું પણ જણાવાયું હતું.

આ પ્રસંગે બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલને પ્રદેશ ભાજપ દ્વારા યુવા મોરચાના પ્રભારી તરીકે નિમણૂક મળતા તેમજ દિલીપભાઈ બારડને પ્રદેશ ભાજપના કારોબારી સભ્ય અને જામનગર જિલ્લાના પ્રભારી તરીકે નિયુક્તિ મળતા બંને હોદ્દેદારોનું ડાયરેક્ટરો દ્વારા ગૌરવભેર સન્માન કરવામાં આવ્યું હતું.બેઠકમાં ચેરમેન કિરીટભાઈ પટેલ, વાઈસ ચેરમેન મનુભાઈ ખૂટી, પૂર્વ કેબિનેટ મંત્રી તથા ડાયરેક્ટર જશાભાઈ બારડ, દિનેશભાઈ ખટારીયા, ઝવેરીભાઈ ઠકરાર, ગોવિંદભાઈ પરમાર, જેસીંગભાઈ મોરી, લક્ષ્મણભાઈ યાદવ, ચંદ્રકાબેન ચુડાસમા, ડોલી અજમેરા, ગીતાબેન, જેઠાભાઈ પાનેરા, હેમેન્દ્રભાઈ રાજાણી, વજુભાઈ મોવલિયા, પૂજાભાઈ બોદર સહિત બેંકના અન્ય ડાયરેક્ટરો, અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમ સહકારી ભાવના અને હર્ષોલ્લાસ સાથે પૂર્ણ થયો હતો.

# ધ્રાંગધ્રા એસટી કર્મચારીઓની પ્રામાણિકતા: મુસાફરનો ખોવાયેલો મોબાઈલ પરત કર્યો





**અબતક સલીમ ઘાંચી ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા ડેપોના કર્મચારીઓએ પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કુંભારિયા-રાવળીયાવદર નાઈટ રૂટની બસ (નંબર ૦૨૧૫) માં મુસાફરી કરતા એક મુસાફર પોતાનો આશરે રૂ ૨૫ થી ૩૦ હજારની કિંમતનો મોબાઈલ ભૂલી ગયા હતા.

ફરજ પરના ડ્રાઈવર શાંતિલાલ સોલંકી અને કંડક્ટર જયદીપભાઈ હડીયલને આ મોબાઈલ મળી આવતા, તેઓએ તાત્કાલિક માલિકની ઓળખ કરી તેમનો સંપર્ક કર્યો હતો અને સુરક્ષિત રીતે ફોન પરત સોંપ્યો હતો. એસટી કર્મચારીઓની આ નિષ્ઠાને કારણે મુસાફરે આભાર વ્યક્ત કર્યો હતો અને નિગમની પ્રતિષ્ઠામાં વધારો થયો છે.

# જસદણમાં દુર્ગેશ કુબાવતની ભાજપ મીડિયા સેલના કન્વીનર તરીકે નિમણૂંક



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણમાં પ્રજા સાથે પ્રત્યેક્ષ સંકળાયેલા પત્રકાર દુર્ગેશ કુબાવત (મો.૯૨૭૪૫૮૭૦૮૮)ની ભારતીય જનતા પાર્ટી દ્વારા મિડિયા સેલના કન્વીનર તરીકે નિમણૂંક કરવામાં આવતા તેમને અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યાં છે. જસદણ વિંછીયા પંથકમાં વર્ષોથી પ્રજા સાથે જોડાય પત્રકારત્વ કરી રહેલ દુર્ગેશ કુબાવત અનેક સંસ્થાઓ સાથે જોડાય અનેક લોકો સુધી તેમની સેવા પહોંચી છે. ખાસ કરીને દુર્ગેશ કુબાવતની સંસ્થાએ મહામારી કોરોનામાં જે કામો કર્યા છે તેની આજે પણ નાગરિકો યાદ કરી રહ્યા છે.

# રાષ્ટ્રકક્ષાની સોફ્ટબોલ સ્પર્ધામાં ગોંડલની ગંગોત્રી સ્કૂલના વિદ્યાર્થીનો ઝળહળતો દેખાવ




**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત અંડર-૧૯ સોફ્ટબોલ ભાઈઓની રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા તાજેતરમાં મહારાષ્ટ્રના સોલાપુર મુકામે યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગોંડલની ગંગોત્રી સ્કૂલના વિદ્યાર્થી દુધાત્રા નેવિલે સૌરાષ્ટ્રની ટીમનું પ્રતિનિધિત્વ કરી મેદાન ગજવ્યું હતું. નેવિલે રમત દરમિયાન અત્યંત ઉત્કૃષ્ટ અને પ્રભાવશાળી દેખાવ કરી સમગ્ર સૌરાષ્ટ્ર તેમજ પોતાની સ્કૂલનું નામ રોશન કર્યું છે.વિદ્યાર્થીની આ વિશિષ્ટ સિદ્ધિ બદલ ગંગોત્રી ગ્રુપ ઓફ સ્કૂલ્સના ફાઉન્ડર અને ચેરમેન સંદીપ સર છોટાળા, પ્રિન્સિપાલ કિરણ મેડમ તેમજ ટ્રસ્ટી દિલીપ સર હડિયાએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. સ્કૂલ પરિવાર દ્વારા ખેલાડી નેવિલ દુધાત્રા અને તેને માર્ગદર્શન આપનાર કોચ શૈલેષ ભટ્ટને આ ભવ્ય સફળતા બદલ વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સ્પોર્ટ્સ ક્ષેત્રે ગંગોત્રી સ્કૂલના વિદ્યાર્થીઓ સતત આગળ વધી રહ્યા છે, જે સ્કૂલની રમતગમત પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# અમરેલીના વ્યસ્ત માર્ગો પર ત્વરિત લાઈટ લગાવો કલેક્ટરની સંબંધીત અધિકારીઓને તાકીદ

## કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠક યોજાઈ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારતદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લામાં માર્ગ સલામતી વધારવા અને રોડ અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં સ્પીડ લિમિટનું પાલન, જરૂરી સાઈનેઝ બોર્ડ લગાવવાની કામગીરી, માર્ગ કિનારે આવેલા વૃક્ષોની સમયસર ટ્રિમિંગ, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ અને કેટ આઈઝ જેવા રોડ સેફ્ટી ઉપકરણોનો યોગ્ય ઉપયોગ કરવા અંગે અધિકારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માર્ગ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા રોડ એન્જિનિયરિંગ સંબંધિત જરૂરી પગલાં લેવા પણ સૂચનાઓ આપવામાં આવી હતી. જ્યાં અકસ્માતોમાં મૃત્યુ નોંધાય છે ત્યાં એ.આર.ટી.ઓ. અને ટ્રાફિક પોલીસ દ્વારા સંયુક્ત સ્થળ મુલાકાત લઈ અકસ્માતનું ચોક્કસ કારણ શોધી જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું. સાથે જ અમરેલી નગરપાલિકાને સાવરકુંડલા બાયપાસ ચોકડીથી વ્યસ્ત માર્ગ પર સ્ટ્રીટલાઈટ નિયમિત રીતે કાર્યરત રહે તે સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી.

ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ શાળા-કોલેજોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા.

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ બેઠકમાં પ્રાંત અધિકારી અમરેલી નાકિયા, નાયબ પોલીસ અધિક્ષક ચીરાગ દેસાઈ, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. જોશી, માર્ગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ઢોલાવાલા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી.ગોહિલ, અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર તેમજ પોલીસ, ૧૦૮ અને આરોગ્ય વિભાગ સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અલંગ શિપ રિસાયક્લિંગ યાર્ડ ખાતે ઓફ-સાઈટ મોકડ્રિલમાં સુરક્ષા વ્યવસ્થા અને સજ્જતા ચકાસાઈ

## નેશનલ સેફ્ટી વીક ૨૦૨૬ અંતર્ગત જહાજના ડબલ બોટમમાં વિસ્ફોટ અને આગ જેવી કલ્પિત સ્થિતિ વચ્ચે રેસ્ક્યુ ઓપરેશનનું સફળ પ્રદર્શન



**અબતક આનંદ રાણા સિહોર**

નેશનલ સેફ્ટી વીક ૨૦૨૬ ના અવસર પર અલંગ શિપ રિસાયકિલગ યાર્ડના પ્લોટ નં. ૨૫ ખાતે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા આકસ્મિક પરિસ્થિતિઓમાં પ્રતિસાદ ક્ષમતા વધારવા માટે વિશેષ ઓફ-સાઈટ મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રિલ દ્વારા ઔદ્યોગિક અકસ્માતો સમયે તંત્ર કેટલી ઝડપથી કાર્યરત થાય છે તેનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ ડ્રિલમાં જહાજના ડબલ બોટમ વિસ્તારમાં ગેસ કટિંગ દરમિયાન અચાનક વિસ્ફોટ અને આગ લાગવાની એક કલ્પિત પરિસ્થિતિ ઉભી કરવામાં આવી હતી. આ વિકટ પરિસ્થિતિમાં ફસાયેલા શ્રમિકોને બચાવવા માટે રેસ્ક્યુ, ફાયર ફાઈટિંગ અને ઈમરજન્સી મેનેજમેન્ટ સંબંધિત કામગીરીઓનું ત્વરિત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને કોન્ફાઈન્ડ સ્પેસ રેસ્ક્યુ એટલે કે સાંકડી જગ્યાઓમાંથી ઈજાગ્રસ્તોને સુરક્ષિત રીતે બહાર કાઢવાની પ્રક્રિયા અને ત્યારબાદ તેમને આપવામાં આવતી તાત્કાલિક તબીબી સારવારનો ઝીણવટભર્યો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ શિપ બ્રેકિંગ યાર્ડમાં કાર્યરત કર્મચારીઓમાં સલામતી પ્રત્યે જાગૃતિ વધારવી તથા વાસ્તવિક આકસ્મિક પરિસ્થિતિમાં ઓછામાં ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આપી જાન-માલનું નુકસાન અટકાવવાનો છે. આ મોકડ્રિલ દરમિયાન પોર્ટ ઓફિસર, અલંગની હાજરીમાં તળાજા પ્રાંત અધિકારી તથા ડિસ્ટ્રીક પ્રોજેકટ ઓફિસર (ઉદ્ધ) સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સુરક્ષા કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

# જૂનાગઢ ભાજપ મહિલા મોરચા દ્વારા ઉજવાયો મહિલા દિવસ

## વિવિધ ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનાર મહિલાઓનું કરાયું ગૌરવપૂર્ણ સન્માન





**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ મહાનગર ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહિલાઓને સન્માનિત કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

આ સન્માન કાર્યક્રમમાં ભાવનાબેન હીરપરા, નયનાબેન વઘાસિયા, બ્રહ્માકુમારી સંસ્થાની બહેનો, પોલીસ વિભાગની બહેનો તેમજ કોર્પોરેટર ભાવનાબેન વ્યાસનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત લેઉવા પટેલ સમાધાન પંચની જીજ્ઞાબેન ધડુક, પારુલબેન, તથા ભાવનાબેન માળી તેમજ યોગેશ્વરીબેન જાડેજાનું પણ ગૌરવપૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહાનગર ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયા, મહામંત્રી મિલનભાઈ ભટ્ટ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પલ્લવીબેન ઠાકર, મહિલા મોરચા પ્રમુખ આરતીબેન જોષી, મહામંત્રી શીતલબેન તન્ના અને મનીષાબેન વૈશ્વાણી, પૂર્વ મેયર ગીતાબેન પરમાર, જ્યોતિબેન વાછાણી, આધ્યશકિતબેન મજમુદાર, મહિલા મોરચાની બહેનો તેમજ સંગઠનના હોદેદારો અને શહેરની મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સિહોરમાં કોળી સમાજ દ્વારા ધરતીબેન ગોહિલને ન્યાય આપવાની માંગ સાથે આવેદન અપાયું

## આણંદના કસ્તુરબા કન્યા છાત્રાલયની ઘટના મામલે મામલતદાર મારફતે કલેક્ટરને રજૂઆત



**અબતક આનંદ રાણા સિહોર**

સિહોર મામલતદાર કચેરી ખાતે કોળી/ઠાકોર સમાજના આગેવાનો અને યુવાનો દ્વારા આણંદના કસ્તુરબા કન્યા છાત્રાલયમાં કોળી સમાજની દિકરી સ્વ. ધરતીબેન પ્રધુમનસિંહ ગોહિલનો શંકાસ્પદ મૃતદેહ મળવાના બનાવ અંગે રોષ વ્યક્ત કરી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

કોળી સમાજના આગેવાનો દ્વારા માન. જિલ્લા કલેકટર ભાવનગરને મામલતદાર મારફતે આવેદન આપી ધરતીબેનને તાત્કાલિક ન્યાય મળે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અખિલ ભારતીય યુવા કોળી સમાજના ભાવનગર જિલ્લા યુવા પ્રમુખ અશોકભાઈ મકવાણા, જિલ્લા યુવા મહામંત્રી સુરેશભાઈ ચૌહાણ, સિહોર શહેર યુવા પ્રમુખ પારસભાઈ મકવાણા, તાલુકા પ્રમુખ શૈલેષભાઈ ચૌહાણ સહિત અનેક આગેવાનો અને સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા

# ભૂતડાવ આજે તો તમને મારી જ નાખવા છે કહી જામકંડોરણાના વૃદ્ધ પર જીવલેણ હુમલો

## બરડીયા ગામનો બનાવ : નશાખોર અમિત જાગાણીએ પાઈપ વડે માર મારી ૭૦ વર્ષીય વૃદ્ધનું માથું ફોડી નાખ્યું

## જામકંડોરણા પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને દબોચી ભાંભરડા નખાવી દીધા

**અબતક, રાજકોટ**

જામકંડોરણાના બરડીયા ગામે નશાખોર અમીત જાગાણી બેફામ બન્યો હતો અને વૃધ્ધ પર પાઈપથી જીવલેણ હુમલો કરી માથું ફોડી નાંખી હત્યાનો પ્રયાસ કરતાં જામકંડોરણા પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને દબોચી સરભરા કરી હતી.

બનાવ અંગે જામકંડોરણાના બરાડીયા ગામે રહેતાં કેશુભાઈ મોહનભાઈ ભુત (ઉ.વ.૭૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અમીત ધીરૂ જાગાણી (રહે. બરાડીયા) નું નામ આપતાં જામકંડોરણા પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરે છે. સંતાનમા એક દિકરો તથા બે દિકરીઓ છે. જેમાં સૌથી મોટો દિકરો ચેતનભાઇ છે જે તેઓની સાથે રહે છે. ગઈકાલે સવારના અગ્યારેક વાગ્યા વખતે તેઓ અને તેમનો દીકરો ચેતન તથા તેની પત્ની સેજલબેન બધા ઘરે હતા. તે વખતે દીકરો તથા તેની પત્ની સોડવદર ગામે ફરીયાદીના સાળાની દીકરી સાસરે હોય, તેના ઘરે સાંજે જમણવારનું આયોજન કરેલ હોય ત્યાં જેથી ગયેલ હતા. તેમજ તેઓ બપોરના એકાદ વાગ્યા વખતે સોડવદર ગામે જવા ઘરેથી નીકળેલ અને ગામના બસ સ્ટેન્ડે બસની વાટ જોઈને બેઠો હતો, તે વખતે દોઢેક વાગ્યે ગામનો અમિત જાગાણી બાઈકમાં ઘસી આવેલ હતો.બસ સ્ટેન્ડ પાસે બાઈક ઉભુ રાખી તેમાંથી લોખંડનો પાઈપ કાઢી કહેવા લાગેલ કે, ભુતડાવ આજે તો તમને મારી જ નાખવા છે, તેમ કહી લોખંડના પાઈપનો એક ઘા ખભામાં મારેલ તો તેને કહેલ કે, તું મને કેમ મારે છે, મારે તારી સાથે કોઈ વાંધો નથી, તેમ કહેતા તે એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કહેવા લાગેલ કે, આજે તો ગામમાં જેટલા ભુતડા મળે તેને મારવાના જ છે, તેમ કહી મારી નાખવાના ઈરાદે લોખંડના પાઈપનો બીજો ઘા માથામાં મારતા વૃધ્ધ ચક્કર ખાઈને ત્યાં પડી ગયેલ અને માથામાં લોહી નીકળવા લાગેલ અને તેઓએ રાડા રાડી કરતાં અમીત જાગાણી બોલવા લાગેલ કે, હું પટેલ સમાજે તમારા ભુતડાઓ સાથે માથાકુટ ઝઘડો કરીને આવ્યો છો, તારાથી તો હવે શરૂઆત કરી છે તેમ બોલવા લાગેલ અને આ દરમ્યાન આ અમીતના પિતા ધીરૂભાઈ જાગાણી સહિતના દોડીને આવેલ અને અમીતને સમજાવી તેના ઘરે લઈ જઈ વધુ મારમાંથી બચાવેલ હતાં.

તે વખતે વૃધ્ધને માથામાં લોહી નીકળતું હોય જેથી દોડી આવેલ લોકો તેઓને જામકંડોરણા સરકારી દવાખાને સારવારમાં લઈ આવ્યાં હતા. તે વખતે ભત્રીજા યોગેશભાઈ ભુતએ જણાવેલ કે, આપણા ગામમાં પટેલ સમાજે પ્રસંગ હતો ત્યાં અમીત જાગાણી ગાળો બોલતો હોય, જેથી આપણા કુટુંબના કંદોઈ સંજયભાઈ ઉર્ફે સોનો ભુત તથા અમીતભાઈ ઉર્ફે જીગો વાસાણીએ તેને કહેલ કે, અહીંયા બૈરાઓ છે, તું અહીંયા ગાળો બોલમાં તેમ સમજાવતા હતા તો અમીત એકદમ ઉશ્કેરાઈ તેની સાથે માથાકુટ ઝઘડો કરેલ અને તે જતા જતા બોલતો હતો કે આજે તો ગામના જેટલા ભુતડા મળે તેને મારવા જ છે તેમ ધમકી આપી મોટર બાઈકમાં સમાજથી નીકળેલ અને તે વખતે તેના બાઈકમાં લોખંડનો પાઈપ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી જામકંડોરણા પોલીસે ગુનો નોંધી પીઆઈ રોહિત વાઘીયા અને ટીમે તપાસ આદરી આરોપી અમિત જાગાણીને મોડી રાતે જ હસ્તગત કરી આકરી સરભરા કરી હતી.

### પ્રસંગમાં માથાકૂટ કરી વાણી વિલાસ કર્યો, સ્થાનિકોએ ટપારતા ગામમાં પાઈપ લઈને નીકળ્યો, વૃદ્ધનો ભેટો થતાં તૂટી પડ્યો

બરડીયા ગામનો નશાખોર અમિત જાગાણીએ ગઈકાલે આખું ગામ માથે લીધું હતું. જેમાં વહેલી સવારના જ તે ગામમાં આવેલ સમાજની વાડીએ પહોંચ્યો હતો અને ત્યાં પ્રસંગમાં મહિલાઓ વચ્ચે બેફામ વાણી વિલાસ કરતા ત્યાં હાજર લોકોએ તેને ટપારતા તેની સાથે પણ ઝઘડો કર્યો હતો, જે બાદ બેકાબૂ બની તે પાઈપ જેવા હથિયાર સાથે ગામમાં નીકળ્યો હતો અને ત્યાં જ બસ સ્ટેન્ડ પાસે વૃધ્ધનો ભેંટો થઈ જતા તેમના પર જીવલેણ હુમલો કરી દીધો હતો.

# ધ્રાંગધ્રાઃ લૂંટના ગુનામાં નાસતા ફરતા બે ઝડપાયા

## સિટી પોલીસે ફુલગાલી વિસ્તારમાં બેલડીને ઉઠાવી લીધી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



લૂંટના ગુનામાં વોન્ટેડ બે શખ્સો ફૂલગાલી વિસ્તારમાં છુપાયેલા છે. આ ચોક્કસ બાતમીના આધારે સિટી પીઆઇ એમ.યુ. મશી, પીએસઆઇ એ.એમ. ચુડાસમા તથા સર્વેલન્સ સ્ટાફના ધીરુભા પરમાર, પ્રતિપલસિંહ ઝાલા, મૂળરાજસિંહ સોલંકી અને જગદીશભાઈ સહિતની પોલીસ ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો દરોડા દરમિયાન પોલીસે હાજીભાઈ સંધિ અને સકલીનભાઈ ઉર્ફે કાલી બેલીમ (બંને રહે. ધ્રાંગધ્રા)ને ઝડપી લીધા હતા.

બંને આરોપીઓ લાંબા સમયથી પોલીસથી બચવા માટે સ્થળાંતર કરતા ફરતા હતા પોલીસ તપાસ દરમિયાન વધુમાં સામે આવ્યું છે કે આ બંને શખ્સો મોરબી જિલ્લાના હળવદ વિસ્તારમાં નોંધાયેલા ફાયરિંગના એક ગુનામાં પણ વોન્ટેડ હતા. હાલ પોલીસે બંને આરોપીઓની વધુ પૂછપરછ શરૂ કરી છે અને અન્ય ગુનાઓમાં તેમની સંડોવણી અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# મેટોડા જીઆઈડીસી નજીકમાં રિક્ષામાંથી રૂ.૪૩ હજારના ગાંજા સાથે હાબિલ બ્લોચ ઝડપાયો

## સપ્તાહ પૂર્વે જ સુરતના રેલપટરી ખાતેથી ગાંજો લાવી અહીં રિક્ષામાં આંટાફેરા કરી છૂટકમાં વેંપલો કરતો'તો

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી નજીક રીક્ષામાંથી રૂરલ એસઓજી ટીમે રૂ ૪૩ હજારના ગાંજા સાથે હાબિલ બ્લોચ નામના શખ્સની ધરપકડ કરી હતી. સુરતથી ગાંજો લાવી છૂટકમાં વેંપલો કરે તે પૂર્વે જ રૂરલ એસઓજી ટીમે દરોડો પાડી પેડલરની ધરપકડ કરી રૂ. ૨.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં ગેરકાયદે માદક પદાર્થ ગાંજાનું વેચાણ અને હેરાફેરી કરતા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ રૂરલ એસઓજી પીઆઈ એફ એ પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.બી. મિશ્રાની ટીમ લોધિકા તાલુકાના મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પીએસઆઈ પી બી મિશ્રા અને હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ વિરડાને મળેલી સંયુક્ત બાતમીના આધારે કાલાવડથી મેટોડા જીઆઈડીસી તરફ જતા જાહેર રોડ પરથી હાબીલ હનીફભાઈ બ્લોચ (ઉવ ૨૪ ધંધો રીક્ષા ડ્રાઈવિંગ, રહે. મેટોડા જીઆઈડીસી ગેટ નં.- ૨ ની પાછળ, ઓમ હોસ્પિટલની બાજુમાં, લોધીકા, રાજકોટ. મૂળ ગામ. ખાંભા ગીર, વિસાવદર, જુનાગઢ) ની હવાલા વાળી રીક્ષા નં.જીજે-૧૧-યુયુ-૩૫૦૫ માંથી રૂ.૪૩,૦૫૦ ની કિંમતનો ૮૬૧ ગ્રામ ગાંજો ઝડપી હાબીલ હનીફભાઈ બ્લોચ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રૂરલ એસઓજીની ટીમે ગાંજો, રીક્ષા, મોબાઈલ મળી કુલ રૂ.૨,૬૩,૦૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વધુમાં પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ઝડપાયેલ શખ્સ સપ્તાહ પહેલા જ અહીંથી ખાનગી ટ્રાવેલ્સની બસના સુરત ગયો હતો અને ત્યાંથી રેલપટરી પાસેથી ગાંજાનો જથ્થો લઈ બસમાં જ પરત આવી ગયો હતો. અહીં તેંણે ગાંજાની પડીકીઓ બનાવી છૂટકમાં વેંપલો શરૂ કરતા જ પોલિસેં તેને દબોચી લીધો હતો. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલો શખ્સ રિક્ષામાં મેટોડા જીઆઈડીસીથી ખીરસરા અને કાલાવડ સુધી આંટાફેરા છૂટક પડીકીઓનું વેચાણ કરતો હતો. જેથી હાબિલની ધરપકડ કરી ગાંજાના સપ્લાયર સહીતના નામ ખોલાવવા સ્થાનિક પોલિસેં હવે વિગતે તપાસ હાથ ધરી છે.

આ કામગીરી રૂરલ એસઓજી પીઆઈ એફ એ પારગી, પીએસ આઈ પી બી મિશ્રા, એસઆઈ વિપુલભાઈ ગુજરાતી, રૂપકબહાદુર હસ્તબહાદુર, હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ વિરડા, કૃપાલસિંહ જાડેજા, નૈમિશભાઈ મહેતા, કોન્સ્ટેબલ રણજીતભાઈ ધાંધલ, વિજયગીરી ગોસ્વામી, પૃથ્વીરાજ સિંહ જાડેજા, વિપુલભાઈ ગોહેલ અને ડ્રાઈવર કોન્સ્ટેબલ નરસીભાઈ બાવળીયા દ્વારા કરવામાં આવી હતી.

## રૂરલ એસઓજી ટીમે દરોડો પાડી ગાંજો, રીક્ષા મળી રૂ.૨.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

# જેતપુરના અમરનગરમાં છ વર્ષની બાળકી પર ૧૫ વર્ષીય પિતરાઈનું દુષ્કર્મ : સમાજ શર્મસાર

## બાળાના માતા-પિતા બહાર ગયા હોય ચોર-પોલિસ રમવાનાં બહાને અગાસીએ લઈ જઈ સગીરે દેહ ચૂંથ્યો

## માસુમને પેટમાં દુખાવો થતાં હોસ્પિટલ ખાતે ખસેડાઈ, દુષ્કર્મ થયાનું ખુલતા પરિવારના પગ તળેથી જમીન સરકી ગઈ

**અબતક, રાજકોટ**

જેતપુરના અમરનગરમાં સમાજને શર્મશાર કરી દેતી એક ઘટના બનવા પામી છે. જ્યા ફક્ત ૧૫ વર્ષના બાળકે તેની છ વર્ષની ફૂલ જેવી માસુમ પિતરાઈ બહેન પર દુષ્કર્મ ગુજારી લેતા ચકચાર મચી જવા પામી છે. બાળકીને ચોર પોલિસ રમવાનાં બહાને અગાસી પર લઈ જઈ સગીરે દેહ ચુથ્યો હતો. બાદમાં બાળાને પેટમાં દુખાવો થતાં સમગ્ર મામલાનો ભાંડાફોડ થતાં પરિજનોએ જેતપુર તાલુકા પોલિસ મથકે દોડી જઈ ફરિયાદ નોંધાવી હતી. ચકચારી ઘટનાની પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર જેતપુરના અમરનગર વિસ્તારમાં રહેતા પરિવારનો પિતરાઈ ભાઈનો પરિવાર પણ નજીકમાં જ રહે છે. આશરે ૧૫ દિવસ પૂર્વે છ વર્ષની બાળાના માતા-પિતા ખરીદી કરવા બજારમાં ગયા હતા. ત્યારે ઘરે બાળા અને તેના દાદા હાજર હતા. દરમિયાન નજીકમાં જ રહેતો અને ધો.-૯ માં અભ્યાસ કરતો ૧૫ વર્ષીય પિતરાઈ બાળાના ઘરે ધસી આવ્યો હતો. સગીરે અહીં આવી બાળાને ચોર પોલિસ રમવા આપણે અગાશીએ જઈએ તેમ કહ્યું હતું. બાદમાં બંને અગાશીએ ગયા હતા. જયા સગીરે બાળાના કપડાં ઉતારી અત્યંત ધૃણાસ્પદ બનાવને અંજામ આપતા બાળા પર દુષ્કર્મ ગુજાર્યો હતો. દરમિયાન બાળકીના પિતા આવી જતાં સગીર ત્યાંથી નાસી ગયો હતો.

બાદમાં છેલ્લા થોડા દિવસથી બાળાએ જમવાનું બંધ કરી દેતાં અને સતત પેટમાં દુખાવો થતાં હોવાની પરિજનોને ફરિયાદ કરી હતી. જેથી પરિજનો બાળકીને હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા જયા બાળકી દુષ્કર્મનો ભોગ બન્યાનું ખુલતા પરિજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. ત્યારબાદ બાળાએ આપવીતી વર્ણવતા પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. બનાવને પગલે સગીરાના પિતા સહિતના પરિજનોએ ફરિયાદ નોંધાવવાનું નક્કી કરી જેતપુર તાલુકા પોલિસ મથકે દોડી ગયા હતા. બાળાના પિતાની ફરીયાદ પરથી જેતપુર તાલુકા પોલિસ મથકના પીઆઈ અજીતસિંહ હેરમાની ટીમે સગીર વિરુદ્ધ દુષ્કર્મ, પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

## જેતપુર તાલુકા પોલિસે દુષ્કર્મ-પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી ધો.-૯ ના વિદ્યાર્થીને ડિટેઇન કરી કાયદેસરની કાર્યવાહી આદરી

# ગોંડલના ચોરડી ગામમાં દારૂના દુષણને ડામવા સરપંચ મેદાને

## ગામને નશામુક્ત બનાવવા નશેડીઓને સુધરી જવા એલ્ટીમેટમ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલના ચોરડી ગ્રામ પંચાયતનાં સરપંચે ગામને નશા મુક્ત અને છાટકાવેળા કરતાં ઈસમોને સુધરી જવાની કડક સુચનાઓ સાથે જાગૃતિ લાવવા માટે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના નામ નંબરની જાહેરાત કરતાં ગ્રામજનોએ આવકારી હતી

ગોંડલ તાલુકાના ચોરડી ગ્રામ પંચાયત સરપંચના પ્રતિનિધિ રાજેન્દ્રસિંહ ઝાલાએ પોતાના ગામને સાફ સુતરૂ તેમજ નશા મુક્ત કરવા માટે કડક સૂચના આપવામાં આવી ચોરડી ગામની કોઈપણ શેરી-ગલીમાં અથવા તમારા ઘર આસપાસ જો કોઈ વ્યકિત દારૂ પીધેલી હાલતમાં, વ્યસન કરીને કે નશીલા પદાર્થોનું સેવન કરીને ગામમાં હંગામો કરે અપ શબ્દો બોલે અથવા ગામજનોને હેરાન-પરેશાન કરે તો તરત જ નીચેના બિટ જમાદાર - કિશનભાઈ આહીર ૭૯૮૪૫૯૯૯૬૩ પી.આઈ. ૯૨૭૭૨ ૫૮૦૩૫ ઉપર આવા અસામાજિક તત્વોની વિગતો આપવા સુચનાઓ આપી હતી આવા ઈસમોને ક્યારેય સહન કરશો નહીં. તાત્કાલિક જાણ કરો જેથી કડક પોલીસ કાર્યવાહી કરી શકાય.સર્વે ચોરડી ગામજનોને ગામની શાંતિ, સુરક્ષા અને સારા વાતાવરણ માટે સહકાર આપવા વિનંતી. ગામજનોએ આવકારી હતી.

# ધ્રાંગધ્રા એસટી ડેપોમાં દિવ્યાંગ મહિલા વિદેશી દારૂ સાથે ઝડપાઈ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા એસટી ડેપો વિસ્તાર વિકલાંગ મહિલાને વિદેશી દારૂ સાથે ઝડપી પાડવામાં આવી છે માહિતી મુજબ, ધ્રાંગધ્રા સીટી પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ધ્રાંગધ્રા એસટી ડેપો ખાતે એક બાકડા પર વિકલાંગ મહિલા થેલો લઈને શંકાસ્પદ રીતે બેઠી છે મળેલી બાતમીના આધારે પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી તપાસ દરમિયાન મહિલાના થેલામાંથી અલગ-અલગ બ્રાન્ડની ૩૩ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જેની કુલ અંદાજિત કિંમત રૂ. ૫,૯૪૦ હોવાનું જાણવા મળ્યું હતું પોલીસે આરોપી મહિલા જુલેખાબેન કરીમભાઈ સામતાણી, રહે. મામલતદાર કચેરી પાસે, ધ્રાંગધ્રા, ને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

## 'ઈતનાં સન્નાટા કયું હે ભાઈ', ગોંડલ પોલીસ બની આક્રમક

# રાત્રે દશ વાગ્યે પાનનાં ગલ્લા, ચાની કિટલી સહિત બજારો બંધ કરવાનું ફરમાન

## ડીઆઈજી નિર્લિપ્ત રાયની મુલાકાત બાદ પોલીસ એક્શન મોડમાં

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



રેન્જ ડીઆઈજી નો ચાર્જ સંભાળી નિર્લિપ્ત રાયે ગોંડલની મુલાકાત લીધી હતી. આ મુલાકાતની ધારી અસર થઈ હોય તેમ શહેર પોલીસે મોડી રાત સુધી જાગતા ગોંડલને વહેલા સુવડાવી દેવાની કવાયત શરુ કરતા રાત્રીનાં દશ કલાકે ગોંડલ સજ્જડ બંધ થઈ ગયુ હતુ.બન્ને ડીવીઝન નાં પોલીસ અધિકારીઓ તથા પોલીસ સ્ટાફે સતત બજાર વિસ્તારો તથા રાજમાર્ગો પર પેટ્રોલીંગ કરતા મોડીરાત સુધી જાગરણ કરતા રાત નાં રાજાઓ ઘર ભેગા થઈ ગયા હતાં.અને ગોંડલ ની સડકો પર સન્નાટો છવાયો હતો.

બસસ્ટેન્ડ વિસ્તારમાં ખાસ કરીને ગાંઠીયાની લારીઓ મોડીરાત સુધી ધમધમતી હોય છે. ઉનાળા એ આકરો મિજાજ દાખવવાનુ શરુ કર્યુ હોય ગોંડલ નાં ફેમસ ગોલાની લારીઓ પણ મોડી રાત સુધી ખુલ્લી રહેતી હોય છે.પરંતુ પોલીસ આક્રમક બનતા ધમધમતી બજારો રાત્રીનાં સુનકાર બનવા પામી હતી. પોલીસ ડીપાર્ટમેન્ટમાં સિંઘમ ગણાતાં નિર્લિપ્ત રાયની એક મુલાકાતથી ગોંડલ પોલીસ પણ સિંઘમ બની છે.



ગુન્હાખોરીને ડામવા પોલીસ મક્કમ બની હોય તેમ હવેથી રાત્રીનાં દશ કલાકે ખાણીપીણીથી લઈ તમામ બજારો બંધ કરવા ફરમાન જારી કર્યુ છે. ગઈકાલથી ગોંડલનાં માથાના દુખાવા રૂપ ટ્રાફિક સમસ્યા અંગે પણ શહેર આકરી બની છે. પોલીસે ટ્રાફિક મુદ્દે કડકાઈ દાખવતા આડેધડ ખડકાતાં વાહનો વ્યવસ્થિત પણે પાર્કિંગ કરેલાં જોવાં મળ્યા હતા.

# વિંછીયાના અમરાપર ગામે ગાંજાની ખેતી કરતા ઝડપાયેલો શામજી ઝાપડિયા જામીન મુક્ત

## કપાસના પાકમાંથી લીલા ગાંજાના ૧૩ છોડ મળી રૂ.૫.૨૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો તો

**અબતક,રાજકોટ**

વિછીયા તાલુકાના અમરાપર ગામે ત્રણ મહિના પહેલા સ્થાનિક પોલીસે વાડીમાં દરોડો પાડી રૂપિયા ૫. ૨૭ લાખના ગાંજાના વાવેતર સાથે ઝડપાયેલા ખેડૂત શામજી સવા ઝાપડિયા ની જામીન અરજી અદાલતે મંજૂર કરી છે.વધુ વિગત મુજબ વિંછીયા તાલુકાના અમરાપુર ગામે રહેતા શામજી સવાભાઈ ઝાપડીયા (ઉં.વ. ૬૧) એ પોતાની વાડીમાં કપાસના પાક વચ્ચે ગાંજાના છોડનું વાવેતર કર્યુ હોવાની પોલીસને મળેલી બાતમીના આધારે તારીખ ૧૩ ૧૨ ૨૫ ના રોજ દરોડો પાડ્યો હતો દરોડા દરમિયાન કપાસના પાકમાંથી ૧૪ કિલો અને ૧૧૦ ગ્રામ વજનના લીલા ગાંજાના ૧૩ છોડ મળી આવ્યા હતો, પોલીસે ગાંજા સહિત કુલ ₹૫.૨૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.પોલીસે માદક પદાર્થનું વાવેતર કરનાર ખેડૂત શામજીભાઈ ઝાપડીયાની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. તપાસ પૂર્ણ થતા શામજી ઝાપડિયા ને જેલ હવાલે કર્યો હતા.બાદ જેલ હવાલે રહેલા શામજી સવાભાઈ ઝાપડીયાએ વકીલ રૂપરાજસિંહ પરમાર મારફત રાજકોટની સ્પેશ્યલ એન.ડી.પી.એસ.કોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે.જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ પોલીસ દ્વારા જામીન અરજીનો વિરોધ કરવા સોગંદનામું રજુ કરી રજુઆત કરી કે પોતાના ખેતરમાંથી આરોપી હાજર મળી આવેલ હોય કાયદા મુજબ વધુ પ્રમાણમાં માદકપદાર્થ (ગાંજા)નો જથ્થો હોય જામીન મંજુર નહી કરવા રજુઆત કરી હતી.જે ઉભયપક્ષોની રજુઆતો સાંભળી આરોપી તરફે થયેલ દલીલો અને ઉચ્ચ અદાલતોના રજુ કરવામાં આવેલ ચુકાદાઓને ધ્યાને લઈ રાજકોટ સ્પેશ્યલ એન.ડી.પી.એસ.કોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી મંજુર કરી આરોપીને જામીન મુકત કરવાનો હુકમ કર્યો છે.આરોપી શામજીભાઈ ઝાપડીયા તરફે રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા અને પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.



રૂપરાજસિંહ પરમાર
(આરોપી ના એડવોકેટ)

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સ્વભંડોળ અને રેતી રોયલ્ટીના કરોડો રૂપિયાના કામોને બહાલી

## પ્રમુખ હંસાબેન પારેધીના અધ્યક્ષસ્થાને ૧૦ વર્ષ જૂના સરકારી વાહનને રદબાતલ કરી નવા વાહનની ખરીદીનો લેવાયો નિર્ણય

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા પ્રમુખ હંસાબેન પારેધીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં કુલ ૨૪ સભ્યોમાંથી માત્ર ૧૩ સભ્યો જ હાજર રહ્યા હતા. સભામાં સ્વભંડોળ અને રેતી રોયલ્ટીના કામો સહિત વિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જીલ્લા પંચાયતના કુલ ૨૪ સભ્યોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખ સહિત માત્ર ૧૩ સભ્યો હાજર રહ્યા હતા, જ્યારે વિપક્ષના ૧૦ સભ્યોમાંથી માત્ર ૨ સભ્યો જ હાજર રહ્યા હતા. આમ કુલ



૧૧ સભ્યો ગેરહાજર રહ્યા હતા. સભામાં વિવિધ વિકાસ કાર્યો અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. જેમાં જીલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી હેતુફેરના રૂ.૨૨ લાખના કામોને મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત રૂ.૧ કરોડની સૈધ્ધાંતિક મંજૂરી તેમજ રૂ.૧ કરોડ ૯૨ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી.

આ સાથે જીલ્લા પંચાયત કચેરી હસ્તકના નાયબ જીલ્લા વિકાસ અધિકારી (પંચાયત) દ્વારા ઉપયોગમાં લેવાતા જૂના બોલેરો રજી.નં. જીજે-૦૩-જીએ-૦૩૩૩નું ૧૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ થઈ જતા તેને રદબાતલ કરી તેના સ્થાને નવું વાહન ખરીદવાની મંજૂરી પણ આ સભામાં આપવામાં આવી હતી.

### ઈરાન-ઈઝરાયેલ યુધ્ધના માહોલ વચ્ચે

# વાંકાનેરમાં રો-મટીરીયલની આયાત અટકતા રિફેક્ટરીઝ ઉદ્યોગ પર સંકટ

## કાચામાલની અછત સામે નિકાસ અટકતા અનેક યુનીટો બંધ કરવાની નોબતઃ ચેમ્બર પ્રમુખ યજ્ઞેશ પટેલ

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વિશ્વમાં ચાલી રહેલા ઈરાન-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધની અસર માત્ર ''તે દેશો સુધી મર્યાદિત રહી નથી, પરંતુ તેની સીધી અને આડકતરી અસર વિવિધ દેશોના ઉદ્યોગો પર પણ જોવા મળી રહી છે. આ પરિસ્થિતિમાં વાંકાનેર તાલુકાનો રિફેક્ટરીઝ મિનરલ્સ ઉદ્યોગ પણ ગંભીર મુશ્કેલીમાં મુકાયો છે.

આ અંગે વાંકાનેર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ પ્રજ્ઞેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વાંકાનેરનો રિફેક્ટરીઝ ઉદ્યોગ પણ તેની અસરથી બચી શક્યો નથી. હાલ વિદેશમાં મોકલવાના એક્સપોર્ટ ઓર્ડર અટવાઈ ગયા છે અને રો મટિરિયલ્સની આયાત બંધ થઈ ગઈ હોવાથી ઉત્પાદન પ્રક્રિયા પર ગંભીર અસર પડીછે.

રિફેક્ટરીઝ પ્રોડક્ટ બનાવવા માટે અમુક પ્રમાણમાં રો મટિરિયલ્સ વિદેશથી આયાત કરવામાં આવે છે જ્યારે બાકીની સામગ્રી લોકલ માર્કેટમાંથી જુદી જુદી કંપનીઓ અને સપ્લાયરો પાસેથી મેળવવામાં આવે છે. પરંતુ હાલની યુદ્ધની સ્થિતિને કારણે આયાત પ્રક્રિયા ખોરવાઈ જતાં



ઉદ્યોગકારોની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

જો આવનારા સમયમાં પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો વાંકાનેરની અંદાજે ૫૦ થી ૬૦ જેટલી રિફેક્ટરીઓ બંધ કરવાની નોબત આવી શકે છે. જેના કારણે લગભગ ૩૦૦૦ જેટલા કામદારો, મજૂરો અને કર્મચારીઓ બેરોજગાર બનવાની શક્યતા છે.

રિફેક્ટરીઝ ઉદ્યોગ સાથે જોડાયેલા ટ્રાન્સપોર્ટ વ્યવસાય, લોડિંગ-અનલોડિંગ કામદારો તેમજ ફેક્ટરી આસપાસના નાના-મોટા વેપારીઓના ધંધા પર પણ તેની નકારાત્મક અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. યુદ્ધની સ્થિતિને કારણે લોકલ માર્કેટમાં પણ માંગમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, જેના કારણે ઉદ્યોગકારો માટે હાલની પરિસ્થિતિ વધુ ચિંતાજનક બની છે. ઉદ્યોગકારોના મતે જો યુદ્ધની પરિસ્થિતિ જલ્દી સમાપ્ત નહીં થાય તો વાંકાનેરના રિફેક્ટરીઝ ઉદ્યોગને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડી શકે છે.

યુધ્ધને કારણે રિફેક્ટરીઝ એન્ડ મિનરલ્સ ઉદ્યોગ માટે ઉપયોગી રો મટિરિયલ્સની આયાત અટકી પડી હોય તેમજ વિદેશમાં મોકલવાના એક્સપોર્ટ ઓર્ડરો પણ પેન્ડીંગ થઈ ગયા છે.

જેના કારણે ફેક્ટરીઓમાં તૈયાર થયેલી પ્રોડક્ટના ગોડાઉન ભરાઈ જતા ઉદ્યોગકારો માટે ઉત્પાદન ચાલુ રાખવું મુશ્કેલ બની ચુક્યું છે.

# વાંકાનેરઃ મારવેલ ગ્રુપ દ્વારા ૪૦ ગામોમાં રાહત ભાવે તરબુચ વિતરણનો સેવાયજ્ઞ

## મોમીન યુવાનો દ્વારા રમઝાનમાં નાતજાતના ભેદભાવ વિનાના સેવાયજ્ઞની સરાહના

**અબતક, લિનેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર તાલુકામાં ૪૦ થી વધુ ગામોમાં મોમીન યુવાનોના મારવેલ ગ્રુપ દ્વારા રમઝાન માસ નીમીતે માનવસેવા અનોખી સેવા શરુ કરવામાં આવી છે. રમઝાન માસના પ્રથમ દિવસથી જ તમામ ધર્મના લોકોને, કોઈપણ જાતના ભેદભાવ વગર રાહત ભાવે તરબુચ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે.

૩૦૦ થી વધુ મોમીન યુવાનો નિઃસ્વાર્થ ભાવથી આયોજનને સફળ બનાવી રહ્યા છે.

તાલુકાના મુખ્ય વિતરણ કેન્દ્રો તરીકે દાણાપીઠ ચોક મિલ્ટન કોકોનેટની બાજુમાં, ચંદ્રપુરમાં




કમાન ફર્નીચરની નીચે, સિંધાવદર ખાતે રેલવે સ્ટેશનની બાજુમાં મહીકા બોર્ડ પાસે ઉપરાંત ચંદ્રપુર, તીથવા, મહીકા, વીડી ભોજપરા અને કોઠારીયા એમ કુલ ૫ ગામોને સ્ટોરેજ પોઈન્ટ તરીકે નકકી કરવામાં આવ્યા છે. જયાંથી સમગ્ર તાલુકાના વિવિધ વિસ્તારોમાં તરબુચ પહોચાડવામાં આવી રહ્યાં છે.સમાજમાં એકતા સહકાર અને ભાઈચારાની ભાવનાને મજબુત બનાવતી આ સેવા પ્રવૃતિની તાલુકાવાસીઓ દ્વારા વ્યાપક પ્રસંશા કરવામાં આવી રહી છે.

# વાંકાનેરમાં બાકી વેરો વસુલવા નગરપાલિકા આકરા પાણીએઃ બાકીદારોની મિલકત સીલ કરવા આદેશ

## વેરા વસુલાત માટે આકરી કાર્યવાહીની ચિફ ઓફિસર ધવલ વેકરીયાની તાકીદ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર નગરપાલિકા દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારમાં ઘણા વર્ષોથી વાંકાનેર નગરપાલિકાને વેરો ના ભરતાં આસામીની મિલ્કત સીલ તેમજ ઘરના પાણીના કનેક્શન કાપવાનું શરૂ કરવામાં આવી છે અને આગામી સમયમાં પણ વેરા વસુલાત ઝુંબેશ ચાલુ રહેશે અને જે બાકીદારો વેરો નહીં ભરે તેવા લોકોના નામ પણ શહેરના અલગ-અલગ વિસ્તારમાં આવેલ હોર્ડિંગ્સ પર જાહેર કરવામાં આવશે તેવું વાંકાનેર નગરપાલિકાના નવનિયુકત ચીફ ઓફિસર







ધવલભાઈ વેકરીયા દ્વારા તાકીદ કરવામાં આવી છે. નગરપાલિકા વિસ્તારમાં જે આસામી દ્વારા ગેરકાયદેસર પાણી કનેક્શન લીધેલ છે. તેને રેગ્યુલર કરાવી જાવ નહિંતર ફોજદારી ગુન્હો નોંધવામાં આવશે અને દંડ પણ વસુલવામાં આવશે તેવો સ્પષ્ટ સંદેશ નગરપાલિકા ચીફ ઓફિસર દ્વારા આપવામાં આવેલ છે.

આ કામગીરીમાં ખુદ ચીફ ઓફિસર ધવલભાઈ વેકરીયા, એન્જિનિયર મહેશભાઈ, હેડ ક્લાર્ક હાર્દિકભાઈ, ટેક્ષ સુપ્રી પાર્થભાઈ, મયુરભાઈ, રસીદભાઈ તેમજ નગરપાલિકા ટીમે સાથે રહી કામગીરી શરૂ કરવામાં આવી છે.

# તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત રૂ.૨૭.૪૨ લાખનો મુદામાલ મૂળ માલિકોને પરત અપાયો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત અલગ અલગ ખોવાયેલા અથવા ચોરાયેલ મોબાઈલ શોધી તેમજ ઘરફોડ ચોરીના ગુનામાંથી રિકવર કરાયેલ કુલ રૂ.૨૭,૪૨,૩૯૨/- જેટલો મુદામાલ મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાય તથા મોરબી જીલ્લા એસ.પી. મુકેશ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રજાકલ્યાણ તથા પ્રજા ઉપયોગી કામગીરી માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તે અનુસંધાને ડી.વાય.એસ.પી. સમીર સારડાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગત તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ટંકારા પંથકમાં એક ફરીયાદી



બહારગામ ગયા હતા. ત્યારે અજાણ્યા આરોપીએ તેમના બંધ રહેણાંક મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કરી તિજોરી અને કબાટમાં રાખેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરી નાસી ગયો હતો. આ બનાવ અંગે ફરીયાદીએ ટંકારા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આરોપી સામે ગુનો નોંધાવ્યો હતો. આ ગુનાની તપાસ દરમિયાન મોરબી જીલ્લા પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડી તેની પાસેથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ.૨૬,૦૪,૧૦૫/-નો મુદામાલ કબજે કર્યો હતો. બાદમાં ટંકારા કોર્ટના હુકમ અનુસાર આ મુદામાલ ફરીયાદીને પરત સોંપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ટંકારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ અરજદારોના ગુમ થયેલા કુલ ૭ મોબાઈલ ફોન કિંમત રૂ.૧,૩૮,૨૮૭/-ના પણ શોધી કાઢી અરજદારોને પરત આપવામાં આવ્યા હતા. આ રીતે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત કુલ રૂ.૨૭,૪૨,૩૯૨/-નો મુદામાલ મોરબી જીલ્લા પોલીસ દ્વારા મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો હતો.

# બગથળા ગામે સેવા સેતુ કાર્યક્રમમાં નાગરિકોને વિવિધ સરકારી યોજના અંગે અપાઈ માહિતી

## નકલંક મંદિર મહંત દામજી ભગતના હસ્તે કાર્યક્રમ શરૂ, વિવિધ અધિકારીઓ અને આગેવાનો હાજર રહ્યા

**અબતક, ઋષિ મહેતા**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લોકોને એક જ સ્થળે સરળતાથી મળે અને અરજદારોની રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ થાય તે છે. આ કાર્યક્રમ અંતર્ગત મોરબી તાલુકાના બગથળા ગામે આજે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નકલંક મંદિરના મહંત દામજી ભગતના હસ્તે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન મોરબી જીલ્લા ભાજપ ઉપપ્રમુખ અરવિંદભાઈ વાસદડીયા, સરપંચ



હરેશભાઈ મેરજા, પૂર્વ સરપંચ હરેશભાઈ કાંજીયા તેમજ તલાટી મંત્રી અને તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી તેમજ તેમની અરજીઓ સ્વીકારી સ્થળ પર જ નિવારણ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# માળીયા(મી)ના હરિપર નજીક બે ડમ્પર વચ્ચે દબાઈ જતા ડ્રાઈવરનું મોત

**અબતક, ઋષી મહેતા**

માળીયા(મી): કંડલા-મોરબી નેશનલ હાઈવે પર હરીપર રેલવે બ્રિજ પાસે એક ડમ્પરના ચાલકનું મોત થયું હોવાની ઘટના અંગે પ્રાપ્ત માહિતી મુજબ, હરીયાણાના સંજય ભૈયારામ કશ્યપ ઉવ.૪૬ તથા અન્ય પાંચ ડમ્પરના સાથીઓ ડમ્પર લઈને જામનગર રિલાયન્સ કંપની ખાતે જઈ રહ્યા હતા. આ દરમિયાન માળીયા તરફ જતા રસ્તે પાંચ પૈકી એક ડમ્પર અચાનક બંધ પડી ગયું હતું. તેને ફરી શરૂ કરવા માટે પાછળથી આવેલા અન્ય ડમ્પર દ્વારા ધકકો મારી ચાલુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ દરમિયાન ડમ્પર ચાલક આરોપી પ્રદીપ રમેશ કશ્યપે આગળ પાછળ જોયા વગર એકદમ ગફલતભરી રીતે અને ફુલ સ્પીડમાં ડમ્પર રિવર્સ લઈ બંધ ડમ્પરને ધકકો માર્યો હતો. તે સમયે સંજય ભૈયારામ કશ્યપ બંને ડમ્પર વચ્ચે ઉભા હોવાથી તેઓ વાહનોના ઠાઠા વચ્ચે દબાઈ ગયા હતા, જેના કારણે સંજય ભૈયારામ કશ્યપને માથા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ તેમને સારવાર માટે માળીયા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે પોલીસે આરોપી ડમ્પર ચાલક પ્રદીપ રમેશ કશ્યપ બીએનએસ તથા એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદ નજીક બોલેરોએ બાઈકને અડફેટે લેતા કાકાની નજર સામે યુવાનનું મોત

## મોટરસાયકલ પર ચા પીવા જતી વેળાએ સર્જાયો અકસ્માત, કાકા ઘવાયા

**અબતક, રાજકોટ**

મોરબી જિલ્લાના હળવદ જીઆઈડીસી માર્કેટયાર્ડ પાસે ધુળેટીના પર્વે સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૧૭ વર્ષીય યુવાનનું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અજાણ્યા બોલેરો ચાલકે મોટરસાયકલને અડફેટે લેતા સર્જાયેલા આ અકસ્માતમાં મૃતકના કાકા હાલ હોસ્પિટલમાં સારવાર અર્થે છે. પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી જિલ્લાના હળવદ જીઆઈડીસી માર્કેટયાર્ડ પાસે રહેતા હમીરભાઈ કાળાભાઈ માણેક (ઉં.વ. ૧૭) ગત ૪ માર્ચના રોજ ધુળેટીના દિવસે પોતાના કાકા સાથે મોટરસાયકલની પાછળ બેસીને ચા પીવા જઈ રહ્યા હતા. આ દરમિયાન હળવદ જીઆઈડીસી ચોકડી પાસે એક પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા બોલેરો ચાલકે તેમના બાઈકને જોરદાર ટક્કર મારી હતી અકસ્માતમાં હમીરભાઈ અને તેમના કાકા બંનેને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક પ્રથમ હળવદ અને ત્યારબાદ વધુ સારવાર માટે મોરબી ખસેડાયા હતા. સ્થિતિ વધુ નાજુક જણાતા તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં ગઈકાલે ટૂંકી સારવાર બાદ હમીરભાઈનું મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક હમીરભાઈ બે ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના હતા અને છૂટક મજૂરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતા હતા. વહાલસોયા પુત્રના મોતથી માણેક પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદના કડીયાણા ગામે સમાધાન બેઠક દરમિયાન હિંસક હુમલો

## જૂના ઝઘડાનું સમાધાન માટે ભેગા થયેલા બે જૂથ વચ્ચે છરી-તલવાર અને પાઈપથી મારમાર્યો

**અબતક, ઋષી મહેતા**

હળવદ તાલુકાના કડીયાણા ગામે અગાઉના ઝઘડાના મુદ્દે સમાધાન કરવા બોલાવવામાં આવેલી બેઠક દરમિયાન બે જૂથ વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. બંને પક્ષોએ એકબીજા સામે હુમલો અને મારામારીના આક્ષેપો સાથે હળવદ પોલીસ સ્ટેશનમાં અલગ-અલગ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને કેસમાં કુલ પાંચ આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.


હળવદ તાલુકાના કડીયાણા ગામે જૂના ઝઘડાને લઈ સમાધાન માટે બોલાવવામાં આવેલી બેઠક દરમિયાન બે જૂથ વચ્ચે ગંભીર મારામારીની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે બંને પક્ષોએ એકબીજા સામે હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતા તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં પ્રથમ ફરિયાદ મુજબ કડીયાણા ગામની સીમમાં રહેતા જશીબેન કાળુભાઈ વાઘેલા (ઉવ.૪૭)એ આરોપી મહાદેવભાઈ કાળુભાઈ કોળી, સામંતભાઈ મહાદેવભાઈ કોળી અને એક અજાણ્યો ઈસમ એમ ત્રણ આરોપીઓ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, અગાઉ થયેલા ઝઘડાના સમાધાન માટે તેમને માથક ચોકડી પાસે બોલાવવામાં આવ્યા હતા. તે સમયે રાયધ્રા ગામના મહાદેવભાઈ કાળુભાઈ કોળી, સામંતભાઈ મહાદેવભાઈ કોળી અને એક અજાણ્યા વ્યક્તિ કારમાં આવી પહોંચ્યા હતા. અને આરોપીઓએ ગાળો બોલી ઢીકા-પાટુનો માર મારી તલવાર, છરી અને કુહાડી જેવા હથિયારથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરીયાદીને પેટ અને ડાબા હાથમાં છરીથી ઈજા પહોંચી હતી, જયારે તેમના પુત્ર નવઘણભાઈને છાતી અને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

જયારે સામાપક્ષે ફરિયાદી મહાદેવભાઈ કાળુભાઈ દેત્રોજા રહે. રાયધ્રાએ આરોપી નવઘણભાઈ કાળુભાઈ દેવીપૂજક અને વિક્રમભાઈ રહે.ગામ કડીયાણા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખી કડીયાણા ગામના નવઘણભાઈ દેવીપુજક અને વિક્રમભાઈએ તેમને ગાળો બોલી હુમલો કર્યો હતો. બંને પક્ષની સામસામે ફરિયાદને આધારે હળવદ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ જી.પી. એક્ટની કલમ હેઠળ અલગ-અલગ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઝુલતા પુલને નવેસરથી બનાવવા ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એસો.ની મુખ્યમંત્રીને રજુઆત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરની ઐતિહાસિક ઓળખ સમાન ઝૂલતા પુલને ફરીથી યોગ્ય રીતે બનાવવા માટે ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એસોસિયેશનના જનરલ સેક્રેટરી કે.ડી. બાવરવાએ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી છે. રજુઆતમાં જણાવાયું છે કે મોરબી શહેર ભલે કોર્પોરેશન બન્યું હોય, છતાં શહેરની અનેક ઐતિહાસિક ધરોહરો જર્જરિત સ્થિતિમાં હોવાની ચિંતા સ્થાનિક લોકો વ્યક્ત કરી રહ્યા



છે. જેમાં મહેન્દ્રસિંહજી હોસ્પિટલનું ઐતિહાસિક બિલ્ડિંગ, મણિમંદિર, ઝૂલતો પુલ તેમજ શહેરના બગીચાઓ જેવી ધરોહરોની હાલત અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

મોરબી એક સમય સૌરાષ્ટ્રનું 'પેરિસ' ગણાતું હતું, પરંતુ હાલમાં વિકાસના મુદ્દે શહેર પાછળ જઈ રહ્યું હોય તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે. તેથી મોરબીની ઓળખ સમાન ઝૂલતા પુલને નવેસરથી યોગ્ય રીતે બનાવી શહેરની જનસુવિધાઓમાં વધારો કરવા રાજ્ય સરકાર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ રજૂઆતમાં કરવામાં આવી છે.

# કમ્મરતોડ વ્યાજ વસુલી, દાગીના પડાવી અનેક લોકોને પાયમાલ કરી દેનાર નિલેશ મકવાણાની ધરપકડ

## ભાયાવદરમાં દિકરીની સારવાર માટે પ્રોઢે લીધેલા રૂ.૩૦ હજાર સામે ૩૬ હજાર અને ૪.૫૦ લાખના દાગીના પડાવી પરત નહિ આપનાર વ્યાજખોર રાજકોટથી ઝડપાયો

## સ્થાનિક પોલીસે આરોપીને પકડી બે દિવસના રિમાન્ડ પર લીધો, વ્યાજખોરીનો ભોગ બનનાર લોકોએ પોલીસનો સંપર્ક કરવાં અનુરોધ

**અબતક**

ભાયાવદરના લોકોને ગેરકાયદે નાણાં ધીરી, કમ્મરતોડ વ્યાજ વસુલી, દાગીના પડાવી લઈ પાયમાલ કરી દેનાર વ્યાજખોરને રાજકોટથી પોલીસે પકડી પાડી બે દિવસના રીમાન્ડ પર લીધો હતો. વ્યાજખોર નિલેશ મકવાણાએ અનેક લોકોને આર્થીક પાયમાલ કરી દિધા હતાં. દિકરીની સારવાર માટે પ્રોઢે લીધેલ રૂ.૩૦ હજાર સામે ૩૬ હજાર પડાવી ૪.૫૦ લાખના દાગીના પણ પરત કર્યા ન હતાં.

બનાવ અંગે ઉપલેટાના પડવલા ગામે રહેતાં અશોકભાઈ ગેલાભાઈ કાકરીયા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નિલેશ નાનાલાલ મકવાણા (રહે. મૂળ ભાયાવદર, હાલ રાજકોટ) નું નામ આપતાં ભાયાવદર પોલીસે મનીલેન્ડ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.



વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મજુરીકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમા ચાર દીકરી તથા એક દીકરો છે.

વર્ષ ૨૦૧૫ માં તેઓની દીકરી ફાલ્ગુનીને લોહીની બીમારી હોય જેથી દવાખાનાના કામ સબબ રૂપિયાની જરૂરત પડતા ભાયાવદરમા રહેતા ઓળખીતા નીલેશ મકવાણા(દરજી) જે દરજીકામ સાથે વ્યાજનો ધંધો પણ કરતા હતા, તેમને મળેલ અને વાત

### એક વર્ષ સુધી વ્યાજ ચૂકવ્યું, મૂળ રકમ પણ આપી દીધી છતાં વ્યાજખોરે સાડા અઢાર તોલાના દાગીના પરત ન આપ્યાઃ દૂધના વેપારીની રાવ

મૂળ ભાયાવદરનો અને હાલ રાજકોટ રહેતો વ્યાજખોર નિલેશે વડાળી રોડ પર રહેતા દૂધના વેપારી પાસેથી રૂ. ૯૦ હજારના ત્રણ ટકા વ્યાજ પડાવી સાથે સાડા અઢાર તોલાના દાગીના પડાવી લીધા હતા. એક વર્ષ સુધી વ્યાજ ભર્યા બાદ વેપારીએ વ્યાજખોરને રૂ. ૯૦ હજારની મુદ્દલ પણ ચૂકવી દીધી હતી. તેમ છતાં વ્યાજખોરે ઘરેણાં પરત નહિ આપતાં અંતે વેપારીએ ફરિયાદ નોંધાવી હતી.

કરેલ કે, મારે ૧૫ હજાર રૂપિયાની જરૂરીયાત છે, તમે મને આપો જેથી તેને કહેલ કે, તમારે રૂપિયાના બદલામાં સોનુ ગીરેવ મુકવુ પડશે, ફરીયાદીએ સોનાના ઘરેણા જેમા ૩ વીંટી, ૧ સોનાની માળા તેને આપતાં વ્યાજખોરે તેના બદલામાં ૧૫ હજાર રૂપિયા ૫ ટકા વ્યાજ લેખે આપેલ હતાં.

ત્યારબાદ દવાખાનાના કામથી વધુ રૂપિયાની જરૂરત પડતા ફરીવાર તેને ફોન કરેલ અને રૂપિયા બાબતે વાતચીત કરતા તેને કહેલ કે, હું ઉપલેટા છું, તમે આવો તેમ કહેતા ઉપલેટા જીકરીયાચોકમાં આવેલ એક કાપડની દુકાને ગયેલ અને ૧૫ હજાર રૂપિયા આપવા બાબતે વાતચીત કરતા તેણે કહેલ કે તમારે વધારે રૂપિયા લેવા હોય તો ફરી પાછા સોનાના ઘરેણા ગીરવે આપવા પડશે તેમ વાત કરતા કહેલ કે, મારી પાસે હવે બીજા કોઈ સોનાના ઘરેણા નથી પરંતુ તમારૂ થતુ વ્યાજ હું તમને ટાઈમ સર આપી દઈશ, મુદલ રકમ પણ ટાઈમસર પાછી આપી દઈશ.

જેથી આરોપીએ રૂ. ૧૫ હજાર આપતાં દર મહીને ૩૦ હજાર રૂપિયાનુ કુલ વ્યાજ ૧૫૦૦ તેને આપી દેતો અને બે વર્ષ સુધી તેને આ તેના રૂપિયાનુ વ્યાજ ભરેલ બાદ વ્યાજની સગવડતા ન થતા વ્યાજખોર પડવાલા ગામે ઘરે આવેલ અને કહેલ કે, તુ મને મારા રૂપિયા આપી દે, પરંતુ તેઓને દવાખાનુ ચાલુ હોય અને રૂપિયાની સગવડ ન હોય જેથી કહેલ કે, હમણા મારી પાસે રૂપિયા નથી, હું સગવડ કરી તમને તમારા રૂપિયા પાછા આપી દઈશ, પરંતુ દર મહીને ટાઈમસર તમારૂ વ્યાજ હું તમને આપી દઈશ તેમ કહેતા તેને કહેલ કે તેના બદલામાં હું બીજુ સોનુ લઈશ અને તે તારે અત્યારે જ આપવુ પડશે અને જો તુ મને નહી આપ તો તને જીવવા નહી દઉં અને હું વ્યાજનુ વ્યાજ પણ લઈશ.

ઉપરાંત ફરીયાદીને ધમકાવી ઘરે રહેલા સોનાના ઘરેણા ધમકી આપી બળજબરીથી લઈ ગયેલ અને કહેલ કે હવે સમયસર વ્યાજ ભરતો રહેજે અને મારી મુદ્દલ રકમ પણ આપી દેજે નહીતર તારી બીજી વસ્તુ પણ લઈ જઈશ. બાદ થોડાક સમય બાદ રૂ.૩૦ હજાર લઈને ગયેલ અને કહેલ કે, તમારા રૂપિયા જમા કરો અને મારા સોનાના ઘરેણા મને આપી દો તેમ કહેતા તેને કહેલ કે, થોડા દીવસ પછી તમને તમારા ઘરેણા આપી દઈશ ત્યારે તમે રૂપિયા આપી દેજો, ત્યારબાદ ઘણી વાર તેને મળી સોનાના ઘરેણા પાછા આપી દેવાનુ કહેતા તે બહાના બતાવતા હતા.

જેથી ગામના લોકોને વાત કરતા તેઓએ પણ આ નીલેશને મારૂ સોનુ પરત આપી દેવા જણાવેલ પરંતુ સોનુ પરત આપેલ નહી ત્યાર બાદ તે ભાયાવદર ગામ મુકી જતો રહેલ અને તેનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ આવતો હતો. પરંતુ બે દિવસ પહેલા સોશીયલ મીડીયામાં ભાયાવદર પોલીસની એક પ્રેસ નોટ જોયેલ જેમાં વ્યાજનો ભોગ બનેલ હોઈ તેવા વ્યકતીઓએ પોલીસ સ્ટેશન ખાતે આવી ફરીયાદ કરવા જણાવતાં તેઓ પોલીસ મથકે દોડી આવ્યાં હતાં અને વ્યાજખોર શખ્સ સામે સોનાના દાગીના ગીરવે મુકી તેની પાસેથી લીધેલ રૂ.૩૦ હજાર સામે મહીને ૫ ટકા વ્યાજ લેખે બે વર્ષના રૂ. ૩૬ હજાર ચુકવેલ હોય તેમ છતા રૂ.૪.૫૦ લાખના દાગીના પડાવી લેતાં ફરીયાદ નોંધાવી હતી.

ભાયાવદર પોલીસે ગઈ તા. ૦૭ ના પોલીસ સ્ટેશન ખાતે વ્યાજખોરોનો ભોગ બનેલ હોય તેવા લોકોની રજુઆત સાંભળી તેઓની રજુઆત પરથી કાર્યવાહી કરવા તેમજ જરૂરિયાતમંદોને અલગ અલગ બેંક મારફતે લોન બાબતે માહિતગાર કરવા લોન મેળાનું આયોજન કરેલ હોય જે દરમ્યાન વ્યાજખોરીનો ભોગ બનનાર વ્યકિતએ પોતાની ફરિયાદ નોંધાવતા પીઆઈ વી.સી.પરમારની રાહબરીમાં ટીમે ટેકનીકલ તેમજ હ્યુમન સોર્સિસના માધ્યમથી તપાસ કરી વ્યાજખોર નિલેશ નાનાલાલ મકવાણા (ઉ.વ.૫૭, રહે.રાજકોટ, રેલનગર ૦૨, શિવદ્રષ્ટિ પાર્ક મેઈન રોડ, મુળ ગામ ભાયાવદર) ને ગણતરીની કલાકોમાં પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આરોપીના કોર્ટમાંથી ૦૨ દિવસના ના રીમાન્ડ મેળવવામાં આવેલ છે.

ઉપરાંત પોલીસે પકડાયેલ આરોપી દ્વારા અથવા તો અન્ય કોઈ પણ વ્યકિત દ્વારા વ્યાજખોરીનો ભોગ બનેલ હોય તો નિશંકપણે અને નિર્ભિક રીતે ભાયાવદર પોલીસનો સંપર્ક કરવાં અનુરૂકરાયો હતો.

# જૂનાગઢમાં મિલકતના ભાગ પ્રશ્ને વૃધ્ધ માતાને દંપતીએ ઢસડ્યાં

## પુત્ર અને પુત્રવધુ સામે નોંધાતો ગુનો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં કળિયુગને નીચું જોવડાવે તેવી ઘટના પોલીસ દફતરે નોંધાઈ છે, શહેરમાં વૃદ્ધ માતાને પોતાના સગા દીકરા અને પુત્રવધુએ મિલકતના ભાગ મુદ્દે વૃધ્ધાને ઢસડી ઈજા પહોંચાડી હતી જ્યારે સાસુને છોડાવવા વચ્ચે પડેલી સગર્ભા નાની વહુને ધક્કો મારતા સાસુ, વહુને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ, શહેરના કડિયાવાડ વિસ્તારમાં આવેલ વણકરવાસમાં રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધા અમીબેન જેસીંગભાઈ રાઠોડ એ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ગત રવિવારના રાત્રિના વૃદ્ધા અમીબેન એ તેના ૩ દીકરા તથા દિયરને તેણીના પતિની મિલકતના મકાનના ભાગ પાડવા બાબતે બોલાવ્યા હતા. અને વાતચીત ચાલી રહી હતી, તે દરમિયાન તેના પુત્ર નરેશભાઈએ ઉશ્કેરાઈ જઈને પોતાની માતા અમીબેન સાથે ગાળાગાળી અને ઝપાઝપી કરી હતી. અને નરેશભાઈ તથા તેની પત્ની વર્ષાબેને વૃદ્ધાને પકડી જમીન પર નીચે પાડી દઈ ઢસડયા હતા, જેના કારણે વૃદ્ધાને ઈજાઓ પહોંચી હતી. આ દરમિયાન ઝઘડામાં વચ્ચે પડેલા નાના દીકરા ગિરીશના સગર્ભા પત્ની સોનલબેનને પણ ધક્કો મારતા સોનલબેન બેભાન થઈ ગયા હતા. બાદમાં ઈજાગ્રસ્ત વૃદ્ધા અને તેના સગર્ભા પુત્રવધૂને સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાફરીયાદી અમીબેન જેસીંગભાઈ રાઠોડની ફરિયાદના આધારે એ ડિવિઝન પોલીસે આરોપી એવા વૃધ્ધાના પુત્ર નરેશ, પુત્રવધુ હર્ષા સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ઉનાના ખજુદ્રા ગામે જુગાર રમતાં છ ઝડપાયાં

**અબતક, ઉના**

ઊના તાલુકા ના ખજુદ્રા ગામે જાહેરમાં હારજીતનો જુગાર રમતા છ જુગારીઓને રોકડા રૂપિયા ૬૪૩૬૦/સાથે પકડી પાડ્યા છે.

ઊના ના પોલીસ ઈન્સ્પેકટર નિલેશભાઈ બી ચૌહાણની સૂચના થી એ. એસ. આઈ. શાંતિભાઈ વેલાભાઈ મકવાણા, જોરૂભા નારણભાઈ મકવાણા હેડ કોન્સ્ટેબલ હરપાલ સિંહ મહાવીર સિંહ ચુડાસમાં, પો. કો. ભાવસિંહ ગોવિંદ ભાઈ પરમાર, અનિલ ભાઈ ભૂપત ભાઈ જાદવ સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી



હતી કે ઊના તાલુકાના ખજુદ્રા ગામમાં પ્લોટ વિસ્તારમાં સાયકલોન સેન્ટર તરફ જતા રોડ ઉપર ભગાભાઈ સોલંકીના ઘર પાસે ખુલ્લામાં અમુક લોકો રૂપિયાની જાહેર માં તીન પતિ નો જુગાર રમતા કાળુ ઉકાભાઈ ચૌહાણ, રમેશ રામભાઈ શિયાળ, મનુ ઉકાભાઈ ચૌહાણ, બાલુ બોઘાભાઈ સોલંકી, મુકેશ રામભાઈ બાંભણિયા રે. તમામ ને રોકડા રૂપિયા ૬૪૩૬૦/ અને ગંજી પત્તા સાથે પકડી લીધા હતા અને ઊના પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કરી કાર્ય વાહી કરી હતી.

# જેતપુરની ધારેશ્વર જીઆઈડીસી નજીક યુવક પાસેથી પૈસા ભરેલો થેલો લૂંટી લેવાનો પ્રયાસ

## નેશનલ હાઈવે પરથી ઈલેક્ટ્રિક સ્કૂટર લઈને પસાર થયેલા મોબાઈલના ધંધાર્થી પર બુકાનીધારી શખ્સોનો પાઈપ વડે હુમલોઃ થેલો આંચકી લેવાનો પ્રયાસ

### યુવક સ્કૂટર મૂકી પૈસા ભરેલા થેલા સાથે જીઆઈડીસીમાં દોડી જતાં લૂંટનો બનાવ સહેજથી અટક્યોઃ ઉદ્યોગનગર પોલિસે તપાસ આદરી

**અબતક, રાજકોટ**

જેતપુરની ધારેશ્વર જીઆઈડીસી નજીક નેશનલ હાઈવે પર ઈલેક્ટ્રિક સ્કૂટર પર પૈસા ભરેલો થેલો લઈને જઈ રહેલા મોબાઈલના ધંધાર્થી પર લોખંડના પાઈપ વડે લૂંટના ઈરાદે હુમલો કરવામાં આવ્યો હતો. રાત્રિના સમયવ રોડ પર લોખંડના પાઈપ સાથે ઉભેલા બે બુકાનીધારી શખ્સોએ યુવકને માર મારી પૈસા ભરેલો થેલો લૂંટી લેવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે, યુવક પૈસા ભરેલા થેલા સાથે દોડીને જીઆઈડીસીમાં ચાલી જતાં લૂંટનો બનાવ સહેજથી અટક્યો હતો. બનાવ અંગે જેતપુર ઉદ્યોગનગર પોલિસેં ગુનો નોંધી બુકાનીધારી શખ્સોની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે જેતપુરમાં ભાદરના સામાકાંઠે હનુમાન મંદિર પાસે રહેતા ૨૬ વર્ષીય યુવાન વેપારી ખુશાલભાઈ જેન્તીભાઈ મહેતાએ બે અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું ધારેશ્વર જી.આઈ.ડી.સી. જેતપુર ખાતે જય જલારામ મોબાઈલ નામની દુકાન ચલાવી વેપાર કરૂ છું. ગત તા.૧૦-૦૩-૨૬ ની રાત્રિના આશરે ૯/૩૦ વાગ્યે હું મારી દુકાનના વેપારના પૈસા આશરે દોઢ થી બે લાખ રૂપિયા મારા બેગમાં મૂકી મારૂ ઈલેક્ટ્રીક મોટર સાયકલ લઈ દુકાન બંધ કરી મારા ઘરે જતો હતો. ત્યારે રાજકોટ-પોરબંદર નેશનલ હાઈવે રોડ ધારેશ્વર ચોકડી જેટકોના ગેટ સામે હાઈવે ઉપર પહોંચતા ત્યાં બે બુક્કાનીધારી શખ્સો હાથમાં લોખંડનો પાઈપ લઈ રોડની વચ્ચોવચ ડિવાઈડર પાસે ઉભેલા હતા. જેમાંથી એક વ્યક્તિએ તેના હાથમાં રહેલા લોખંડના પાઈપ વડે મને માથામા ઘા મારવા જતા મેં મારો જમણો હાથ આડો રાખતા મને જમણા હાથમાં તથા છાતીના ભાગે મુંઢ ઈજા થયેલ હતી. જેથી મને બીક લાગતા હું ભાગવા જતા બુકાનીધારી શખ્સોએ મારા ખંભે રહેલ પૈસા ભરેલ થેલો પકડવાની કોશિશ કરી રૂક રૂક બોલેલ હતા. જો કે, હું ત્યાંથી પૈસા ભરેલા થેલા સાથે જી.આઈ.ડી.સી. ખાતે આવેલ મારી જય જલારામ મોબાઈલની દુકાન ખાતે ભાગીને જતો રહેલ હતો અને મારૂ ઈલેક્ટ્રિક સ્કૂટર બનાવ સ્થળે જ છોડી દીધેલ હતું. રસ્તામાં મેં મારા મોટાભાઈ જીગ્નેશભાઈને બનાવ બાબતે જાણ કરતા તેમણે ૧૧૨ હેલ્પલાઈનમાં ફોન કરી પોલિસને બનાવસ્થળે બોલાવી હતી. વધુમાં યુવાને જણાવ્યું હતું કે, ત્યારબાદ અમે બંને ભાઈઓ બનાવસ્થળે જતાં ત્યાં મારૂ ઈલેક્ટ્રિક સ્કૂટર ચાલુ હાલતમાં રોડની વચ્ચે ડિવાઈડર નજીક પડેલ હતું. જયારે મારી ઉપર હુમલો કરવામાં ઉપયોગમાં લીધેલો લોખંડનો પાઈપ પણ ત્યાં ડિવાઈડર પરથી મળી આવ્યો હતો. જે બાદ યુવકે સમગ્ર મામલે જેતપુર ઉદ્યોગનગર પોલિસ મથકે દોડી જઈ ફરિયાદ આપતાં પોલિસેં ગુનો નોંધી બંને બુકાનીધારી શખ્સોની શોધખોળ આદરી હતી.

# જસદણના કનેસરા ગામે બાવળના ઝાડ સાથે યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## પાડોશીએ લટકતી હાલતમાં જોતા બનાવ પ્રકાશમાં આવ્યો, પોલીસે કારણ જાણવા તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના કનેસરા ગામે ૨૫ વર્ષીય શ્રમિક યુવાને પોતાની વાડીએ બાવળના ઝાડ સાથે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. યુવાનના મોતથી પરિવારમાં અરેટાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, કનેસરા ગામમાં રહેતા વિજયભાઈ ભોળાભાઈ બાવળિયા (ઉં ૨૫) ગત રાત્રિના સમયે પોતાની વાડીએ હતા. મોડી રાત્રે કોઈ અગમ્ય કારણોસર તેઓએ વાડીમાં આવેલા બાવળના ઝાડમાં દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. આજે વહેલી સવારે જ્યારે પડોશી વાડીના લોકો કામ અર્થે ત્યાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે વિજયભાઈને ઝાડ પર લટકેલી હાલતમાં જોતા તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. જોકે, ઘટનાસ્થળે પહોંચેલા તબીબોએ જોઈ તપાસી વિજયભાઈને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક વિજયભાઈ ત્રણ ભાઈઓમાં સૌથી મોટા હતા અને અપરિણિત હતા. તેઓ મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

બનાવની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. યુવાને કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે હજુ જાણી શકાયું નથી. હાલમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# હળવદ નજીક રૂ.૪.૬૪ લાખના દારૂના સાથે જાન મહમદ પકડાયો

## રામદેવ હોટલના પાર્ક કરેલા ટ્રકમાં માટીના આડમાં દારૂની હેરાફેરી પર્દાફાશઃ રૂ.૧૫.૧૪ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ પોલીસે અમદાવાદ-હળવદ હાઈવે પર સુખપર ગામ નજીક ટ્રકમાં માટીની આડમાં છુપાવી લાવવામાં આવતો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો હતો. પોલીસે ૪,૨૨૩ બોટલ દારૂ સહિત કુલ રૂ.૧૫,૧૪,૧૬૫/-નો મુદામાલ કબજે કરી ટ્રક ચાલક આરોપીને ઝડપી પાડ્યો છે. હાલ આ વિદેશી દારૂનો જથ્થો મોકલનાર, મંગાવનાર સહિતના આરોપીઓને પકડી લેવા હળવદ પોલીસે અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



મોરબી જીલ્લામાં પ્રોહીબીશન અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓના અનુસંધાને હળવદ પોલીસે મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરી છે. જેમાં હળવદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આર.ટી. વ્યાસના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે મળેલી બાતમીના આધારે અમદાવાદ-હળવદ માળીયા હાઈવે પર સુખપર ગામ નજીક રામદેવ હોટલના પાર્કિંગમાં ઉભેલી અશોક લેલેન્ડ ટ્રક રજી.નં. આરજે-૫૨-જીએ-૯૨૦૪ ની તલાસી લેતા, ટ્રકમાં સફેદ પાવડર (માટી)ની આડમાં છુપાવી રાખવામાં આવેલી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૪,૨૨૩ બોટલ કિ.રૂ.૪,૬૪,૬૦૦/- મળી આવી હતી. આ સાથે પોલીસે વિદેશી દારૂ ઉપરાંત ટ્રક, મોબાઈલ ફોન, રોકડ રકમ સહિત કુલ રૂ.૧૫,૧૪,૧૬૫/-નો મુદામાલ કબજે કર્યો હતો. આ મામલે ટ્રક ચાલક આરોપી જાન મહમદ અબ્દુલ રસીદ મેવ રહે.નીમલી તા.તિજારા જી.અલવર રાજસ્થાન વાળાને ઝડપી લઈ તેના વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સફળ કામગીરીમાં વાંકાનેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડા, હળવદ પોલીસ ઈન્સ્પેકટર આર.ટી. વ્યાસ, પીએસઆઈ આર.બી. ટાપરીયા સહિત હળવદ પોલીસ સ્ટાફ જોડાયેલ હતા.

# ગઘેથડ ગામે શ્રમિક પરિવારની ૧૨ વર્ષીય પુત્રી પર કૌટુંબિક પિતરાઈએ દુષ્કર્મ ગુજાર્યો

## સગીરાને પ્રેમજાળમાં ફસાવી રાત્રિના સમયે વાડીએ ઘસી આવી દેહ ચૂંથ્યો, પરિવાર જોઈ જતાં હવસખોર નાસી ગયોઃ ભાયાવદર પોલિસ મથકમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

દાહોદ પંથકના ખેત શ્રમિક પરિવારની ૧૨ વર્ષીય સગીર પુત્રી પર કૌટુંબિક પિતરાઈએ દુષ્કર્મ ગુજાર્યો હતો. સગીરાને પ્રેમ જાળમાં ફસાવી વાડી ખાતે ધસી આવી અજય ભુરીયા નામના શખ્સેં સગીરાનું શિયળ લૂંટી લીધું હતું. બાદમાં હવસખોરના શેઠે અજય વિરુદ્ધ ફરિયાદ કરતા નહિ કરી સગીરાના પિતા, ભાઈ અને ફુઆને ચપ્પલ અને ઢીંકાપાટુનો માર માર્યો હતો. જેથી બાળકીએ ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે ભાયાવદર પોલિસેં અલગ અલગ બે ગુના નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે મૂળ દાહોદના વતની અને હાલ ઉપલેટાના ગઘેથડ ગામે રહી ખેત મજૂરી કરતા ૪૫ વર્ષીય શ્રમિકએ આરોપી તરીકે ગઘેથડ ગામેં રહી ખેત મજૂરી કરતા અજય લાલાભાઈ ભુરીયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે સંતાનમાં બે દીકરા તથા એક ૧૨ વર્ષની દીકરી છે.

છેલ્લા પાંચ-છ દીવસથી હું તથા મારા પત્ની એમ વતનમાં મારા કૌટુંબીક માસી ગુજરી ગયેલ હોય જેથી ત્યાં ગયેલ હતા. મારા સંતાનો ગઘેથડ ગામે હતા. તા.૦૯/૦૩/૨૦૨૬ ના બપોરના ત્રણ વાગ્યે

### હુમલાની ઘટનાને પગલે ડઘાઈ ગયેલી બાળકીએ પાકમાં છાંટવાની રાસાયણિક દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો

ગઘેથડ ગામે પરત આવતા મારા દીકરાની પત્નીએ અમને કહેલ કે, નણંદ તથા ગઘેથડ ગામના ભગીરથસિંહની વાડીએ રહેતા આપણા સંબંધી અજય લાલાભાઈ ભુરીયા રાત્રીના દોઢેક વાગ્યે આપણી વાડીની બાજુમાં બેઠા હતા. દરમિયાન અમે પહોંચતા અજય ભાગી ગયેલ હતો. જેથી આ બાબતે દીકરીને પુછતા તેણે કહેલ કે, અમે એકબીજા પસંદ કરીએ છીએ જેથી અજય મળવા આવેલ હતો અને અમારે લગ્ન કરવા છે તેમ વાત કરેલ હતી. અજય મારા કુટુંબી બહેનનો દીકરો થતો હોય જેથી સાંજના ચાર વાગ્યે અમેં તેની વાડીએ જતા મારા બહેન રમીલા તથા મારા બનેવી લાલાભાઈ હાજર હોય તેમને બનાવની વાત કરી અજયને સમજાવવાનુ કહી પરત આવી ગયેલ હતા. જે બાબતે મોટાભાઈને જાણ કરતા તેમને મને પોલિસ મથકે જાણ કરવાનું કહેતા અમે ભાયાવદર પોલિસ મથકે ગયા હતા અને પોલિસને સમગ્ર બનાવની જાણ કરી હતી પણ ફરિયાદ નોંધાવી ન હતી.

બાદ ગઈ તા.૧૦/૦૩/૨૦૨૬ ના બપોરના હું વાડીની ઓરડી ખાતે હતો ત્યારે દીકરીએ જણાવેલ કે, ગઈકાલે મને બીક લાગતા મે તમને બધી હકીકત જણાવેલ નથી પરંતુ ખરેખર તા.૦૯/૦૩/૨૦૨૬ ના રાત્રીના અજય ભુરીયા મને મળવા આવેલો અને બળજબરીથી મારી સાથે શરીર સબંધ બાંધેલ હતો. આપણે એકબીજાને ઝઘડો ન થાય તે માટે મે તમને આ બાબતની જાણ કરેલ ન હતી.

### પરિવારજનો પોલિસ મથકે જતાં દુષ્કર્મ આચરનાર શખ્સના શેઠે સગીરાના પિતા, ભાઈ અને કુઆ પર હુમલો કર્યો

જેથી સગીરાના પિતાએ ભાયાવદર પોલિસ મથકે દોડી જઈ ફરિયાદ આપતાં પોલિસેં દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી અજય લાલાભાઈ ભુરીયા વિરુદ્ધ કાર્યવાહી આરંભી હતી.

સગીરાના પિતાએ નોંધાવેલી અન્ય એક ફરિયાદમાં અજય ભુરીયાના શેઠ ભગીરથસિંહ વાળાનું નામ આપતાં જણાવ્યું હતું કે, તેઓ તેની પુત્રીને લઈ ફરીયાદ નોંધાવવાં જતાં હતા ત્યાં અજય ભુરીયા જેની વાડી વાવે છે તેં ભગીરથસિંહ વાળા ધસી આવ્યા હતા અને કહેવા લાગેલ કે, તમે રાત્રીના કેમ અજય વિરૂધ્ધ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા ગયેલા તેમ કહી ગાળો આપવા લાગેલ હતા. જેથી મે કહેલ કે તમે મને ગાળો આપો નહી, મે ફરીયાદ કરેલ નથી. બાદ ભગીરથસિંહ વાળા એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કહેલ કે તમે ફરીયાદ જ કરીને આવ્યા છો તેમ કહી મને ચપલ વડે તથા ઢીંકા પાટુનો માર મારવા લાગેલ હતા. જેથી મારો દીકરો વચ્ચે પડતા તેને પણ ઢીકા પાટુનો માર મારવાં લાગેલ હતા. દરમ્યાન મારા બનેવી કે જે ભાયાવદર ગામની સીમમા રહેતા હોય તે અમારી વાડીએ આવેલા જે વચ્ચે પડી એકબીજાને સમજાવતા તેને પણ ભગીરથસિંહ વાળાએ ચપલ વડે તથા ઢીકા પાટુનો માર મારેલ હતો. બાદ જતા જતા કહેવા લાગેલ કે તમે આ વાડી મુકી બીજે ક્યાંક રહેવા જતા રહેજો અને અજય વિરૂધ્ધ ફરીયાદ કરતા નહી નહીંતર જાનથી મારી નાખીશ તેમ ધમકી આપેલ હતી. જે ઘટનાને પગલે સગીરા ડરી જતાં તેણે પાકમાં છાંટવાની રાસાયણી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

# ગુજરાત ગેસના અધિકારીઓ સાથે બેઠકમાં ગેસ કપાત ઘટાડવા ઉદ્યોગકારોની માંગ

## મેટોડા જીઆઈડીસી એસોસિએશનની બેઠકમાં નેચરલ ગેસ સપ્લાય અવરોધ મુદ્દે વિસ્તૃત ચર્ચા, કરાર મુજબ ગેસ પુરવઠો જળવાઈ રહે તેવી માંગ

**અબતક બી એમ ગોસાઈ મેટોડા**

મેટોડા જીઆઈડીસી એશોસિયેશન દ્વારા ઉદ્યોગોને જરૂરીયાત મુજબ નેચરલ ગેસ સપ્લાય મળી રહે તે મુદ્દે ગુજરાત ગેસ લિમિટેડના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૯ માર્ચ, ૨૦૨૬ના રોજ મેટોડા જીઆઈડીસી ખાતે આવેલી એશોસિયેશન કચેરી 'સેન્ટર ઓફ એક્સેલન્સ' ખાતે યોજાયેલી આ બેઠકમાં ઉદ્યોગકારો, એશોસિયેશનના હોદ્દેદારો તેમજ ગુજરાત ગેસ લિમિટેડના સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનલ હેડ સહિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સર્જાયેલા તણાવના કારણે વૈશ્વિક ઊર્જા સપ્લાય ચેન પર અસર પડી રહી છે. આ પરિસ્થિતિને કારણે નેચરલ ગેસના સપ્લાયમાં અવરોધ ઊભા થતા ગેસ આધારિત ઉદ્યોગોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મેટોડા જીઆઈડીસીમાં આવેલી અનેક ઈન્ડસ્ટ્રીઓમાં ઉત્પાદન પ્રક્રિયામાં નેચરલ ગેસ મહત્વપૂર્ણ ઈંધણ તરીકે વપરાય છે. ગેસ સપ્લાયમાં ઘટાડો થવાથી ઉત્પાદન પ્રક્રિયા પર અસર થતી હોવાની સાથે ઉદ્યોગોને આર્થિક નુકસાન પણ સહન કરવું પડી રહ્યું છે.બેઠક દરમિયાન એશોસિયેશનના કારોબારી સભ્યો અને ઉદ્યોગકારોએ ગેસ સપ્લાયમાં ઉભા થયેલા અવરોધને કારણે ઈન્ડસ્ટ્રીની કાર્યક્ષમતા અને વાયબિલિટી પર પડતા નકારાત્મક પ્રભાવ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. ઉદ્યોગકારોએ જણાવ્યું હતું કે ગેસ સપ્લાયમાં અચાનક ઘટાડો થવાથી ઉત્પાદન પ્રક્રિયા ખોરવાઈ જાય છે અને ઘણા ઉદ્યોગોને કામગીરીમાં ઘટાડો કરવો પડે છે. જેના કારણે ઉદ્યોગો સાથે જોડાયેલા મજૂરો અને અન્ય કર્મચારીઓ પર પણ તેની અસર પડે છે.

# અમદાવાદઃ ૮ કરોડના ગાંજાના ગુનામાં બોટાદનો વોન્ટેડ હરેશ વાઘેલા દ્વારકાથી ઝડપાયો

**અબતક વિનાયક ભટ્ટ, દ્વારકા**

અમદાવાદ સીટી એસઓજીએ ૮ કરોડના હાઈબ્રિડ ગાંજા સાથે પિતરાઈ ભાઈ-બહેન ઝડપી પાડવામાં આવ્યા છે. જે ગુનામાં નાસતા ફરતા બોટાદના પાળીયાદ રોડ પર રહેતો હરેશ ઠાકરશી વાઘેલા નામના શખ્સને દેવભૂમિ દ્વારકા ની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ સીટી જ્યશ્રએ બાતમીના આધારે ૨૨.૭૮ કિલો ગાંજા સાથે નોબલનગરમાંથી ચેતન અને આકાંક્ષા પ્રજાપતિ બેંગકોકથી ગાંજો લાવનાર પિતરાઈ ભાઈ-બહેનની ધરપકડ કરી છે. સુરત અને અમદાવાદના ડીલરોના ઈશારે આરોપીઓ બેંગકોક ગયા હતા. જે ગુનામાં નાસ્તા ફરતા બોટાદના પાળીયાદ રોડ પર રહેતો હરેશ ઠાકરશી વાઘેલા નામનો શખ્સ દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબીના હાથે ઝડપાઈ જતા પોલીસે અમદાવાદ એસસોજીને જાણ કરતા તેનો કબજો લેવા તજવીજ હાથ ધરી છે



# જામનગરઃ સન સીટીમાં પરણીતાનો ઝેરી દવા પી આપઘાત

## જમવા બાબતે પતિ સાથે બોલાચાલી થયા પછી ઘુસ્સામાં આવી જતાં આત્મઘાતી પગલું ભર્યુ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર તા ૧૨, જામનગરમાં કાલાવડ નાકા બહાર મોરકંડા રોડ પર સનસિટી વિસ્તારમાં શેરી નંબર -૩ માં રહેતી નાજીમાબેન અહેસાન ભાઈ ઉંમરભાઈ સંઘાર નામની ૪૪ વર્ષની મુસ્લિમ પરણીતાએ પોતાના ઘેર જંતુનાશક દવા પી લઈ આપઘાત નો પ્રયાસ કરતાં તેણીને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન ગઈકાલે તેણીનું મૃત્યુ નિપજ્યું છે. પોતે તામસી સ્વભાવની હતી, અને ઘુસ્સામાં આવી જઈ પોતાના પતિ સાથે જમતી વખતે ઝઘડો થતાં મનમાં લાગી આવવાથી આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

# જામનગરઃ અજાણ્યા પ્રોઢનું મોત, વાલી વારસની શોધખોળ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં ગુલાબ નગર વિસ્તારમાં રહેતા પંકજભાઈ ધનતરાઈ હરગણ નામના ૫૫ વર્ષના પ્રૌઢ કે જેઓ બીમાર અવસ્થામાં મળી આવ્યા હતા, તેઓને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જયાં સારવાર દરમિયાન ગઈકાલે તેઓનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે સામાજિક કાર્યકર હિતેશગિરી લાલગીરી ગોસાઈએ પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે કે વજગોળ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ તેમજ મૃતક ના વાલી વારસ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામજોધપુર પંથકમાં વાયર કટીંગ કરતી ગેંગ ફરી સક્રિય

## પવનચક્કીના ૧૯ લોકેશનને નિશાન બનાવ્યાઃ રૂ.૧.૮૨ લાખની કિંમતના અર્થિંગ કેબલની ચોરી

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર પંથકમાં ખાનગી કંપની દ્વારા ફીટ કરવામાં આવેલી જુદી જુદી ૧૯ પવનચક્કીઓને નિશાન બનાવી લીધી હતી, અને તેમાંથી રૂપિયા૧.૮૨ લાખની કિંમતના કેબલની ચોરી કરી લઈ ગયા હતા.

ઉપરોક્ત વાયર ચોરી કરવા માટે સક્રિય બનેલી તસ્કર ગેંગ ને પકડવા માટે પોલીસની ટીમેં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામજોધપુર તાલુકાના શેઠ વડાળા અને સડોદર તેમજ મેથાણ ગામના વિસ્તારમાં અલગ-અલગ ૧૯ જેટલી પવનચક્કીના એરિયામાં કોઈ તસ્કરોએ ટ્રાન્સપોર્ટ ના અર્થીંગના કોપર કેબલની ચોરી કરી લઈ ગયા હતા, જેની અંદાજે કુલ કિંમત ૧,૮૨, ૪૦૦ રૂપીયા જેટલી થાય છે. કોઈ ચોક્કસ ગેંગ દ્વારા આ વાયરની ચોરીનું કારસ્તાન કરવામાં આવ્યું હોવાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે. આ બનાવ અંગે કંપનીના સિક્યુરિટી વિભાગના ઈન્ચાર્જ જયેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજાએ શેઠ વડાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વાયર કટિંગ કરતી ગેંગની શોધ ખોળ હાથ ધરી છે.

# વઢવાણ યાર્ડમાંથી ૬૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક સાથે શખ્સ ઝડપાયો

## મનપાના સેનીટેશન વિભાગ દ્વારા રૂ.૧૫૦૦૦નો દંડ ફટકારી કાર્યવાહી કરી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના સેનીટેશન વિભાગ દ્વારા મનપાની હદમાં સમાવિષ્ટ અલગ અલગ વિસ્તારોમાં ગેરકાયદેસર અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના વેચાણ અને ઉપયોગ અંગે ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે તેમજ આવા પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે વઢવાણ માર્કેટિંગ યાર્ડમાં બાતમીના આધારે રેઈડ કરી ગેરકાયદેસર અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો અંદાજે ૬૦ કિલો સાથે તરૂણભાઈ રમેશભાઈ પ્રજાપતિને ઝડપી લીધો હતો અને પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરી રૂ.૧૫૦૦૦ નો દંડ પણ ફટકાર્યો હતો.

# ગાંધીધામઃ એટ્રોસીટીના ગુનામાં આપ પ્રમુખ સહિત બે જેલ હવાલે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ : પૂર્વ કચ્છ આમ આદમી પાર્ટીના પ્રમુખ ડો. કાયનાત અંસારી તેમજ કાર્યકર દીગુભા દરબારને ગાંધીધામ કોર્ટના આદેશ બાદ જેલ હવાલે મોકલવામાં આવ્યા છે. બંને સામે બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો, જેને અનુસંધાને પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી.ગતરોજ બંનેને ગાંધીધામ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટના આદેશ મુજબ બંને આરોપીઓને ગળપાદર જેલ હવાલે મોકલવામાં આવ્યા છે. આ બનાવમાં ત્રીજા અજાણ્યા શખ્સની ઓળખ પણ થઈ ગઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં તે ડો. કાયનાત અંસારીનો ડ્રાઈવર રોહિતસિંહ જાડેજા હોવાનું જાણવા મળતા તેની ધરપકડ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# "કાં તો ગુનાહિત પ્રવૃત્તિ છોડી દો, કા મારી રેન્જ છોડી દો" જૂનાગઢના નવા રેન્જ ડી.આઈ.જી રાજેન્દ્રસિંહનું ગુનેગારોને અલ્ટીમેટમ

## લોકોને હૈયાધારણાઃ અમે ૨૪ કલાક લોકોની સેવામાં કાર્યરત છીએ અમારો ક્યારેય પણ સંપર્ક કરી શકે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ રેન્જ આઈ.જી.પી. તરીકે રાજેન્દ્રસિંહ ચુડાસમાએ ગઈકાલે ચાર્જ સંભાળતાની સાથે જ ગુના કરવાથી ટેવાયેલા લોકોને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી ઉચ્ચારી દીધી છે કે, "કાં તો ગુનાહિત પ્રવૃત્તિ છોડી દો, કા મારી રેન્જ છોડી દો", જુનાગઢના નવા આઈજીપી.ની ગુનેગારોને આ કડક ચેતવણીની સાથે લોકોને હૈયા ધારણા આપી એ પણ જણાવ્યું હતું કે, લોકોની સલામતી અને કાયદો વ્યવસ્થાનું પાલન અમારી પ્રાયોરિટી રહેશે. અમે ૨૪ કલાક લોકોની સેવામાં કાર્યરત છીએ, કોઈપણ વ્યક્તિ અમારો ક્યારેય પણ સંપર્ક કરી શકે છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ડીઆઈજી કક્ષાના અધિકારીઓની કરાયેલ બદલીમાં રાજેન્દ્રસિંહ ચુડાસમાને જૂનાગઢ રેન્જના ડીઆઈજી તરીકે નિયુક્તિ કરી છે. ત્યારે રાજેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાનો ચાર્જ સંભાળ્યો હતો. આ તકે પત્રકાર મિલનમાં રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સદભાગ્યે સોરઠમાં મારું આ ત્રીજું ઈન્ડિપેન્ડિંગ પોસ્ટિંગ છે. આ અગાઉ મને ડી.વાયએસપી. નું પ્રમોશન મળતા હું વેરાવળ ખાતે ડીવાયએસપી તરીકે ફરજ બજાવી ચૂક્યો છું. ત્યારબાદ મને એસપી નું પ્રમોશન મળતા ગીર સોમનાથ જિલ્લામાં ફરજ સોંપવામાં આવી હતી. આ બાદ સરકારે મને ડી આઈ જી તરીકેનું પ્રમોશન આપ્યું છે, અને મારું પ્રથમ પોસ્ટિંગ જુનાગઢ રેન્જમાં થયું છે, ત્યારે હું જુનાગઢ, ગીર સોમનાથ અને સમગ્ર રેન્જને બારીકાઈથી ઓળખું છું, જાણું છું. કારણ કે, મેં અહીં ફરજ પર બજાવી છે અને મારો જન્મ પણ ખાંભા ગીરના એક ગામમાં થયો છે. ખૂબ નિખાલસતા સાથે જુનાગઢ રેન્જના ડીઆઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સોરઠનો ઈતિહાસ અને એમાંય જુનાગઢ ઐતિહાસિક ટાઉન છે. અહીંના લોકો ખૂબ સારા અને સમજુ છે. ત્યારે અમારો પ્રથમ અને કાયમી પ્રયાસ સેવા, સુરક્ષા, શાંતિ અને ગુનેગારોમાં ભયનો રહેશે. "કાં તો ગુનાહિત પ્રવૃત્તિ છોડી દો, કા મારી રેન્જ છોડી દો", આ સાથે રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, મારી સાથેના તમામ પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મીઓ માટે લોકોની સલામતી અને કાયદો વ્યવસ્થાનું પાલન અમારી પ્રાયોરિટી રહેશે. ૨૪ કલાક અમે લોકોની સેવામાં કાર્યરત રહીશું, અને કોઈપણ વ્યક્તિ અમારો ક્યારેય પણ સંપર્ક કરી શકે છે.

રાજેન્દ્રસિંહ ચુડાસમા જુનાગઢ રેંજના ડીઆઈજી તરીકેનો ચાર્જ સંભાળવા જુનાગઢ ડીઆઈજી કચેરી ખાતે પહોંચ્યા હતા, ત્યારે જુનાગઢના પોલીસ વડા સુબોધ ઓડેદરા, જૂનાગઢના ડીવાયએસપી હિતેશ ધાંધલીયા સહિતના અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને રાજેન્દ્રસિંહ ચુડાસમાંનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે પોલીસ દ્વારા "કોલ ઓન"

# ધોરાજીમાં ઘોડીપાસાનો જુગાર રમતા ચાર ઝડપાયાઃ રૂ.૧૪,૩૦૦ કબ્જે

**અબતક રાજકોટ**

ધોરાજીમાં આવેલા ચકલા ચોકમાં સાંધાડિયા ચિસ્તિયા મસ્જિદ પાસે જાહેરમાં ઘોડીપાસાંનો જુગાર ખેલાઈ રહ્યો હોવાની બાતમી રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમને મળી હતી. બાતમીના પગલે દરોડો પાડી ઘોડીપાસાનો જુગાર રમતો ધોરાજી નો બાબર ઉર્ફે સલીમ ઈસ્માઈલભાઈ કુરેશી, ઈમ્તિયાઝ ઉર્ફે જેટલી ઈસ્માઈલભાઈ ઘરાણા, ભાયાવદરનો લલિત રણછોડભાઈ માર સોનિયા અને ધોરાજીનો નાસીર ઉર્ફે ચકેડો અશરફભાઈ બેલીમ નામના શખ્સોને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ ૧૪.૩૦૦ ની રોકડ કબ્જે કરી છે.

# કાલાવડઃ ચાલુ બાઈકે હૃદય રોગનો હુમલો આવી જતાં નીચે પટકાયેલા વૃધ્ધનું મોત

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડમાં ગીતા મીલ પાછળ ખોડીયારપરા વિસ્તારમાં રહેતા ટપુભા ઘેલુભા વાળા નામના ૬૫ વર્ષના બુઝુર્ગ, કે જેઓ ગઈકાલે પોતાનું બાઈક લઈને મછલીવડ ગામ થી કાલાવડ પોતાના ઘેર પરત ફરી રહ્યા હતા, જે દરમિયાન રસ્તામાં તેઓને ચાલુ બાઈકમાં હાર્ટ એટેક આવી ગયો હતો, અને બાઈક પરથી નીચે પટકાઈ પડ્યા હતા, જેથી તેઓને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે કાલાવડની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

# ઈડરની કે.એમ.પટેલ વિદ્યામંદિરના એજ્યુકેશન કાઉન્સિલના પૂર્વ પ્રમુખનું અવસાન

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

કડવા પાટીદાર કેળવણી હિતવર્ધક મંડળ ઈડર સંચાલિત કે.એમ.પટેલ વિદ્યામંદિરના એજ્યુકેશન કાઉન્સિલના બે દાયકાઓ સુધી પ્રમુખ રહેલા દાનજીભાઈ. પી.પટેલ (રામપુર-ઈડર) નું તારીખ ૮ માર્ચ ૨૦૨૬ ને રવિવારના રોજ અવસાન થયું હતું સ્વ.દાનજીભાઈ પટેલ શિક્ષણની સતત ચિંતા કરનાર, વિદ્યાર્થીઓના હિતમાં કોઈપણ નિર્ણય લેવાનો હોય ત્યારે સદાય પોઝિટિવ એટીટ્યુડ વાળા અને સમાજના સર્વેને સાથે લઈ ચાલનાર વ્યક્તિ હતા સંસ્થાના વિકાસમાં શાળાની સમગ્ર કારોબારીને સાથે રાખી પ્રત્યેક કાર્ય અંગત રસ અને રુચિ રાખી કરાવતા હતા પોતે એક ઉદ્યોગપતિ હોવાને નાતે ખૂબ જ વ્યસ્ત હોવા છતાં સંસ્થાના નાનામાં નાના કાર્યક્રમમાં પણ તેઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થી અને શિક્ષક મિત્રોને પ્રોત્સાહિત કરતા હતા વિદાયથી પરિવાર સાથે સાથે સંસ્થાને પણ એક ખૂબ મોટી ખોટ પડી છે. પૂર્વ આચાર્ય કિરણ પટેલ,કરોબારી સભ્ય ભાનુપ્રસાદ પટેલ ઈન્ચાર્જ આચાર્ય પી.કે.પટેલ,શશીકાંત પટેલ, જયેશ પટેલ અને શિક્ષક મિત્રોએ અંતિમ સંસ્કારની વિધિમાં હાજર રહી શ્રદ્ધાંજલિ અર્પી હતી

### (પહેલા પાનાનું ચાલું)

### રિલાયન્સ..

રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત થશે અને દેશના અર્થતંત્રને અબજો ડોલરનો સીધો ફાયદો થશે.

આ પ્રોજેક્ટની વિશેષતા અંગે વાત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે આ રિફાઈનરી પર્યાવરણની દ્રષ્ટિએ અત્યાધુનિક હશે અને તે 'વિશ્વની સૌથી સ્વચ્છ રિફાઈનરી' બનશે. આ સાથે જ આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટથી રોજગારીની નવી તકો પણ ઉભી થશે. દક્ષિણ ટેક્સાસ જેવા વિસ્તારમાં હજારો નવી નોકરીઓનું સર્જન થશે, જેનાથી આ ક્ષેત્રનો આર્થિક વિકાસ ઝડપી બનશે અને સ્થાનિક લોકોને તેનો લાભ મળશે.

ડોનાલ્ડ ટ્રમ્પે આ જંગી રોકાણને પોતાના વહીવટીતંત્રની આર્થિક નીતિઓ સાથે જોડીને તેની સફળતા ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે તેમની 'અમેરિકા ફર્સ્ટ એજન્ડા' નીતિ અંતર્ગત પરવાનગી આપવાની પ્રક્રિયા સરળ બનાવવા અને ટેક્સમાં ઘટાડો કરવા જેવા પગલાંઓને કારણે જ અમેરિકામાં ફરીથી અબજો ડોલરના રોકાણો આવી રહ્યા છે.

### (છેલ્લા પાનાનું ચાલુ)

### "પંજા"ના પ્રતીક...

પૂર્ણ તબક્કે પહોંચી ગઈ છે. સમગ્ર ગુજરાતમાં કુલ ૧૫ મહાનગરપાલિકાની ૧૦૪૪ બેઠકો, ૩૪ જિલ્લા પંચાયતની લગભગ ૧૦૮૪ બેઠકો, ૨૬૨ તાલુકા પંચાયતની ૫૨૧૪ બેઠકો અને ૮૩ નગરપાલિકાની લગભગ ૨૫૯૬ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. આ રીતે રાજ્યના લગભગ ૯૫% વિસ્તારની આશરે ૧૦,૦૦૦ જેટલી બેઠકો પર ચૂંટણી યોજાશે.

કોંગ્રેસ પક્ષે ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠન સ્તરે તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. તાલુકા, શહેર, વોર્ડ અને જિલ્લા કક્ષાએ લોકો વચ્ચે જઈ સંવાદ સ્થાપિત કરવામાં આવ્યો છે. મહાનગરોમાં કોંગ્રેસ આપકે દ્વાર કાર્યક્રમ દ્વારા લોકોના પ્રશ્નો સાંભળવામાં આવ્યા અને જનતાના સૂચનોના આધારે મેનિફેસ્ટો તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગુજરાતના ૧૫ મહાનગરોમાં ઉમેદવારી ઈચ્છતા લોકો માટે ઓનલાઈન ક્યુઆર કોડ દ્વારા અરજી કરવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. ક્યુઆર કોડ સ્કેન કરીને ઉમેદવારો પોતાની વિગતો સાથે ફોર્મ ભરી શકશે. ત્યારબાદ ૧૧ થી ૨૦ માર્ચ દરમિયાન તેમની રૂબરૂ મુલાકાત લઈને પેનલ તૈયાર કરવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં ૫૦% બેઠકો મહિલાઓ માટે અનામત છે તેમજ એસસી, એસટી અને ઓબીસી વર્ગો માટે પણ અનામત બેઠકો છે. તેથી મહિલાઓ અને પછાત વર્ગોના સક્ષમ લોકોને પણ આગળ આવી ઉમેદવારી નોંધાવવાની અપીલ કરવામાં આવી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતૃત્વ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી તથા પ્રભારી મુકુલ વાસનિકના માર્ગદર્શન હેઠળ સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીઓમાં ૫૦% બેઠકો પર ૫૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાનોને તક આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં ગુજરાતમાં ૭૩ લાખ ૭૩ હજાર જેટલા મતોનો ઘટાડો થયો છે. ૨૦૨૨ની ચૂંટણીના સંદર્ભમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો તફાવત લગભગ ૮૦ લાખ મતોનો હતો. હવે આટલા મોટા પ્રમાણમાં મત ઘટતા આ તફાવત નોંધપાત્ર રીતે ઘટી ગયો છે. અમદાવાદ અને સુરત શહેરની લગભગ ૨૩ વિધાનસભા બેઠકોમાં ૪૭ હજારથી લઈને ૧.૯૪ લાખ સુધીના મત ઓછા થયા છે. જેમાં મુખ્યમંત્રીની ઘાટલોડિયા બેઠક પર લગભગ ૯૭ હજાર મત ઓછા થયા છે, જ્યારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની બેઠક પર પણ આશરે ૮૫ હજાર મત ઓછા થયા છે. તેમના મતે આ ઘટાડો અગાઉના બોગસ મતદારોના કારણે હતો અને તેના પરિણામે આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આશ્ચર્યજનક પરિણામો જોવા મળી શકે છે.

આ વખતે કોંગ્રેસ પક્ષ કેટલાક શહેરોમાં મેયર પદના સંભવિત ઉમેદવારોની અગાઉથી જાહેરાત કરવાની પણ તૈયારીમાં છે, જેથી મતદારોને સ્પષ્ટ નેતૃત્વનો વિકલ્પ મળી શકે. હાલ મળતા પ્રતિસાદના આધારે કોંગ્રેસ પક્ષ આ તમામ ચૂંટણીઓમાં મજબૂતાઈથી મેદાનમાં ઉતરશે.

### ૧૦,૦૦૦ બેઠકો પરથી...

થવાથી હવે તેમને પોતાની ડિપોઝીટ જપ્ત થવાનો ડર સતાવી રહ્યો છે. ગુજરાતની જનતા ભાજપના વિકાસના રાજકારણને ઓળખે છે અને પાંચ વર્ષે માત્ર ચૂંટણી ટાણે જ દેખાતા કોંગ્રેસના નેતાઓને આ વખતે પણ જનતા આકરો પાઠ ભણાવશે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રજા ફરી એકવાર કોંગ્રેસને સખત જાકારો આપી ભાજપના વિકાસવાદ પર મહોર મારશે.

### ઓરેન્જ એલર્ટ...

વડોદરાનું તાપમાન ૪૧ ડિગ્રી સુરતનું તાપમાન ૪૦.૨ ડિગ્રી, દમણનું તાપમાનનું ૩૭ ડિગ્રી, ભૂજનું તાપમાન ૪૧ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૯.૫ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૩.૩ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૦.૨ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૪૦.૯ ડિગ્રી,રાજકોટનું તાપમાન ૪૨ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૪૦.૮ ડિગ્રી, દિવનું તાપમાન ૪૧.૩ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૧.૭ ડિગ્રી, મહુવાનું તાપમાન ૪૦.૬ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૪૧.૪ ડિગ્રી નોંધાયું હતુ. આગામી બેથી ત્રણ દિવસ હજી હિટવેવનો પ્રકોપ યથાવત રહેશે.

### આઠ કલાક વીજળી...

નગરપાલિકાઓને "વાયર ફ્રી સીટી" માં રૂપાંતરિત કરવામાં આવશે.

મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કૃષિ પાવર નેટવર્કના વીજ વિતરણ લોસ ઘટાડવા, વારંવાર હવામાન પ્રેરીત વિક્ષેપો ઘટાડવા અને લાંબા કૃષિ ફીડરના વિભાજન દ્વારા ગ્રાહકોને પર્યાપ્ત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સર્જન યોજનાની જાહેરાત કરાઈ છે જે માટે રૂ. ૨૫ કરોડની નવી બાબત તરીકે જોગવાઈ કરાઈ છે.

દરિયાઈ પવનોનો ઉપયોગ કરવા કેન્દ્ર સરકારના પરામર્શમાં ૫૦૦ મેગાવોટ ઓફશોર વિન્ડ એનર્જી કેપેસીટી સ્થાપિત કરાશે. આ ઉપરાંત ઊર્જા સુરક્ષા માટે ૧૧ ગીગાવોટ અને ૫૫ જીડબલ્યુએચ એનર્જી સ્ટોરેજ સ્થાપિત ક્ષમતા ઊભી કરાશે.

### રોડ-બ્રિજનું સતત નિરીક્ષણ...

સરકારની સંવેદનશીલતા, પારદર્શકતા તથા સમયબદ્ધ જવાબદારીનો સશક્ત દાખલો છે. રાજ્ય સરકારે આ પહેલ વડે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે વિકાસની સાથે-સાથે સુરક્ષા, ગુણવત્તા તથા જાહેર વિશ્વાસ; ત્રણેય સમાન રીતે ફરજિયાત છે.

રાજ્ય સરકારના આ નિર્ણય અંગે સામાન્ય વહિવટી વિભાગ દ્વારા તાજેતરમાં એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પરિપત્ર મુજબ રાજ્યના રોડ, બ્રિજ, સરકારી ઈમારતો તથા અન્ય નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત ૧.૫૦ લાખથી વધુ જાહેર સંપત્તિઓની હવે એક જ સેન્ટ્રલાઈઝ્ડ ડિજિટલ પ્લેટફોર્મ પર નોંધણી થશે. જીઆઈએસ આધારિત લોકેશન, ફોટોગ્રાફ્સ, સંરક્ષક અધિકારીની વિગતો તથા ખાસ ડિજિટલ ઓળખ; આ સંપૂર્ણ વ્યવસ્થા મિલ્કતોની આવરદાની વૈજ્ઞાનિક તેમજ સતત દેખરેખ સુનિશ્ચિત કરશે. તેનાથી માત્ર વર્તમાન સુરક્ષા જ મજબૂત નહિં થાય, પણ ભવિષ્યની બાંધકામ પ્રક્રિયા પણ ડેટા આધારિત બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંવેદનશીલ વહિવટી અભિગમનાં કેન્દ્રમાં નાગરિક સલામતી છે. એસેટ સેફ્ટી મોનિટરિંગ પોર્ટલના માધ્યમથી એ સુનિશ્ચિત કરવામાં આવશે કે કોઈ પણ મિલ્કતની માળાખકીય નબળાઈ, નિરીક્ષણમાં વિલંબ કે રિપેરિંગની જરૂરિયાત પ્રત્યે બેદરકારી ન થાય. સ્વચાલિત નિરીક્ષણ કેલેન્ડર તથા રિયલ-ટાઈમ એલર્ટ સિસ્ટમ વહીવટી તંત્રને સમયસર કાર્યવાહી માટે ફરજ પાડશે.

તેના હેઠળ આ એકીકૃત પોર્ટલ પર ફીલ્ડ ઑફિસર્સ ડિજિટલ લોગિન વડે નિરીક્ષણ રિપોર્ટ તથા ફોટોગ્રાફ્સ અપલોડ કરશે. જિલ્લા કલેક્ટરો તથા મહાનગર પાલિકા કમિશ્નરોએ સાપ્તાહિક, માસિક તથા ત્રિમાસિક સમીક્ષા કરવાની રહેશે. પ્રભારી સચિવો જિલ્લા પ્રવાસ દરમિયાન જરૂરી નિર્દેશો આપશે.

# દુઃખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** અનસુયાબેન પિત્રોડા (ઉ.વ.૮૯) તે સ્વ. વશરામભાઈ આંબાભાઈ પિત્રોડાના પત્ની, ભુપેન્દ્રભાઈ, સુરેશભાઈના માતા, યોગેશભાઈના દાદીબાનું તા. ૯-૩ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૨-૩ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ દરમિયાન તેમના નિવાસ સ્થાન નવલનગર ૯/૧૨ હરિકૃપા, વિશ્વેશ્વર મહાદેવ મંદિરની સામે, મવડી મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** વિનોદભાઈ વેલજીભાઈ શીંગાળા (ઉ.વ.૮૬) તે કિશોરભાઈના નાનાભાઈ, લલીતભાઈ (ઓસ્ટ્રેલીયા) ના મોટાભાઈ, ગોપાલદાસ દામોદરદાસ રાજાણી (જામજોધપુરવાળા) ના જમાઈનું તા. ૧૦-૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તથા પીયર પક્ષની સાદડી તા. ૧૨ ને ગુરુવારના રોજ સાંજે ૫ દરમિયાન પંચનાથ મંદિર લીમડા ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મધુસુદનભાઈ શિવશંકર ભટ્ટ (ઉ.વ.૮૦) તે ભાવનાબેનના પતિ, ધવલના પિતા, નરેશભાઈ રાવલ, નરેન્દ્રભાઈ રાવલ, જીતેન્દ્રભાઈ રાવલ, ચેતનભાઈ વ્યાસ, જીગ્નેશભાઈ આચાર્ય, હાર્દિકભાઈ વ્યાસ, દીપકભાઈ પંડ્યાના સસરા, વિઠ્ઠલજી નારાણજી ઠાકરના જમાઈનું તા. ૯ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૨ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગોવિંદભાઈ હંસરાજભાઈ અંબાસણા (ઉ.વ.૯૬) ગામ કરિયાણાવાળા તે ભરતભાઈ અંબાસણા (આર્કિટેક્ટ એન્જિનિયર) , હરેશભાઈ , ગૌતમભાઈ, જયાબેન બાવલેયા, ઈલાબેન અંબાસણા, , નીરૂબેન વડગામાના પિતા, અમૃતભાઈ, મોહનભાઈ , નંદલાલભાઈ , અરવિંદભાઈ, નવનીતભાઈના મોટાભાઈ, નીલકંઠ અંબાસણા , નિમિત્ત અંબાસણા , જતન અંબાસણા, દર્શના આદ્રેજા , આરતી આમરણીયા, ઋત્વિ ધોરેયાના દાદા, સ્વ. પરસોત્તમભાઈ સુખલાલભાઈ વડગામા ગઢડાના જમાઈનું તા.૧૦ ના રાજકોટ મુકામે અવસાન થયા છે. બન્ને પક્ષનું બેસણું પ્રાર્થનાસભા તા.૧૨-૩ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ સુધી પટેલ વાડી જલારામ ચોક પાસે ૪ વાણિયાવાડી રાજકોટ ખાતે રાખેલ છે. તથા ગામ કરિયાણા ખાતે તા.૧૪-૩ ના રોજ સાંજે ૪ .૩૦ થી ૬ .૦૦ સુધી રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# અંજાર: પ્રજાની સુખાકારીમાં વધારો કરવા રૂ.૨.૬૧ કરોડના વિવિધ વિકાસલક્ષી કામોને લીલીઝંડી

## નગરપાલિકાની ખાસ સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ. ૧૯૨.૫૪ કરોડનું અંદાજપત્ર મંજૂર, ચાર પ્રવેશદ્વારો અને મુખ્ય માર્ગોનું કરાયું નામકરણ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર નગરપાલિકાની ખાસ સામાન્ય સભા નગરપાલિકા પ્રમુખ વૈભવભાઈ દીપકભાઈ કોડરાણીના અધ્યક્ષ સ્થાને નગરપાલિકા કચેરીના મુખ્ય સભાખંડ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં કારોબારી સમિતિના ચેરમેન પાર્થભાઈ સોરઠીયા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે રજૂ કરાયેલા રૂ. ૧,૯૨,૫૪,૩૩,૩૭૪ના અંદાજપત્રને બહુમતીથી સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. આ અંદાજપત્રની સાથે જ શહેરીજનોની સુખાકારીમાં વધારો કરવા માટે અંદાજિત રૂ. ૨.૬૧ કરોડના વિવિધ વિકાસલક્ષી કામોને પણ બહાલી આપવામાં આવી હતી.

શહેરની સ્વચ્છતા અને સુવિધાને પ્રાધાન્ય આપતા આ બેઠકમાં સાત નવા 'ડોર ટુ ડોર' વેસ્ટ કલેક્શન વ્હિકલ ખરીદવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત, અંજાર શહેરના ચાર મુખ્ય પ્રવેશદ્વારોનું સત્તાવાર નામકરણ કરવામાં આવ્યું છે. જેમાં નાગલપુર પાસેના દ્વારને 'જખદાદા પ્રવેશદ્વાર', ભુજ તરફના દ્વારને 'સચ્ચિદાનંદજી પ્રવેશદ્વાર', વર્ષામેડી પાસેના દ્વારને 'અજયપાળ દાદા પ્રવેશદ્વાર' અને ગાંધીધામ તરફથી આવતા ચિત્રકૂટ સર્કલ પાસેના દ્વારને 'જેસલ અને માં સતી તોરલ પ્રવેશદ્વાર' તરીકે ઓળખ આપવામાં આવી છે.

શહેરના વિવિધ રાજમાર્ગોના નામકરણ માટે મળેલી રજૂઆતોને પણ આ સભામાં સર્વાનુંમતે મંજૂર કરવામાં આવી હતી. દેવળીયા નાકાથી ચિત્રકૂટ સર્કલ સુધીના આઈકોનિક રોડને 'શ્રી સ્વામી વિવેકાનંદ માર્ગ' અને ગાયત્રી સોસાયટી પાસેના પુલિયાથી મંદિર સુધીના માર્ગને 'ગાયત્રી શકિતપીઠ માર્ગ' નામ અપાયું છે. સાથે જ, પૂર્વ પ્રમુખ સ્વ. સિંધવ સામજીભાઈ પાલુશેઠ અને પૂર્વ કાઉન્સિલર સ્વ. સંજયસિંહજી હમીરજી જાડેજાએ આપેલા સામાજિક યોગદાન બદલ તેમના નામ પરથી પણ વિવિધ માર્ગોનું નામકરણ કરવાનું નક્કી કરાયું છે.

આ મહત્વપૂર્ણ બેઠકમાં ઉપપ્રમુખ શિલ્પાબેન બુદ્ધભટ્ટી, શાસક પક્ષના નેતા નિલેશગીરી ગોસ્વામી, દંડક કલ્પનાબેન ગોર સહિતના તમામ સમિતિના ચેરમેનો અને સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ ઠરાવોનું વાંચન નિલેશગીરી ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયા અને કચેરીના સ્ટાફ દ્વારા સમગ્ર સભાની વ્યવસ્થા સંભાળવામાં આવી હતી, જેનું સંચાલન ભારતી માખીજાણી દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યું છે.

# રાજુલા: સાકરીયા હનુમાનજી મંદિરે જવાનો રસ્તો ખુલ્લો રાખવા પ્રાંત અધિકારીને આવેદન

## કોસ્ટ ગાર્ડને જમીન ફાળવણી સામે વાંધો નથી, પણ વર્ષો જૂનો ભાયાદર-દેવકા રસ્તો જાળવી રાખવા ગ્રામજનોની માંગ



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા તાલુકાના ભેરાઈ ગામે આવેલા સુપ્રસિદ્ધ સાકરીયા હનુમાનજી મંદિરે જવાનો તથા ખેડૂતોનો વર્ષો જૂનો 'ભાયાદરથી દેવકા' રસ્તો ખુલ્લો રાખવા માટે ગ્રામજનો દ્વારા પ્રાંત અધિકારીને રજૂઆત કરવામાં આવી છે. સરકાર દ્વારા આ વિસ્તારની જમીન કોસ્ટ ગાર્ડને ફાળવવામાં આવી છે, જેનો ગ્રામજનોએ રાષ્ટ્રહિતમાં સ્વીકાર કર્યો છે, પરંતુ આ ફાળવણીમાં આઝાદી પહેલાનો જૂનો રસ્તો દબાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

આ રસ્તો બંધ થવાથી શ્રદ્ધાળુઓ અને ખેડૂતોને મોટી મુશ્કેલી પડી શકે તેમ હોવાથી, તાલુકા પંચાયત સદસ્ય લાલાભાઈ રામ, સરપંચ વાલાભાઈ રામ, આહીર આગેવાન હમીરભાઈ રામ અને મંદિરના મહંત સહિતના આગેવાનોએ મોટી સંખ્યામાં એકઠા થઈ રસ્તો ખુલ્લો રાખવા સકારાત્મક અભિગમ અપનાવવા માંગ કરી છે.

# જૂનાગઢ મનપા દ્વારા કાલે વોર્ડ નં. ૧ થી ૭ અને ૧૩ માટે યોજાશે સેવાસેતુ કેમ્પ

## ૫૫ જેટલા સરકારી કામોનો એક જ જગ્યાએથી નિકાલ થશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં આવતીકાલે તા. ૧૧ ને બુધવારના રોજ મનપા દ્વારા સેવાસેતુ કેમ્પનુ જોષીપુરામાં આવેલ પટેલ સમાજ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેનુ ઉદ્ઘાટન મેયર ધર્મેશ પોશીયાના હસ્તે થશે.

વોર્ડ નંબર ૧ થી ૭ અને ૧૩ ના નગરજનો માટે યોજવામાં આવેલ સેવાસેતુ કેમ્પમાં આધારકાર્ડ નોંધણી-સુધારા, રાશનકાર્ડ નામ દાખલ-કમી, રેશનકાર્ડ ઈ-કેવાયસી, જાતિ પ્રમાણપત્ર, કુવારબાઈનુ મામેરૂ, હેલ્થ વેલનેશ કાર્ડ, જન્મમરણ-લગ્ન નોંધણી પ્રમાણપત્ર, નવુ બેન્ક એકાઉન્ટ, પ્રોપર્ટી ટેક્ષ, આવાસ યોજના, વિધવા સહાય સહિતના ૫૫ જેટલા સરકારી કામો માટેની અરજી બપોરના ૨ સુધી લેવાશે અને બાદમાં ૫ વાગ્યા સુધી આવેલી તમામ અરજીનો નિકાલ કરાશે. એવું જાણવા મળી રહ્યું છે.

૫૫ જેટલા સરકારી કામો માટે લોકોને એક કચેરીએથી બીજી કચેરીએ ધક્કા ખાવાને બદલે મનપા દ્વારા આયોજન કરેલા સેવા સેતુ કેમ્પથી અરજદારોના કામો એક જ સ્થળ પર થઈ જશે. અને આ કેમ્પ થકી વોર્ડ નં.૧ થી ૬ અને ૧૩ ના લોકોને ફાયદો થનાર છે.

### બે સદી પુરાણા ધર્મસ્થળ

# જૂનાગઢના પૌરાણીક શિતળા કુંડમાં ગટરના પાણી ભરાયા: ભાવિકોમાં રોષ

## શિતળા કુંડ મંદિર પરિસર ત્વરીત શુધ્ધ કરાવવાની માંગ, જો સફાઈ ન થાય તો આંદોલનની કોંગ્રેસની ચિમકી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ શહેરમાં ભાવિકોની આસ્થાનાં કેન્દ્ર સમા શિતળાકુંડ મંદિરની અત્યંત બદતર હાલત અને ગટરનાં પાણીમાં આ મંદિર ગરકાવ થઈ જતા ભાવિકો, શ્રધ્ધાળુઓ અને આ વિસ્તારના લોકોમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ છે, અને રોષ પૂર્ણ રીતે તંત્રને આવેદન પત્ર પાઠવી, પોતાની લાગણી અને માંગણી વ્યક્ત કરી, તત્કાલ આ અંગે કાર્યવાહી કરવામાં નહી આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે


શહેરના મધ્યમાં આવેલ શિતળા કુંડ મંદિરમાં કાયમી માટે ભાવિકો દર્શને આવે છે, અને ખાસ કરીને શ્રાવણ માસનાં પવિત્ર સોમવાર અને શિતળા સાતમ જેવા તહેવારોમાં અહીં ભાવિકો, શ્રધ્ધાળુઓનો માનવ મહેરામણ ઉમટે છે. પરંતુ જે શિવને ભાવિકો દૂધ ચડાવી ધન્યતા અનુભવે છે, તે મંદિર ગટરના પાણીથી છલોછલ હોય છે, તેવી ફરિયાદો ઉઠી છે.



જુનાગઢ કોંગ્રેસના યુવા પ્રમુખ મિહિર મહેતાના જણાવ્યા મુજબ, જૂનાગઢ મહાનગરનાં ઐતિહાસીક વારસા સમાન ૨૧૭ વર્ષ જુનુ સ્વયંભુ પ્રગટ થયેલું શિતળા કુંડ મંદિરની ઘોર બેદરકારી અને લાપરવાહીને કારણે અત્યંત બદતર હાલતમાં મૂકાયું છે, શહેરનું અતિ પૌરાણિક અને હજારો શ્રદ્ધાળુઓ, ભાવિકોનું અતુટ આસ્થાનું કેન્દ્ર એવું આ મંદિર પોતાનું અસ્તીત્વ ટકાવવા માટે ભારે સંઘર્ષ કરી રહયું છે. કારણ કે, પવિત્રત એવા આ શીતળા કુંડ મંદિરમાં ગંદકી અને ગટરનાં ગંદા પાણીનું સામ્રાજ્ય ફેલાયેલું છે. ઈતિહાસિક પૌરાણિક આ મંદિરનાં ચારેય પાયા નબળા પડી ગયા છે, તો ઘુમ્મટ ક્યારેય પણ તુટી પડે તેવી ગંભીર હાલત હોવા છતાં તંત્રનું પેટનું પાણી પણ હલતું ના હોય તેથી મંદિર અત્યંત બદતર હાલત અને ગટરનાં પાણીમા મંદિર ગરકાવ થઈ રહ્યું છે. ૫૦ વર્ષ જૂનો ગટરનો આ પ્રશ્ન ભાવિકોને પરેશાન કરે છે પણ તંત્ર ડોકાવા પણ આવતું નથી, ત્યારે તંત્રને આવેદન પત્ર આપી ફરી એકવાર કોંગ્રેસે રજૂઆત કરી છે પણ જો હજુ પણ નિષ્ક્રીયતા રહેશે તો આંદોલન કરવું પડશે તેવી કોંગ્રેસ દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# જૂનાગઢની લો કોલેજમાં 'વન નેશન વન ઈલેકશન' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

## સમગ્ર દેશમાં એક સાથે ચુંટણી થવીએ વર્તમાન સમયની જરૂરીયાત છે: સુરેશ વેકરીયા



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

દેશની રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષા અભિયાન કચેરી અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી ગાંધીનગરના તાબા હેઠળની નોલેજ કન્સોર્ટીયન કચેરીના સહયોગથી જુનાગઢ જુનિયર ચેમ્બર એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત લો કોલેજના ઈન્ટરનલ ક્વોલીટી એસ્યુરેન્સ સેલ દ્વારા 'વન નેશન વન ઈલેક્શન' વિષય પર બે દિવસનો રાષ્ટ્રીય કક્ષાનો મલ્ટીડિસીપ્લીનરી સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં વિવિધ કોલેજના આચાર્યો, અધ્યાપકો અને રિસર્ચ સ્કોલરો સહિત આશરે ૪૬૦ જેટલા પ્રતિભાગીઓએ ભાગ લઈ એક રાષ્ટ્ર એક ચૂંટણીની વિભાવનાને સાર્થક કરવા માટે પ્રયત્ન કર્યો હતો. સેમિનારમાં ૭૦ થી વધુ સંશોધકારોએ સેમિનારની થીમ તેમજ સમથીમ આધારિત પેપરો રજુ કરી એક રાષ્ટ્ર એક ચૂંટણીની પરિકલ્પનાને સાર્થક કરવાની ભલામણો કરી હતી.

આ સેમિનારના અધ્યક્ષ જે.જે.સી.ઈ.ટ્રસ્ટના પ્રમુખ સુરેશભાઈ વેકરીયાએ વન નેશન વન ઈલેકશન સંદર્ભે પ્રાસંગિક ઉદબોધન આપતાં જણાવ્યુ હતુ કે, સમગ્ર દેશમાં એકીસાથે ચૂંટણી થવી એ વર્તમાન સમયની જરૂરીયાત છે.

બે દિવસીય સેમિનારના મુખ્ય વકતા તરીકે આવેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ પ્રો.ડો.કમલેશ જોષીપુરાએ દેશની ચૂંટણીની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સંશોધનકારો સમક્ષ મુકી હતી, સેમિનારના મુખ્ય વિશેષજ્ઞ તરીકે શેઠ એચ.જે. લો કોલેજના પ્રિન્સીપાલ ડો. જે.એ. પંડયાએ જણાવ્યુ હતુ કે, દેશમાં વારંવાર યોજાતી ચૂંટણીના કારણે આર્થિક ભારણ દેશના નાગરિકો પર જ વધતો જાય છે. આ આર્થિક ભારણ વન નેશન વન ઈલેકશનના વિચારને સાર્થક કરવાથી ઘટી શકે તેમ છે. ચેરમેન અને ભૂતપૂર્વ એડિશ્નલ કલેકટર જે. કે. ઠેસીયાએ પણ વહીવટી રીતે આવતી મુશ્કેલીઓ અને પડકારો અંગે પોતાના અનુભવોને વન નેશન વન ઈલેક્શનના સંદર્ભે જણાવી હતી. બાર એસોસિએશન ઓફ જુનાગઢના પ્રમુખ ભાવેશભાઈ ઝિંઝુવાડીયાએ પણ એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા. આભારવિધિ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો.પરવેઝ બ્લોચે કરી હતી.

# જૂનાગઢમાં ૨૪મીએ તાલુકા અને ૨૫મીએ યોજાશે જીલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ

## અરજદારોને સમયસર ઓનલાઈન અરજી કરવા અનુરોધ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લામાં નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ માટે તા. ૨૫ માર્ચ ૨૦૨૬ બુધવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે. તેમજ તા. ૨૪ માર્ચ ૨૦૨૬ મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે જેમાં સંબંધિત અધિકારીઓ તાલુકા મથકે ઉપસ્થિત રહેશે.

નાગરિકો તેમના પ્રશ્નો જે-તે ગામના તલાટીને દર મહિનાની તા.૧૦ તારીખ સુધીમાં રજૂ કરી શકશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ જે-તે તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને સીધા પણ રજૂ કરી શકશે.

નાગરિકોએ જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન અરજી દર માસની તા.૧૦ તારીખ સુધીમાં પ્રશ્નો, રજૂઆતો, ફરિયાદો સાથે જરૂરી વિગતો અને પુરાવાઓ સાથે રજૂ કરવા. જે પ્રશ્ન, રજૂઆતનો નિકાલ તાલુકાકક્ષાએ થતો હોય તે અરજી તાલુકાકક્ષાના સ્વાગત કાર્યક્રમ માટે કરવી. તાલુકાકક્ષાએ જે અરજીઓનો નિકાલ ન થયો હોય તેવી અરજીઓનો જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સમાવેશ થશે. અરજદારે HTTP://SWAGAT.GUJARAT.GOV.IN/CITIZENENTRYDS.ASPX?FRM=WS પર ઓનલાઈન અરજી કરવી, તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેક્ટર એ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢ: નવ પી.આઈ.ની આંતરિક બદલી

## એ અને બી ડિવિઝન, ભવનાથ, શહેર ટ્રાફિક, માંગરોળ, માણાવદર અને શીલ પી.આઈ. ની બદલીનો ગંજીફો ચીપતા એસ.પી.

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ એસ.પી. સુબોધ ઓડેદરા દ્વારા જિલ્લાના ૯ પોલીસ ઈન્સ્પેક્ટરની જૂનાગઢ શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા અને વહીવટી કાર્યક્ષમતામાં વધારો કરવાના હેતુથી આંતરિક બદલીના હુકમ કર્યો છે.

જુનાગઢ એસ.પી. સુબોધ ઓડેદરા દ્વારા બદલીના કરાયેલા હુકમ મુજબ, જુનાગઢ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં માંગરોળના પી.આઈ. એસ.કે. દેસાઈની બદલી કરી છે, બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લીવ રિઝર્વ પીઆઈ વાય.બી. રાણાને મૂકવામાં આવ્યા છે, ભવનાથ પોલીસ સ્ટેશનમાં મેંદરડાનના પી.આઈ. પી.સી.સરવૈયાને તથા જૂનાગઢ શહેર ટ્રાફિક પોલીસમાં ભેંસાણના પી.આઈ. આર.પી. વણઝારાની બદલી કરવામાં આવી છે. જ્યારે બી ડિવિઝનના જે.જે. પટેલની બદલી માંગરોળ પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવી છે. શીલના પી.આઈ. એમ.વી. રાઠોડની મેંદરડા પોલીસ સ્ટેશન અને ભવનાથ પોલીસ સ્ટેશનના



પી.આઈ. એમ.સી. પટેલને શીલ પોલીસ સ્ટેશનમાં બદલી કરાઈ છે, લીવ રિઝર્વ પીઆઈ આર.એ. ચૌધરીને ભેંસાણ પોલીસ સ્ટેશન તથા શહેર ટ્રાફિક પી.આઈ. એચ.કે. હુંબલને લીવ રિઝર્વમાં મુકવામાં આવ્યા છે. જુનાગઢ એસ.પી. સુબોધ ઓડેદરા એ ગઈકાલે મોડી સાંજે જિલ્લાના ૯ પી.આઈ.ની આંતરિક બદલી કરી છે, તેમાં ખાસ કરીને બે રિઝવર પી.આઈ.ને પોલીસ સ્ટેશનની જવાબદારી સોંપી છે, જ્યારે શહેર ટ્રાફિક પી.આઈ.ને લીવ રિઝર્વ પર મૂક્યા છે, આ સાથે બી ડિવિઝન પી.આઈ. જે.જે. પટેલની ટૂંકા ગાળામાં ફરી એક વખત બદલી કરાઈ છે. આ સાથે બદલી કરાયેલા પોલીસ ઈન્સ્પેકટરોને તેમની નવી ફરજ પર તાત્કાલિક હાજર થઈ કાર્યભાર સંભાળવાના આદેશ કર્યા છે.

# વઢવાણના મંગલભુવન ખાતે 'વિશ્વ મહિલા દિવસ'ની ઉજવણી; નારી શક્તિનું કરાયું સન્માન

## વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવનાર મહિલાઓનું બહુમાન: વ્હાલી દીકરી યોજના અંતર્ગત કીટનું વિતરણ




**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ સ્થિત મંગલભુવન ખાતે જિલ્લા કક્ષાના 'મહિલા સંમેલન'નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લાની નારી શક્તિના સામર્થ્યને બિરદાવવા માટે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

સંમેલન દરમિયાન સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનાર અને વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરનાર પ્રતિભાશાળી મહિલાઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સરકારી યોજનાઓનો લાભ લઈને આર્થિક રીતે સ્વાવલંબી બનેલી મહિલાઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય આકર્ષણ તરીકે 'વહાલી દીકરી યોજના'ના મંજૂરી હુકમો અને 'દીકરી વધામણા કીટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ દ્વારા રાજ્ય સરકારની મહિલાલક્ષી યોજનાઓનું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેથી વધુમાં વધુ બહેનો સરકારી યોજનાઓનો લાભ લઈ શકે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ, પૂર્વ નગરપાલિકા પ્રમુખ, મહિલા અને બાળ સમિતિના ચેરમેન, જિલ્લા શિક્ષણાધિકારી તથા આઈ.સી.ડી.એસ. અધિકારી સહિતના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.


# વધુ પડતા કે દર્દનાક માસિક અંગે તકલીફ જણાય તો સ્ત્રી રોગ નિષ્ણાંતની અવશ્ય સલાહ લેવી: ડો.નિરૂબેન પટોળીયા

## જુનાગઢ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા મહિલા ઉત્કર્ષ માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિનાં વિમેન્સ ડેવલપમેન્ટ સેલ દ્વારા આવનાર વિશ્વ મહિલા દિવસની ઉજવણીનાં ભાગરૂપ તા. ૨ માર્ચથી ૯ માર્ચ સુધી મહિલા ઉત્કર્ષ અને માર્ગદર્શક કાર્યક્રમોનું પ્રતિદિન થઈ રહેલ છે.

જે દરમિયાન જૂનાગઢ શહેરનાં જાણીતા ગાયનેકોલોજીસ્ટ



નિરૂબેન પટોળીયા એ સ્ત્રીરોગ અને તેના નિવારણ વિશે માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ કે, સ્ત્રીઓના પ્રજનન સ્વાસ્થ્ય, માસિક ચક્ર, ગર્ભાવસ્થા અને પ્રજનનક્ષમતા, પૌષ્ટિક આહાર, નિયમિત ચેકઅપ અને ગર્ભાશયની સંભાળ તથા સ્વાસ્થ્ય જાળવવા ગાયનેકોલોજીકલ માર્ગદર્શન ઉપયોગી બની રહે છે. સામાન્ય રીતે દર વર્ષે ગાયનેકોલોજિસ્ટ પાસે પેપ સ્મીયર અને પેલ્વિક તપાસ કરાવવી, જો અનિયમિત, વધુ પડતા કે દર્દનાક માસિક અંગે તકલીફ જણાય તો સ્ત્રીરોગ નિષ્ણાંતની અવશ્ય સલાહ લેવી જોઈએ.

જૂનાગઢનાં જાણીતા ડર્મેટોલોજીસ્ટ ડો. પૂજા ટાંક (કોયાણી)એ બહેનોમાં સામાન્ય રીતે જોવા મળતી વાળ અને ત્વચાની સમસ્યાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ કે, ત્વચા, વાળ અને નખની સમસ્યાઓ માટે સચોટ નિદાન અને સારવાર ઉપલબ્ધ છે.

# મુળીના સરા નજીક એમ્બ્યુલન્સમાં ૧૦૮ની ટીમ દ્વારા પ્રસુતાને કરાવી સફળતાપૂર્વક ડિલિવરી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

મુળી તાલુકાના સરા ગામ પાસે ૧૦૮ એમ્બ્યુલન્સમાં સફળ ડિલિવરીનો બનાવ સામે આવ્યો છે. જે અંગે મળતી માહિતી મુજબ ગ્રામ્ય વિસ્તારની એક પ્રસુતાને રાત્રે અચાનક

પ્રસવ પીડા થતા પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ફરજ પરના ઈએમટી ચેતનભાઈ અને



પાયલોટ ધર્મેન્દ્રભાઈ (ટીકુભાઈ) એ તાત્કાલિક સ્થળ પર પહોંચી એમ્બ્યુલન્સમાં જ સફળતાપૂર્વક ડિલિવરી કરાવી હતી અને ત્યારબાદ માતા અને નવજાત બાળકને વધુ સારવાર માટે ધાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ માતા અને બાળક બંને સ્વસ્થ અને નોર્મલ હોવાનું બહાર આવ્યું છે. આમ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ દ્વારા સમયસર કામગીરી અને સજાગતાથી માતા અને બાળકને સલામત જીવન મળ્યું છે.

# ટી-૨૦ ટાઈટલ પછી હવે ઓલિમ્પિક ગોલ્ડ: કેપ્ટન સૂર્યાનું ટીમ ઈન્ડિયા માટે આગામી મિશન

## વર્લ્ડકપ ટ્રોફી સાથે કેપ્ટ્ન સૂર્યાએ અડાલજ વાવ ખાતે કરાવ્યું ફોટોશૂટ



**અબતક, રાજકોટ**

આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ જીત્યા બાદ ભારતીય ટીમના કેપ્ટન સૂર્યાકુમાર યાદવે પોતાના આગામી મુખ્ય લક્ષ્ય વિશે સ્પષ્ટતા કરી છે. ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે પ્રભાવશાળી વિજય બાદ તેમણે કહ્યું કે હવે તેમનું લક્ષ્ય ૨૦૨૮ સમર ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતવાનું છે.અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં ભારતે ન્યુઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને ઈતિહાસ રચ્યો છે. પહેલા બેટિંગ કરતા ભારતીય ટીમે ૨૫૫ રનનો વિશાળ સ્કોર બનાવ્યો અને પછી, શાનદાર બોલિંગ પ્રદર્શન કરીને ન્યુઝીલેન્ડને ૧૫૯ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં, કેપ્ટન સૂર્યાકુમાર યાદવે જણાવ્યું કે તેમનું આગામી લક્ષ્ય ઓલિમ્પિકમાં દેશ માટે સુવર્ણ ચંદ્રક જીતવાનું છે. તેમણે એ પણ નોંધ્યું કે ટી૨૦ વર્લ્ડ કપની આગામી આવૃત્તિ પણ તે વર્ષે રમાશે, તેથી ટીમ બંને મોટી સિદ્ધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.ભારતનો વિજય ઘણી રીતે ઐતિહાસિક છે. ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપનો સફળતાપૂર્વક બચાવ કરનારી પ્રથમ ટીમ બની છે. યજમાન તરીકે ટ્રોફી જીતનાર તે પ્રથમ દેશ પણ બન્યો છે. આ ભારતનો ત્રીજો ટી૨૦ વર્લ્ડ કપ ખિતાબ છે, જે તેમને ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી સફળ ટીમ બનાવે છે. આ પહેલા, ભારતે ૨૦૦૭ અને ૨૦૨૪માં આ ખિતાબ જીત્યો હતો.

વર્લ્ડ કપની ટ્રોફી સાથે ફોટોશૂટ માટે કેપ્ટન સૂર્યાકુમાર યાદવ અડાલજ વાવ પહોંચ્યો હતો. સીડી પર ઉભા રહીને તેણે પોઝ આપ્યા હતા. આ દરમિયાન તેણે ફેન્સ સાથે સેલ્ફી અને ફોટા પણ પડાવ્યા હતા. રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ઐતિહાસિક મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને સતત બીજી વખત ટી૨૦ વર્લ્ડ કપની ટ્રોફી પોતાને નામ કરી છે.

# અર્શદીપ વિરૂદ્ધ આઈસીસીની કાર્યવાહી, દંડ અને ડિમેરિટ પોઈન્ટ અપાયો

## અર્શદીપનો છેલ્લા ૨૪ મહિનામાં આ પહેલો જ ગુનો હતો અને તેનો અગાઉનો રેકોર્ડ એકદમ સ્વચ્છ હોવાથી તેને માત્ર મેચ ફીનો ૧૫ ટકા જ દંડ ફટકારાયો

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં ન્યૂઝીલેન્ડ સામે ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલ દરમિયાન આઈસીસી આચારસંહિતાના લેવલ ૧નો ભંગ કરવા બદલ ભારતના ઝડપી બોલર અર્શદીપ સિંહને તેની મેચ ફીના ૧૫% દંડ ફટકારવામાં આવ્યો છે અને એક ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. તેમણે આચારસંહિતાની કલમ ૨.૯ નો ભંગ કર્યો હોવાનું જાણવા મળ્યું છે જે આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન કોઈ ખેલાડી પર અથવા તેની નજીક અયોગ્ય અને/ અથવા ખતરનાક રીતે બોલ (અથવા ક્રિકેટ સાધનોની કોઈપણ અન્ય વસ્તુ) ફેંકવા સંબંધિત છે.ઘટના ન્યુઝીલેન્ડના ૨૫૬ રનના



પીછો દરમિયાન ૧૧મી ઓવરમાં બની હતી, જ્યારે અર્શદીપે તેના ફોલો-થ્રુ પર બોલ ફિલ્ડ કર્યો અને તેને સ્ટમ્પ તરફ ફેંક્યો, જેનાથી ડેરિલ મિશેલના પેડ્સ પર વાગ્યો. અર્શદીપ તરત જ માફી માંગ્યા વિના તેના માર્ક પર પાછો ફર્યો, જેના કારણે મિશેલ તેનો સામનો કરવા માટે તેની પાસે ગયો. ભારતના કેપ્ટન સૂર્યકુમાર યાદવ મિશેલ સાથે વાત કરવા માટે આગળ આવ્યો, જ્યારે અમ્પાયર રિચાર્ડ ઈલિંગવર્થ પણ અર્શદીપ સાથે વાતચીત કરતા જોવા મળ્યા.અર્શદીપે આખરે ઓવર પછી મિશેલની માફી માંગી હતી. અર્શદીપે ઘટના અંગે કહ્યું કે, માત્ર મિશેલની માફી માંગવા ગયો હતો, તેણે કહ્યું. મારો થ્રો રિવર્સ-સ્વિંગ થયો અને તેને વાગ્યો તેથી હું તેના માટે માફી માંગવા માંગતો હતો. તે ઈરાદાપૂર્વક નહોતું. બ્લેકકેપ્સ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરાયેલા એક વીડિયોમાં, અર્શદીપ ફરીથી મિશેલની માફી માંગતો જોવા મળ્યો, જેના પછી જોડીએ હાથ મિલાવ્યા હતા.

### ક્રિકેટને રાજકીય બાબતથી દૂર રાખો: હરભજનનો કીર્તિ આઝાદને જવાબ

જીતના આનંદમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવ, હેડ કોચ ગૌતમ ગંભીર અને આઈસીસી ચેરમેન જય શાહે ટ્રોફીને સ્ટેડિયમ પાસેના હનુમાન મંદિરમાં લઈ જઈને આશીર્વાદ લીધા. આ કાર્યને ઘણા લોકોએ ખુબ પસંદ કર્યું, પરંતુ તેના પર વિવાદ પણ થયો.૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કિર્તિ આઝાદે આ વિષય પર સવાલ ઉઠાવ્યા.જો કે ભારતના પૂર્વ દિગ્ગજ સ્પિનર હરભજને આઝાદની ટીકા કરી અને જણાવ્યું હતું કે, મંદિર, મસ્જિદ, ચર્ચ અને ગુરુદ્વારા બધા એક જ છે, બધા એક જ ભગવાન તરફ લઈ જાય છે. વ્યક્તિગત શ્રદ્ધા પર સવાલ ઉઠાવવો શરમજનક છે. ખેલાડીઓને તેમની ઈચ્છા મુજબ કોઈ પણ પૂજા સ્થળે ટ્રોફી લઈ જવાનો અધિકાર છે, અને તેને રાજકીય બનાવવું યોગ્ય નથી.

આ વિવાદથી એક તરફ ટીમની જીતનો આનંદ માણવામાં આવી રહ્યો છે, તો બીજી તરફ ધર્મ અને રાજકારણના મુદ્દા પર ચર્ચા ચાલી રહી છે. હરભજન સિંહની આ પ્રતિક્રિયાએ ઘણા ક્રિકેટ પ્રેમીઓમાં સમર્થન મેળવ્યું છે, જેઓ માને છે કે રમતને રાજકારણથી દૂર રાખવી જોઈએ.

# લ્યો બોલો... ભાવનગરની બેંકમાંથી જ સાયબર ગઠીયા સાત કરોડ ઉસેડી ગયા

## ડિસ્ટ્રિક્ટ કો.ઓપરેટિવ બેન્કની ચાર શાખાઓને નિશાન બનાવી ડેટા સિક્યુરિટી તોડી સાયબર ફ્રોડ

**અબતક, રાજકોટ**

ભાવનગર ડિસ્ટ્રિકટ કો.ઓપરેટિવ બેન્કમાં રવિવારના રોજ સાયબર ગઠિયાઓએ મોટું કૌભાંડ આચર્યું હોવાની વિગતો સામે આવી છે. બેન્કની સિસ્ટમ હેક કરીને અજાણ્યા શખ્સો દ્વારા કરોડો રૂપિયાની રકમ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી દેવામાં આવી છે. આ ઘટનાને પગલે બેન્ક તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપરેટિવ બેન્કની વિવિધ ૮૮ શાખાઓમાં ૧.૨૫ લાખ ખાતેદારોની કરોડોની થાપણો પડેલી છે. ગત રવિવારે



સાયબર ગુનેગારોએ અત્યાધુનિક પદ્ધતિથી બેન્કની સંપૂર્ણ સિસ્ટમ અને ડેટા સિક્યુરિટીને ક્રેક કરી દીધી હતી.

હેકર્સ દ્વારા તળાજા, ભરતનગર, સુભાષનગર અને સિદસર સહિતની શાખાઓમાંથી અંદાજે સાત કરોડ રૂપિયાથી વધુની રકમ ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી.

આજે સોમવારે જ્યારે બેન્ક શરૂ થઈ ત્યારે સિસ્ટમ ખોલતાની સાથે જ આ મોટા કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હેડ ઓફિસ દ્વારા તુરંત જ તમામ ૮૮ શાખાઓમાં લેવડ-દેવડ સહિતની કામગીરી સ્થગિત કરવાના આદેશ આપવામાં આવ્યા હતા. હાલ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

બેન્કની ડેટા સિક્યુરિટી કેવી રીતે હેક થઈ અને આટલી મોટી રકમ ક્યા ખાતાઓમાં ટ્રાન્સફર થઈ તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

સમગ્ર ઘટનાની ગંભીરતાને લઈ તાકીદની અસરથી ૨૫ તજજ્ઞોની ટીમ સાથે સમગ્ર ઘટનાક્રમ અંગે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

### સમય બદલાય રહ્યો છે દુનિયા બદલાય રહી છે

# સમાજમાં ટ્રાન્સજેન્ડરને માન્યતા મળે તેને લઈને સરકાર હરકતમાં

## સરકાર ૨૦૧૯ના જૂના કાયદામાં ફેરફાર કરી રહી છે જેથી ટ્રાન્સજેન્ડર વ્યાખ્યા સ્પષ્ટ થાય અને રક્ષણ મેળવવામાં સરળતા રહેશે

**અબતક, રાજકોટ**

સમયનું ચક્ર હંમેશા પરિવર્તનશીલ હોય છે. એક સમય એવો હતો જ્યારે આપણા જ સમાજના એક અભિન્ન અંગ એવા ટ્રાન્સજેન્ડર સમુદાયને હાંસિયામાં ધકેલી દેવામાં આવતો હતો. જેમને માત્ર તાળીઓ પાડવા કે આશીર્વાદ આપવા પૂરતા મર્યાદિત ગણવામાં આવતા, તેમને સામાજિક સન્માન કે પાયાના અધિકારોથી વંચિત રાખવામાં આવતા હતા. લોકોની નજરમાં તેમના પ્રત્યે આદરને બદલે ઉપેક્ષા અને અસ્વીકારનો ભાવ વધુ જોવા મળતો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના



અધિકારોના રક્ષણ માટેના કાયદા (૨૦૧૯) માં સુધારો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. કેબિનેટ બેઠકમાં આ અંગેના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ ટ્રાન્સજેન્ડરની વ્યાખ્યાને વધુ સ્પષ્ટ અને સર્વસમાવેશક બનાવવાનો છે. સરકાર ૨૦૧૯ના જૂના કાયદામાં ફેરફાર કરી રહી છે જેથી ટ્રાન્સજેન્ડર કોણ ગણાય તેની વ્યાખ્યા વધુ મોટી અને સ્પષ્ટ થાય. આનાથી સાચા લાભાર્થીઓને સરકારી યોજનાઓ અને રક્ષણ મેળવવામાં સરળતા રહેશે.

સુપ્રીમ કોર્ટે પણ તેની ધીમી ગતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. વળી, સાચા લોકોને લાભ મળે અને કાયદાનો દુરુપયોગ ન થાય તે માટે આ સ્પષ્ટતા જરૂરી હતી. અત્યારે કાયદા મુજબ જે વ્યક્તિનો જેન્ડર જન્મ સમયની જાતિ સાથે મેળ ખાતો નથી, તેમને ટ્રાન્સજેન્ડર માનવામાં આવે છે. જેમાં કિન્નર, ઈન્ટરસેક્સ વ્યક્તિઓનો સમાવેશ થાય છે (પછી ભલે તેમણે સર્જરી કરાવી હોય કે નહીં). હવે આ વ્યાખ્યાને વધુ વિગતવાર સમજાવવામાં આવશે.

### કોણ કહે છે કાયદાને સંવેદના હોતી નથી

# વિધર્મી સાથે લગ્ન કરવા ઈચ્છતી યુવતીને આર્થિક - સામાજિક રક્ષણ પૂરૂ પાડતી હાઈકોર્ટ

## ભવિષ્યમાં તેઓ અલગ થાય તો તેવા કિસ્સામાં મહિલા માટે આર્થિક સુરક્ષા તરીકે પુરૂષને રૂ. ૩ લાખ જમા કરાવવા આદેશ આપ્યો

**અબતક, અમદાવાદ**

ન્યાયની દેવીની આંખે પાટા જરૂર હોય છે, પણ તેનું હૃદય અત્યંત સંવેદનશીલ હોય છે. કાયદો હંમેશા પથ્થરની લકીર જેવો જડ નથી હોતો, પણ ક્યારેક તે પિતા જેવી સંવેદનશીલતા પણ ધરાવે છે. ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક આંતરધર્મી યુગલના કેસમાં માત્ર કાયદાકીય મંજૂરી જ નથી આપી, પરંતુ એક વાલી તરીકે યુવતીના ભવિષ્યની આર્થિક સુરક્ષાની પણ ચિંતા કરી છે. આ ચુકાદો સાબિત કરે છે કે ન્યાયતંત્ર સંવેદના અને સુરક્ષાનું મિશ્રણ છે.

ગુજરાત હાઈકોર્ટે મહેસાણા જિલ્લાના એક આંતરધર્મી લિવ-ઈન કપલને સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન નોંધણી કરાવવા નિર્દેશ આપ્યો છે અને ભવિષ્યમાં જો તેઓ અલગ થાય તો તેવા કિસ્સામાં મહિલા માટે આર્થિક સુરક્ષા તરીકે પુરુષને રૂ. ૩ લાખ જમા કરાવવા આદેશ આપ્યો છે. આ કેસમાં અલગ-અલગ ધર્મના ૨૨ વર્ષીય યુવક અને ૨૧ વર્ષીય યુવતી સામેલ હતા જેઓ સાથે રહેતા હતા. તેઓ અલગ થયા બાદ યુવતીને પાલનપુરના મહિલા સંરક્ષણ ગૃહમાં રાખવામાં આવી હતી. યુવકે હાઈકોર્ટમાં અરજી કરી, અલગ થવાને પડકાર્યું અને પોતાની પાર્ટનરની કસ્ટડી માંગી હતી.

આ કપલે 'સ્પેશિયલ મેરેજ એક્ટ' હેઠળ કાયદેસર રીતે લગ્ન કરવા પડશે. ૩ લાખ રકમ પર જે વ્યાજ આવશે તે યુવતીના બેંક ખાતામાં જમા થતું રહેશે. કોર્ટે ૬ અઠવાડિયામાં લગ્નની તમામ કાયદેસરની પ્રક્રિયા પૂરી કરવા આદેશ આપ્યો છે. લગ્ન વિધિ પૂરી ન થાય ત્યાં સુધી યુવતી અમદાવાદના નારી સંરક્ષણ ગૃહમાં રહેશે, પણ લગ્નના ફોર્મ ભરવા જેવી કામગીરી માટે યુવક સાથે જઈ શકશે.

# લોકસભામાં અધ્યક્ષ ઓમ બિરલાનું વર્તન પક્ષપાતી:કોંગ્રેસના ગૌરવ ગોગોઈનો આક્ષેપ

## એલઓપી પર બોલતા રાહુલ ગાંધીને ૨૦ વખત રોક્યા હોવાનો પણ ઉલ્લેખ કર્યો

**અબતક રાજકોટ**

લોકસભામાં ગઈકાલે સ્પીકર ઓમ બિરલાને હટાવવાના વિપક્ષના ઠરાવ પર ચર્ચા કરવામાં આવી હતી. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ બિરલા પર પક્ષપાતી વર્તનનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે સ્પીકરે મહિલા વિપક્ષી સાંસદો સામે ‘‘પાયાવિહોણા’’ આરોપો લગાવ્યા અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ગૃહમાં ‘‘ગંભીર મુદ્દાઓ’’ ઉઠાવતા વારંવાર રોક્યા હતા.કોંગ્રેસના સભ્ય મોહમ્મદ જાવેદે ઠરાવ રજૂ કરવાની નોટિસ વાંચી સંભળાવતા હતા.અસદુદ્દીન ઓવૈસીએ બિરલાએ ભાજપના જગદંબિકા પાલને અધ્યક્ષપદ સોંપવાના નિર્ણય પર સવાલ



ઉઠાવ્યા, કારણ કે તેમને બિરલા દ્વારા અધ્યક્ષપદની પેનલમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ અને ટીએમસી સાંસદોએ એમ પણ કહ્યું કે પાલના ગૃહ દ્વારા ચૂંટાયા નથી, અને છેલ્લા ૭ વર્ષથી ડેપ્યુટી સ્પીકરનું પદ ખાલી હોવાનું જણાવ્યું હતું.સાંસદોને ચૂપ કરવા માટે માઈકનો ઉપયોગ થઈ રહ્યો છે.

કોંગ્રેસ અને ટીએમસી સાંસદોએ એમ પણ કહ્યું કે પાલના ગૃહ દ્વારા ચૂંટવામાં આવ્યા નથી. ડેપ્યુટી સ્પીકરનું પદ સાત વર્ષથી ખાલી છે.જ્યારે ટીએમસી સાંસદ સૌગત રોયે કહ્યું કે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આ હેતુ માટે ખાસ કરીને પ્રિસાઈડિંગ ઓફિસરની નિમણૂક કરવાનો પ્રસ્તાવ રજૂ કરવો જોઈએ, ત્યારે રિજિજુએ કહ્યું કે ઓવૈસીનો દાવો અપ્રસ્તુત છે કારણ કે જ્યારે ઠરાવ લેવામાં આવ્યો ત્યારે પાલ લોકસભાની કાર્યવાહીનું નેતૃત્વ કરવા સક્ષમ હતા.ત્યારબાદ પાલે ઠરાવ રજૂ કરવા માટે નોટિસ પર મતદાન કર્યું અને ઓછામાં ઓછા ૫૦ સાંસદોને તેના સમર્થનમાં ઉભા રહેવા કહ્યું. ત્યારબાદ નોટિસ સ્વીકારવામાં આવી અને જાવેદે ઠરાવ વાંચ્યો, જેને ચર્ચા માટે સ્વીકારવામાં આવ્યો.રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર રાહુલ ગાંધીએ બોલવાનું હતું ત્યારે બિરલાએ ગૃહની અધ્યક્ષતા કેવી રીતે કરી તે અંગે ગૌરવ ગોગોઈએ પ્રશ્નો ઉઠાવ્યા હતા. ‘‘એવી અપેક્ષા હતી કે અધ્યક્ષ તટસ્થ રહેશે. પરંતુ સુધારેલા સંસ્કરણોના સંશોધનથી ખબર પડશે કે કેટલી વાર વિપક્ષના નેતાને વિક્ષેપિત કરવામાં આવ્યા હતા. જ્યારે વિપક્ષના નેતા પોતાના પગ પર હતા, ત્યારે બીજા સભ્યને બોલાવવામાં આવ્યા હતા.

જ્યારે એલઓપી આભાર પ્રસ્તાવ પર બોલવા માંગતા હતા.પણ બોલવા દેવામાં આવતા ન હતા.

### આટલો ‘બેજવાબદાર વિરોધ’ ક્યારેય જોયો નથી: અમિત શાહ



સ્પીકર પદ પરથી હટાવવાના ઠરાવ પર ચર્ચા દરમિયાન , કોંગ્રેસના સભ્ય ગૌરવ ગોગોઈએ મંગળવારે કહ્યું કે કિરેન રિજિજુને સંસદીય બાબતોના મંત્રી તરીકે યાદ કરવામાં આવશે જેમણે વિપક્ષને સૌથી વધુ અવરોધિત કર્યો હતો. તેમની ટિપ્પણીનો રિજિજુએ નહીં, પરંતુ ગૃહમંત્રી અમિત શાહે ઝડપી પ્રતિભાવ આપ્યો .શાહે કહ્યું કે એ સાચું છે કે સંસદીય બાબતોના મંત્રીએ સૌથી વધુ વિક્ષેપ પાડ્યો છે, અને ઉમેર્યું કે તેનું કારણ એ છે કે દેશે આટલો ‘‘બેજવાબદાર વિપક્ષ’’ પહેલાં ક્યારેય જોયો નથી.ગોગોઈની ટિપ્પણી ત્યારે આવી જ્યારે રિજિજુએ તેમના ભાષણ દરમિયાન દરમિયાનગીરી કરી, અને કહ્યું કે આ સ્પીકર પર ચર્ચા હતી, અને જો વિપક્ષ અન્ય મુદ્દાઓ પર વાત કરી રહ્યો હોય, તો ‘‘અમે જવાબ આપીએ છીએ’’ ત્યારે તેમણે વિક્ષેપ ન કરવો જોઈએ. તેવુ કહ્યું હતું.

# વિદાય વેળાએ શાસકોનો વિકાસને વેગ: અનેક પ્રોજેક્ટ્સને લીલીઝંડી

## સ્ટેન્ડિંગ કમિટીના ઈતિહાસમાં સૌથી મોટો નિર્ણય સિક્સ લેન રોડ, અમૃત ૨.૦ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે તિજોરી ખોલી દેતા ચેરમેન નિલેશ કગથરા



જામનગર મહાનગરપાલિકાના વર્તમાન શાસકોની આજે મળેલી આખરી સ્ટેન્ડિંગ કમિટીની બેઠક વિકાસના કામો માટે ઐતિહાસિક બની રહી હતી. ચેરમેન નિલેશ બી. કગથરાના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ માટે રજૂ થયેલી કુલ રૂ૯૭૦.૮૧ કરોડની દરખાસ્તોમાંથી રૂ ૭૦૬ કરોડના કામોને એકસાથે મંજૂરી આપી દેવામાં આવી હતી. આ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી જ ૪૪ જેટલી દરખાસ્તો રજૂ કરીને તેને બહાલી આપવામાં આવી હતી, જ્યારે રૂ૨૬૪ કરોડના કામોને રી-ટેન્ડર કરવાનો નિર્ણય લેવાયો હતો.

### પારદર્શિતા માટે રૂા. ૨૬૪ કરોડના કામોમાં થશે રી-ટેન્ડરિંગ સ્ટે. ચેરમેન નિલેશ કગથરા

વિકાસલક્ષી દરખાસ્તો અન્વયે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી કુલ રૂા. ૭૦૬ કરોડના અંદાજીત ખર્ચને મંજૂરી આપી દેવામાં આવી છે. 'અબતક' સાથેની ખાસ વાતચીતમાં સ્ટેન્ડિંગ ચેરમેન નિલેશ કગથરાએ આ પ્રોજેક્ટ્સ અંગેની આંકડાકીય વિગતો રજૂ કરતા જણાવ્યું હતું કે, રજૂ થયેલ કુલ રૂા. ૯૭૦.૮૧ કરોડની દરખાસ્તો પૈકી રૂા. ૭૦૬ કરોડના ખર્ચને મંજૂરી મળી છે, જેમાં રૂા. ૫૭૬.૪૧ કરોડના કામોનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, પારદર્શિતા જાળવવા માટે રૂા. ૨૬૪.૮૧ કરોડના કામોનું રી-ટેન્ડર કરવામાં આવ્યું છે, જ્યારે અન્ય આનુષંગિક ખર્ચ પેટે રૂા. ૧૨૯.૫૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ માતબર રકમના ખર્ચથી આગામી સમયમાં આંતરમાળખાકીય સુવિધાઓમાં મોટો વધારો થશે અને જનસુવિધાના કામોને વેગ મળશે તેવો આશાવાદ નિલેશ કગથરાએ વ્યક્ત કર્યો હતો.

આ બેઠકમાં ખાસ કરીને શહેરના ટ્રાફિક અને રોડ કનેક્ટિવિટીને ધ્યાને રાખીને ગુલાબનગરથી ધુંવાવ સુધી અને સમર્પણ સર્કલથી ખંભાળીયા બાયપાસ સુધીના રસ્તાઓને સિક્સ લેન વાઈડનીંગ કરવાની મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૬-૨૭ હેઠળ આંતરમાળખાકીય સુવિધાઓ માટે રૂ૩૨૪ કરોડ અને શહેરી સડક યોજના માટે રૂ૮૮ કરોડના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. શહેરની સુંદરતા વધારવા માટે અમૃત ૨.૦ યોજના હેઠળ રણમલ લેક પાર્ટ-૨ અને પાર્ટ-૩ ના ડેવલોપમેન્ટ માટે રૂ૭૮૫ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે. બેઠકમાં એક મહત્વપૂર્ણ નીતિવિષયક નિર્ણય લેતા જણાવાયું હતું કે, શહેરના ગૌરવ પથ પર હવેથી કોઈ પણ રેકડી-પથારાવાળાઓને મંજૂરી આપવામાં આવશે નહીં કે પાર્કિંગ માટે જગ્યા ફાળવાશે નહીં, જેથી શહેરની સુંદરતા અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે. આ સાથે જ ફાયર ફાઈટર વાહનોની ખરીદી, સીટી બસ સેવા માટે ટીકીટીંગ સર્વિસ અને વિવિધ ઝોનમાં નવી પાઈપલાઈન નાખવાના કામોને પણ મંજૂરી મળી છે. અંતમાં, ચેરમેન અને કમિશનરે પોતાના કાર્યકાળના સફળ સમાપન બદલ તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

### વહીવટદાર તરીકે પૂર્વ ડીડીઓ આરતી કંવર કાર્યભાર સંભાળશે

જામનગર મહાનગરપાલિકામાં ગઈકાલે ચૂંટાયેલી પાંખની છેલ્લી સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી, જેમાં વિકાસના કામોનો ધોધ વહાવતા રૂ ૭૦૬ કરોડની દરખાસ્તો મંજૂર કરવામાં આવી હતી. ચેરમેન નિલેશ કગથરાના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં શહેરના મુખ્ય માર્ગોને સિક્સ લેન કરવા, નવા ફાયર ફાયટરોની ખરીદી અને ગૌરવ પથ પરથી દબાણો દૂર કરવા જેવા મહત્વના નિર્ણયો લેવાયા હતા.

બીજી તરફ, રાજ્યની છ મહાનગરપાલિકાઓની સાથે જામનગરમાં પણ ચૂંટાયેલી પાંખની પાંચ વર્ષની મુદત પૂરી થઈ છે. ચૂંટણી પ્રક્રિયામાં વિલંબને કારણે આજથી શહેરમાં વહીવટદાર શાસન અમલી બન્યું છે. જામનગરના વહીવટદાર તરીકે રાજ્યના ચીફ ટેક્સ કમિશનર આરતી કંવરની નિમણૂંક કરવામાં આવી છે. તેઓ અગાઉ જામનગરમાં ડીડીઓ તરીકે સેવા આપી ચૂક્યા હોવાથી શહેરના પ્રશ્નોથી સુમાહિતગાર છે. હવે જ્યાં સુધી નવી ચૂંટણી ન યોજાય ત્યાં સુધી શહેરના વહીવટી નિર્ણયો વહીવટદાર હસ્તક રહેશે.

# સાંસદ પૂનમબેન માડમ સાથે હાલારના પત્રકારોએ સંસદ ભવનની મુલાકાત લીધી

## જામનગર અને દેવભૂમિ દ્વારકાના પત્રકારો માટે વિશેષ 'સંસદ મુલાકાત'નું આયોજન




જામનગર અને દેવભૂમિ દ્વારકાના પત્રકારો માટે વિશેષ 'સંસદ મુલાકાત'નું આયોજનજામનગર-દ્વારકાના સાંસદ પૂનમબેન માડમ દ્વારા પત્રકાર જગત માટે એક પ્રેરણાદાયી અને ગૌરવપૂર્ણ પહેલ કરવામાં આવી છે. હાલાર પંથકના પત્રકારો લોકશાહીની કાર્યપ્રણાલી અને આધુનિક ભારતની ઓળખ સમાન સ્થાપત્યથી માહિતગાર થાય તેવા ઉમદા હેતુથી ખાસ 'સંસદ મુલાકાત' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સક્રિય પત્રકારોના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે ભારતીય લોકશાહીના સર્વોચ્ચ મંદિર સમાન નવા સંસદ ભવનની મુલાકાત લીધી હતી. પત્રકારોએ સંસદની ભવ્યતા, આધુનિક સુવિધાઓ અને સંસદીય કામગીરીને નજીકથી નિહાળી હતી. સાંસદ પૂનમબેન માડમની આ સંવેદનશીલ પહેલને કારણે પત્રકારોએ રાષ્ટ્રીય સ્તરની લોકશાહી પ્રક્રિયાને સમજવાની અમૂલ્ય તક મળી હતી. હાલારના પત્રકાર આલમે આ મુલાકાત બદલ સાંસદનો આભાર વ્યક્ત કર્યો હતો અને આ પહેલને પત્રકારત્વના ક્ષેત્રમાં એક સકારાત્મક પ્રોત્સાહન ગણાવ્યું હતું.

# સોલાર પાવર ક્ષેત્રે ગુજરાતનો દેશભરમાં ડંકો ૧૨,૧૫૦ મેગાવોટની ક્ષમતા સાથે પ્રથમ ક્રમે

## સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નનો કેન્દ્રીય મંત્રીએ આપ્યો લેખિત જવાબ; સોલાર પાર્ક યોજના હેઠળ ગુજરાતમાં ૭ પ્રોજેક્ટ્સને મંજૂરી

ભારત સરકારની ''સોલાર પાર્ક અને અલ્ટ્રા મેગા સોલાર પાવર પ્રોજેક્ટ્સ વિકાસ'' યોજના હેઠળ ગુજરાત રાજ્ય ૧૨,૧૫૦ મેગાવોટની મંજૂર વીજ ઉત્પાદન ક્ષમતા સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો લેખિત પ્રત્યુત્તર આપતા કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઊર્જા રાજ્યમંત્રી શ્રીપાલ યેસો નાઈકે આ મહત્વપૂર્ણ વિગતો રજૂ કરી હતી.



કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં દેશમાં કુલ ૫૪ સોલાર પાર્કને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી ૭ વિશાળ સોલાર પાર્ક એકલા ગુજરાતમાં કાર્યરત કે નિર્માણ હેઠળ છે. ગુજરાત બાદ રાજસ્થાન ૧૦,૭૨૬ મેગાવોટની ક્ષમતા સાથે બીજા ક્રમે છે. ગુજરાતમાં ખાસ કરીને કચ્છ જિલ્લામાં ગઝડઈ છીઊ પાર્ક (૪,૭૫૦ ખઠ) અને ત્રજીઊઈક છીઊ પાર્ક (૩,૩૨૫ ખઠ) જેવા મોટા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જ્યારે બનાસકાંઠાના રાધાનેસડા અને અમદાવાદના ધોલેરામાં પણ મહત્વના સોલાર પાર્ક આકાર લઈ રહ્યા છે.

પ્રોજેક્ટના અમલીકરણમાં આવતા પડકારો અંગે મંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે જમીન સંપાદન, ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેરિફ અપનાવવામાં થતા વિલંબ જેવી મુશ્કેલીઓને દૂર કરવા માટે મંત્રાલય રાજ્યો અને હિતધારકો સાથે સતત સંપર્કમાં છે. નથવાણીએ દેશમાં સોલાર પ્રોજેક્ટ્સના લક્ષ્યાંકો અને સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંઓ અંગે વિગતો માંગી હતી, જેના જવાબમાં ગુજરાતે મેળવેલી આ સિદ્ધિની વિગતો સામે આવી છે.

# પેટ્રોલ-ડીઝલ ખૂટી જવાની અફવાને લઈને પંપો પર વાહનોની લાંબી કતારો

## નયારાના પંપો પર સપ્લાય ખોરવાતા અફડાતફડી; ભાવ વધારા અને ખાડી યુદ્ધની ચર્ચાએ લોકોમાં ફાળ પાડી

જામનગરમાં ગઈકાલ સાંજથી જ પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ખલાસ થઈ જશે તેવી અફવા વાયુવેગે ફેલાતા શહેરીજનોમાં ભારે ગભરાટ જોવા મળ્યો હતો. શહેરના મોટાભાગના પેટ્રોલ પંપો પર મોડી રાત સુધી ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનોની લાંબી કતારો લાગી હતી, જેના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.



ખાસ કરીને નયારા કંપનીના પંપો પર સપ્લાય અટકતા અને જથ્થો ખાલી થઈ જતાં લોકો અન્ય પંપો પર ઉમટી પડ્યા હતા. સંભવિત ભાવ વધારા અને ખાડી યુદ્ધની અસરોની ભીતિ વચ્ચે લોકોમાં એવી ફાળ પડી હતી કે આગામી દિવસોમાં ઈંધણ નહીં મળે. જોકે, આ માત્ર એક અફવા હોવાનું ચર્ચાઈ રહ્યું છે, છતાં ભીડને કાબૂમાં લેવી મુશ્કેલ બની હતી.

# જામજોધપુર પંથકના ફૂલનાથ મહાદેવ પાસે જળ-સંચયના કાર્યનો પ્રારંભ




જામનગર તા ૧૦, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના જળ-સંચય અભિયાન ના આહ્વાન ને ઝીલીને રોટરી કલબ ઓફ જામનગર અને બી.જે.એસ. - જૈન સંગઠન ફાઉન્ડેશન- જામનગર દ્વારા જામનગર જીલ્લા ના ૨૮ થી વધુ ગામો ને પસંદ કરી તળાવ, ચેક-ડેમ જેવા જળ-સ્તોત્રો માંથી માટી-કાંપ કાઢી દરેક ગામ માં ૧.૨૫ કરોડ લીટર થી વધુ વર્ષા-જળ સંચય થાય તેવું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવેલું છે.

આ શ્રુંખલા માં જામજોધપુર તાલુકા ના વિખ્યાત ફૂલનાથ મહાદેવ મંદિર પાસે આવેલા તળાવ માં થી માટી-કાંપ દુર કરી જળ સંગ્રહ ક્ષમતા વધારવા ના કાર્યું નું મુહુર્ત ૮મી માર્ચે ફૂલનાથ મહાદેવ મંદિર ના મહંત શ્રી નાં આશીર્વાદ સાથે કરવામાં આવ્યું હતું. સડોદર ના સરપંચ , બુટાવદરા ના સરપંચ , સડોદરના જૈન અગ્રણી મધુભાઈ મહેતા, ધુન-ધોરાજીના અગ્રણી મોહિતભાઈ અજુડિયા, જીલ્લા-પંચાયતના અધિકારીઓ, તથા જૈન સંગઠન ફાઉન્ડેશન જામનગર ના પ્રમુખ જીગ્નેશભાઈ શાહ, નવીનભાઈ કોઠારી, આશિષભાઈ દોશી, કૌશલભાઈ મોદી ની ઉપસ્થિતિ માં મહંત સુંદરનાથજી બાપુના આશીર્વચન અને નવકારમંત્રના પઠન સાથે જળ-સંચયના કાર્ય નો શુભ આરંભ કરવામાં આવ્યો હતો.

જળ-સંચય ના આ કાર્ય થી આ વિસ્તાર માં એક કરોડ લીટર થી વધુ વર્ષા જળ સંચિત થતા જે આસપાસ ના અનેક લોકોને તથા પશુ-પક્ષી, ઢોર-ઢાંખર માટે મુલ્યવાન થશે.

# ત્રણ સ્થળે વિદેશી દારૂના દરોડા: ત્રણની ધરપકડ

## ૫૧ બોટલ શરાબ, ૭૨ બીયરના ટીન અને કાર મળી રૂા.૩.૮૨ લાખનો મુદ્દામાલ કબ્જે

જામનગરમાંથી વધુ એક વખત દારૂનો જથ્થો ઝડપાયો છે. પોલીસે રણજીતનગર નેવલ પાર્ક પાસેથી કારમાં થતી દારુની હેરાફેરીનો પર્દાફાશ કરી એક શખ્સને દબોચી લીધો હતો.

જામનગર સીટી સી ડીવીઝન પોલીસે શહેરના રણજીતનગર નેવલ પાર્ક પાસે બ્લોક નં-જી.૩ સામે દરોડો પાડી આરોપી કપીલ રાજુભાઈ ધનવાણી (ઉવ-૩૧ રહે. દિ-પ્લોટ-૬૧ જોલી બંગલો બંશી ડેરીનીબાજુમાં જામનગર) ને ક્રેટા કાર જી.જે.૦૫.જે.એન.૮૮૯૯ માં દારૂની હેરાફેરી કરતો પકડી પાડ્યો હતો.

કારની તલાસી લેતા રૂ. ૫૬૦૦૦ ની કિંમતની ૧૧૨ બોટલ દારૂ, ૯૨૦૦ ની કિંમતના ૪૬ ચપટા અને ૧૫૮૪૦ રૂપિયાની કિંમતના ૭૨ ટીન બીયર નો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કાર રૂ.૩,૦૦,૦૦૦ સહિત કિ.રૂ.૩,૮૧,૦૪૦ ના મુદામાલ સાથે કપીલને દબોચી લીધો હતો. જ્યારે તપાસમાં મનીષ ઉર્ફે મનીયો પલી દામા (રહે.નંદનવન રણજીતસાગર રોડ જામનગર) ની સંડોવણી સામે આવતા તને ફરારી જાહેર કરાયો છે. ગુલાબનગર, આહિર સમાજની વાડી પાસે રહેતો પારસ સુભાષભાઈ માજુસા નામનો શખ્સ એ-ડિવિઝન પોલીસે તલાસી લેતા અને ઈંગ્લિશ દારૂની ૩ નાની બાટલી મળી આવતા પકડી પાડી રૂ.૪૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે ફિરોજ ઉર્ફે મુન્નો જુમાભાઈ બાબવાણી નામના શખ્સ પાસેથી ઈંગ્લિશ દારૂની ૨ નાની બાટલી સાથે ઝડપી લઈ રૂ.૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# યાત્રાધામ હર્ષદની ૨૫ કરોડના ખર્ચ થશે કાયાપલટ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

દ્વારકા જિલ્લામાં યાત્રાધામ હર્ષદનો વિકાસ કરીને યાત્રાનું સ્થળ બનાવવા માટે રાજય સરકારમાંથી પૂર્વ રાજયમંત્રી તથા હરસિધ્ધિ માતાજીના પરમ ભકત મુળુભાઈ બેરા, સાંસદ પુનમબેન માડમ તથા ધારાસભ્ય પબુભા માણેકના પ્રયાસોથી વિકાસ વંતુ થતાં પ્રવાસન સ્થળ તરીકે ઉભરી રહ્યું છે.

કરોડોના ખર્ચે રાજય સરકાર દ્વારા થોડા સમય પહેલા જ હરસિધ્ધિ વન બનાવતા રોજ હજારો યાત્રિકો દ્વારકાની જેમ અહીં પણ આવતા થયા છે. ત્યારે હરસિધ્ધી મંદિરની બન્ને તરફ ફોર ટ્રેક રોડ ૬૬ કરોડના ખર્ચે બનાવવા પીડબલ્યુડી તંત્ર દ્વારા આયોજન થયું હોય તેનું ટેન્ડરીંગ પૂર્ણ થઈ જતા તાજેતરમાં કામ પણ શરુ કરાયું હતું. ૬૬ કરોડના ખર્ચે ફોર ટ્રેક રોડ મંદિરની બાજીએથી થઈ નીકળશે અને એક તરફનો રસ્તો દરીયાની ખાડી પુરીને બનાવાશે.

# મહાનગરપાલિકાના બે પૂર્વ વિપક્ષી નેતાઓ વચ્ચેનો ગજગ્રાહ ફરી સપાટીએ

જામનગર મહાનગરપાલિકાના બે પૂર્વ વિપક્ષી નેતાઓ વચ્ચેનો ગજગ્રહ ફરીથી સામે આવ્યો છે. અગાઉ પૂર્વ વિપક્ષના નેતા વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર ઉપર હુમલો કરાયો હતો, જેનું મનદુ:ખ રાખીને તેનાજ મોટાભાઈની હોટલમાં તોડફોડ કરી હુમલો કરાયો હતો. જે મામલે પૂર્વ વિપક્ષી નેતા અને કોંગી કોર્પોરેટર ના ત્રણ પિતરાઈ ભાઈઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં પટણીવાડ ટીટોડીફળી માં રહેતા પૂર્વ વિપક્ષી નેતા અસલમ ખીલજીના મોટાભાઈ રફિકભાઈ કરીમભાઈ ખિલજી (૫૭), કે જેઓએ પોતાની હોટલમાં તોડફોડ કરી નુકશાની પહોંચાડવા અંગે તેમજ પોતાને તેમજ હોટલ કારીગરને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે પૂર્વ વીપક્ષી નેતા અને કોંગી કોર્પોરેટર અલ્તાફ ખફીના પિતરાઈ ભાઈઓ તબરેજ ખફી, મોહમ્મદ ઈકબાલ ખફી, તેમજ શાહીદ ખફી સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર બંને પૂર્વ વિપક્ષી નેતાઓ વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યો છે, અને અલ્તાફ ખફીના કહેવાથી તેના માણસો દ્વારા થોડા સમય પહેલાં અસલમ ખીલજી ઉપર મહાનગરપાલિકાના ગેઈટ પાસે હુમલો કરાયો હતો. જેમાં તે ઈજાગ્રસ્ત બન્યા હતા, અને હાલ તેઓ પોતાના ઘેર સારવાર લઈ રહ્યા છે.

આ વાતનું મનદુ:ખ રાખીને અલ્તાફ ખફીને ત્રણ પિતરાઈ ભાઈઓએ ગત ૨૦મી તારીખે અસલમ ખીલજીના મોટાભાઈ રફિકભાઈ ની હોટલમાં આવીને હંગામો મચાવી તોડફોડ કરી હતી, અને હુમલો કરી દીધો હતો. સીટી એ. ડિવિઝન ના એએસઆઈ એમ.એમ. ચંદ્રપાલ અને તેઓની ટીમેં ત્રણ શખ્સો સામે ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

## સિટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળની 'શી ટીમ' દ્વારા

# આણદાબાવા સેવા સંચાલિત વૃદ્ધાશ્રમમાં વડીલ વંદનાનો કાર્યક્રમ યોજાયો



બાળાઓ સાથે મહિલા સુરક્ષાકર્મીઓએ કેક કટીંગ કરી શક્તિ વંદનાનું અનોખુ ઉદાહરણ પ્રસ્તુત કરવામાં આવ્યુ હતું. સિટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન

જામનગરના જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની તથા નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ સિટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળ ની 'શી ટીમ' દ્વારા લીમડા લાઈન વિસ્તારમાં આવેલી આણદાબાવા સેવા સંસ્થા સંચાલિત વૃદ્ધાશ્રમમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. ૫૫ વડીલો અને મૂકબધિર ની સી. ટિમ ના મહિલા પી.એસ.આઈ. મયુરીબેન મહેતા અને સમગ્ર ટીમ દ્વારા બાળાઓને વિશેષ રૂપે રમતો રમાડવામાં આવી હતી, અને તેઓના ઉત્સાહમાં વધારો કરાયો હતો.

# રીક્ષા ચાલક પર જૂની અદાવતના કારણે હુમલો

## મહિલા સહિત ચાર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

જામનગરના રામેશ્વર નગર વિસ્તારમાં રહેતા એક રીક્ષા ચાલક ઉપર જુના મનદુ:ખના કારણે હુમલો કરાયો છે, જે મામલે એક મહિલા સહિત ચાર સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરના રામેશ્વર નગર વિસ્તારમાં રહેતા અને રિક્ષા ચલાવતા ધનરાજસિંહ નવલસિંહ પરમાર નામના ૨૫ વર્ષના યુવાનને ધંધા ખારના કારણે અગાઉ ઝઘડો થયો હતો, જેનું મનદુ:ખ રાખીને રાજેન્દ્રસિંહ પરમાર સહિતના શખ્સોએ તકરાર કરીને હુમલો કરી દીધો હતો.

જેને છરી અને લાકડાના ધોકા વડે ના હુમલામાં ઈજા થઈ હોવાથી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડે છે અને ટાંકા લેવાયા છે. આ બનાવ મામલે વનરાજસિંહ નવલસિંહ પરમાર નામના રીક્ષા ચાલકે પોતાના ઉપર હુમલો કરવા અંગે રાજેન્દ્ર સિંહ પરમાર, દિવ્યરાજ સિંહ પરમાર, અર્જુનસિંહ પરમાર, અને ઈન્દુબા નામની મહિલા સામે ફરિયાદ નોંધાવી છે. જે મામાલે પીએસઆઈ એસ.જી. કેશવાલા વધુ તપાસ ચલાવે છે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં

# “પંજા”ના પ્રતીક પરથી કોર્પોરેશનની ચૂંટણી લડવી છે? ક્યું આર કોડ સ્કેન કરો

## મહાપાલિકાની ચૂંટણી લડવા ઈચ્છુકો ક્યુઆર કોડ સ્કેન કરી અરજી કરી શકશે

### જુનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે અમિત પટેલની વરણી

### ખેડાના પ્રમુખપદે મહેન્દ્રસિંહ રાણાની નિયુકિત

સ્થાનીક સ્વરાજયની ચુંટણીના આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ હાઈ કમાન્ડ દ્વારા જુનાગઢ અને ખેડા જીલ્લા કોંગ્રેસ પ્રમુખના નામની જાહેરાત કરવામાં આવી છે. જુનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે અમિતભાઈ પ્રવિણભાઈ પટેલની નિયુકિત કરવામાં આવી છે. જયારે ખેડા જિલ્લાના પ્રમુખ તરીકે મહેન્દ્રસિંહ બનેસિંહ રાણાની વરણી કરવામાં આવી છે.



**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી માટે કોંગ્રેસ દ્વારા આજથી આગામી ૨૦મી માર્ચ સુધી કવાયત હાથ ધરવામાં આવશે. નિરીક્ષકો રૂબરૂ થઈ ઈચ્છુકોને સાંભળીને પેનલ તૈયાર કરવામાં આવશે. દરમિયાન મહાપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રતીક પરથી ચૂંટણી લડવા ઈચ્છુકો માટે એક ક્યુઆર કોડ લોન્ચ કરવામાં આવ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાવાની છે. સીમાંકનની પ્રક્રિયાને કારણે આ ચૂંટણીઓમાં વિલંબ થયો હતો, પરંતુ હવે રાજ્યભરમાં ચૂંટણી માટેની તૈયારીઓ (અનુ. આઠમા પાને)

### કોંગ્રેસ ૧૦,૦૦૦ બેઠકો પરથી ચૂંટણી લડવાની વાત કરે છે, તેટલા કાર્યકરો છે ખરા? ભાજપનો સવાલ

#### પાંચ વર્ષે માત્ર ચૂંટણી ટાણે જ દેખાતા કોંગ્રેસના નેતાઓને આ વખતે પણ જનતા આકરો પાઠ ભણાવશેઃ ડો.અનિલ પટેલ

સ્થાનિક સ્વરાજ્યની ૧૦ હજાર બેઠકો પર ચૂંટણી લડવાની વાતો કરતી કોંગ્રેસ પાસે વાસ્તવમાં ૧૦ હજાર સક્રિય કાર્યકરો પણ નથી બચ્યા. ૧૫ મહાનગરોમાં ઉમેદવારો શોધવા માટે કોંગ્રેસે ક્યુઆર કોડનો સહારો લેવો પડે છે, તે જ સાબિત કરે છે કે કોંગ્રેસ પાસે જમીની સ્તર પર કોઈ સક્ષમ ઉમેદવાર બચ્યા નથી.

યુવા પ્રતિનિધિત્વ અંગે કોંગ્રેસ પર કટાક્ષ કરતા તેઓએ જણાવ્યું કે, કોંગ્રેસ ૫૦ ટકા યુવાનોને ટિકિટ આપવાની વાતો કરે છે, પરંતુ તેમની ચૂંટણી સમિતિમાં બેઠેલા નેતાઓની ઉંમર જોતા જ તેમની કથની અને કરણી વચ્ચેનો તફાવત સ્પષ્ટ થઈ જાય છે.

મતદાર યાદી સુધારણા મુદ્દે કોંગ્રેસની બેવડી નીતિને ખુલ્લી પાડતા ડો. પટેલે પ્રશ્ન કર્યો હતો કે, જો કોંગ્રેસ આ પ્રક્રિયા માટે ગંભીર હતી, તો ૨૦૦૪ થી ૨૦૧૪ દરમિયાન યુપીએ સરકારમાં શા માટે આ પ્રક્રિયા ન કરી? વાસ્તવમાં કોંગ્રેસે જે ડુપ્લીકેટ અને ડબલ મતદારો ઊભા કર્યા હતા, તેમના નામ કમી (અનુ. આઠમા પાને)

# રાજકોટ સહિત ૬ જિલ્લામાં આજે ઓરેન્જ એલર્ટઃ ૧૨ જિલ્લામાં યલો એલર્ટ જાહેર

## રાજયના અનેક વિસ્તારોમાં આજે મહતમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીની પાર પહોચશે

### રાજકોટ ૪૨ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેરઃ રાજયના આઠ શહેરોમાં મહતમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર

| કયાં શહેરનું કેટલુ તાપમાન | |
|---|---|
| રાજકોટ | ૪૨ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૧.૭ ડિગ્રી |
| અમદાવાદ | ૪૧.૪ ડિગ્રી |
| વલ્લભ વિદ્યાનગર | ૪૧.૩ ડિગ્રી |
| દિવ | ૪૧.૩ ડિગ્રી |
| વડોદરા | ૪૧ ડિગ્રી |
| ડિસા | ૪૧ ડિગ્રી |
| ભૂજ | ૪૧ડિગ્રી |
| ગાંધીનગર | ૪૦.૮ ડિગ્રી |
| સુરત | ૪૦.૨ ડિગ્રી |
| અમરેલી | ૪૦.૩ ડિગ્રી |
| પોરબંદર | ૪૦.૯ ડિગ્રી |
| વેરાવળ | ૪૦.૮ ડિગ્રી |
| મહુવા | ૪૦.૬ ડિગ્રી |

**અબતક, રાજકોટ**

ઉનાળાના આરંભે સૂર્ય નારાયણ લાલચોળ બની આકાશમાંથી આગ ઓકી રહ્યા છે. માર્ચના બીજા સપ્તાહમાં જ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ આંબી ગયો છે. દરમિયાન આજે હવામાન વિભાગ દ્વારા રાજયના છ શહેરોમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જયારે ૧૨ જિલ્લાઓમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આજે અનેક શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રીને પાર થઈ જશે.

મંગળવારે ૪૨ ડિગ્રી સાથે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. આઠ શહેરોમાં મહતમ તાપમાન ૪૧ ડિગ્રીથી વધુ નોંધાયું હતુ. દરમિયાન આજે રાજયના છ જિલ્લાઓમાં ગરમી માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજકોટ ઉપરાંત સુરેન્દ્રનગર, કચ્છ, પાટણ અને બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં આજે મહતમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર પહોચશે. તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે.

આ ઉપરાંત ભાવનગર, બોટાદ, અમરેલી, વડોદરા, સુરત, અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. મંગળવારે સૂર્યનારાયણ જાણે આગ ઓકતા હોય તેવી અંગ દઝાડતી ગરમીનો અહેસાસ ગુજરાતની જનતાએ કર્યો હતો. અમદાવાદનું મહતમ તાપમાન ૪૧.૪ ડિગ્રી ડિસાનું મહતમ તાપમાન ૪૧ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦.૮ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૪૧.૩ ડિગ્રી, (અનુ. આઠમા પાને)

## રાત ઉજાગરા પણ બંધ થશે

# ખેડૂતોને એક જ શિફ્ટમાં સળંગ આઠ કલાક વીજળી આપશે સરકાર

### સવારે ૭ થી સાંજના ૫ વાગ્યા સુધી સિંચાઈ માટે વીજળી આપવા માટેનું આયોજન

**અબતક, રાજકોટ**

રાજય સરકાર દ્વારા હાલ ખેડુતોને અલગ અલગ બે શિફ્ટમાં આઠ કલાક વીજળી આપવામાં આવે છે. રાત્રિના સમયે પણ વીજળી આપવામાં આપવતી હોવાના કારણે જગતાતે નાછુટકે રાત ઉજાગરા વેઠવા પડે છે. હવે ખેડૂતોને સવારે ૭ વાગ્યાથી લઈ સાંજના ૫ વાગ્યા સુધી એક જ શિફ્ટમાં સળંગ આઠ કલાક વીજળી આપવામાં આવશે.

ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, ધાર્મિક, પર્યટક સ્થળો અને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં વીજ સુરક્ષા વધારવા માટે અંડરગ્રાઉન્ડ કેબલિંગ કરવા વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂ. ૭૪.૬૦ કરોડનો ખર્ચ કરાયો છે અને ૨૦૨૬-૨૭ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

રાજ્ય સરકારના ભવિષ્યલક્ષી અભિગમ અંતર્ગત જેમ જેમ સૂર્ય ઊર્જાની ઉપલબ્ધતા વધતી જાય તેમ બે શિફ્ટના બદલે સવારે ૭.૦૦ થી સાંજે ૫.૦૦ દરમ્યાન એક જ શિફ્ટમાં ખેડૂતોને આઠ કલાક સંપૂર્ણપણે દિવસે વીજળી આપવાનું આયોજન છે.

યાત્રાધામ વિકાસ માટે રાજ્યના યાત્રાધામોમાં સતત અને ગુણવત્તાયુકત વીજ પુરવઠો જળવાઈ રહે અને વીજ સુરક્ષાનું સ્તર વધે તથા સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન મળે તે હેતુસર યાત્રાધામોને ગ્રીન એન્ડ સેફ ઝોનમાં વિકસિત કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૭માં નવી બાબત તરીકે રૂ. ૧૦૦ કરોડ ની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાત વાયર ફ્રી સીટી મિશન અંતર્ગત રાજ્યના શહેરી વિસ્તારોમાં હયાત ઓવરહેડ લાઈન જેવી કે ૬૬ કેવી, ૧૧કેવી તથા એલ.ટી. લાઈનોને અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરિત કરવા, શહેરી વિસ્તારોમાં વીજ પુરવઠાની વિશ્વસનીયતા અને ગુણવત્તામાં સુધારો કરવા તેમજ જાહેર સલામતી અને શહેરોની સુંદરતામાં વધારો કરવા તથા રાજ્યને કોમનવેલ્થ અને ઓલમ્પિક રેડી બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. જે અંતર્ગત, તબક્કાવાર તમામ મહાનગરપાલિકાઓ અને (અનુ. આઠમા પાને)

# ગુજરાતમાં હવે 'એસેટ સૅફ્ટી મોનિટરિંગ પોર્ટલ': રોડ-બ્રિજનું સતત નિરીક્ષણ થશે

### રાજ્યની ૧.૫ લાખથી વધુ સરકારી સંપત્તિઓનું થશે ડિજિટલ મોનિટરિંગ

#### જીએડીનું મોનિટરિંગ સેલઃ ઉચ્ચ કક્ષાએથી સીધી નજર

જીએડીમાં રચાયેલ ડેડિકેટેડ એસેટ સેફ્ટી મોનિટરિંગ સેલ રાજ્ય કક્ષાએ ડેલી મોનિટરિંગ કરશે તથા મુખ્ય સચિવને નિયમિત રિપોર્ટ સોંપશે. આ વ્યવસ્થા મુખ્યમંત્રીની નેમ તથા ગ્રાઉન્ડ ઈમ્પ્લિમેન્ટેશન વચ્ચે કોઈ અંતર ન રહે; એ સુનિશ્ચિત કરશે. આમ; મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો એસેટ સેફ્ટી મોનિટરિંગ પોર્ટલ લાગુ કરવાનો નિર્ણય ગુજરાતના વહીવટી ઈતિહાસમાં એક માઈલ સ્ટોન સાબિત થશે. આ માત્ર એક પોર્ટલ નથી; પણ સલામત, પારદર્શક અને વિશ્વાસનીય ગુજરાતના મજબૂત પાયા સમાન છે.

**અબતક, રાજકોટ**

નાગરિકોની સલામતી તથા જાહેર મિલ્કતોના સંરક્ષણને ટોચની પ્રાથમિકતા આપતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે 'એસેટ સેફ્ટી મોનિટરિંગ પોર્ટલ' અમલી બનાવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન હેઠળ કરવામાં આવેલા આ નિર્ણય સાથે જ; હવે રાજ્યમાં હયાત રોડ, બ્રિજ, બિલ્ડિંગ સહિત તમામ સરકારી તેમજ જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું રાજ્ય કક્ષાએથી ઈન્ટીગ્રેટેડ મોનિટરિંગ થશે કે જેથી કોઈ પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામાન્ય પ્રજાની સલામતી માટે જોખમકારક ન બને.

આ નિર્ણય માત્ર એક ટેક્નિકલ ઈનોવેશન નથી; પણ (અનુ. આઠમા પાને)